


卐 "સૃષ્ટિ સ્વરૂપ અને ઈશ્વરવાદ" 卐

પ્રવચન ૩ | [૩] | અષાઢ વદ ૧૦

રવિવાર | | તા. ૭-૮-૮૮

"નવકારનું પ્રથમ પદ- નમો અરિહંતાણું"

# "સૃષ્ટિ સ્વરૂપ અને ઈશ્વરવાદ"

નમસ્કરણીય,....વંદનીય,... પૂજનીય....આદરણ ....મહામન્ત્રના અધિષ્ઠાતા પંચ પરમેષ્ઠિભગવનં અનન્તાનન્ત નમસ્કાર કરવા પૂર્વક....

ताव न जायइ चित्तोण, चिंतियं पत्थिर
काएण समाढत्त जाव न सरिओ न

—મન-ચિત્તથી ચિન્તવેલું કામ, વચનરે કરેલું કામ, અને કાયા-શરીરથી આરંભેલું કાર્ય થતું નથી કે જ્યાં સુધી પંચપરમેષ્ઠિ મંગલસ્વરૂપ નમસ્કારમહામંત્રનું સ્મરણ કરવામાં નથી આવતું.

આ ગ્રંથના અભ્યાસનું કાર્ય પુર્ણ થતા તરતજ પરત કરવા વિનંતી છે. જેથી બીજાને અભ્યાસમાં ઉપયોગી થાય.

શ્રી નમસ્કાર મહામંત્રની પ્રવચનમાળા ચાલી રહી છે. એમાં શ્રી નવકારનું અસ્તિત્વ એની વ્યાપકતા ચૌદે રાજલોકના સમસ્ત બ્રહ્માંડમાં પ્રસરેલી છે. "ઉર્ધ્વ-અધો અને તિર્ચ્છાલોક એવા ત્રણે લોકથી વ્યાપ્ત જે ચૌદ રાજલોક પ્રમાણ સમસ્ત બ્રહ્માંડ છે એમાં તો નવકાર સર્વત્ર વ્યાપ્ત છે. નવકાર મહામંત્રમાં પાંચમાં પદમાં 'લોએ' અને "સવ્વ" શબ્દ વાપરવામાં આવ્યા છે. 'લોએ' શબ્દ અહીં ભૌગોલિક અને બ્રહ્માંડની સ્થિતિનો સૂચક છે. આ બન્ને શબ્દોને માત્ર પાંચમાં પદમાં જ મૂકયા છે. ત્યાં લોએ શબ્દથી લેવામાં આવતો લોક એ સાધુની દૃષ્ટિથી લેવાનો-સમજવાનો છે. એટલે જેટલા ક્ષેત્રમાં સાધુઓ રહેલા છે તેટલા જ લોકને 'લોએ' શબ્દ સૂચવે છે. પરન્તુ 'લોએ' અને 'સવ્વ' બન્ને શબ્દોને પાંચે પદોમાં સ્વતન્ત્રરૂપે અલગ અલગ [illegible]

અર્થ કરીએ તો તે તે પરમેષ્ઠિનો લોક ખ્યાલ આવી જશે. એ પદો મૂકતાં પદનું સ્વરૂપ આવું થશે—

(૧) નમો લોએ સવ્વ અરિહંતાણં

(૨) નમો લોએ સવ્વ સિદ્ધાણં ॥૨

(૩) નમો લોએ સવ્વ આયરિયાણં

(૪) નમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં ॥૪॥

(૫) નમો લોએ સવ્વ સાહૂણં ॥૫॥

અર્થ—(૧) લોકમાં રહેલા સર્વ અરિહંતભગવંતોને નમસ્કાર થાઓ.

(૨) લોકમાં રહેલા લોકાગ્રે રહેલા સર્વ સિદ્ધભગવંતોને નમસ્કાર થાઓ.

(૩) લોકમાં રહેલા સર્વ આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ.

(૪) લોકમાં રહેલા સર્વ ઉપાધ્યાયજી મહારાજોને નમસ્કાર થાઓ.

(૫) લોકમાં રહેલા સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ.

આ પ્રમાણે સૂત્ર—અને અર્થનું આવું સ્વરૂપ થાય.

પહેલા પદમાં લોકનો અર્થ સમગ્ર લોક લેવાય. અને બીજા પદમાં એ રીતે અર્થ થશે. સમગ્ર લોકમાં, અને સમસ્ત લોકના અગ્ર ભાગે જ્યાં સિદ્ધ ભગવંતો છે તેમને નમસ્કાર થાઓ. "સિદ્ધસ્તવ સૂત્ર"માં પાઠ આપ્યો છે—"लोअग्ग मुवगयाणं, नमो सया सव्व सिद्धाणं" । લોકના અગ્રભાગે રહેલા સર્વ સિદ્ધ ભગવંતોને સદા નમસ્કાર હો. અહીંયા લોક શબ્દને લોકના અગ્ર ભાગનો વાચી બતાવ્યો છે. વાત પણ સાચી છે. પહેલાં આખા લોકને ઓળખ્યો હશે તો જ લોકાગ્ર ભાગને ઓળખી શકાશે. તે વિના આ લોકનો અગ્ર ભાગ છે, છેલ્લો છેડો છે એ કેવી રીતે ઓળખાશે ? અને નવકાર મહામંત્રના શેષ ત્રણ પદ–૩, ૪, ૫ પદમાં લોએ શબ્દ સમસ્ત ચૌદરાજલોક એવો ગૌણ અર્થ થઈ જશે. બીજી અપેક્ષાએ થશે. જ્યારે પ્રમુખરૂપે લોક એટલે અઢી દ્વીપનો લોક એવો અર્થ કરી શકાશે. અઢીદ્વીપ પ્રમાણ લોકક્ષેત્રમાં રહેલા સર્વ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ મહારાજને નમસ્કાર થાઓ. અપેક્ષા બદલીને ગૌણ

વિવક્ષાથી નિક્ષેપોને જોડવાની મદદથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ આ ચારે અપેક્ષાથી ત્રણે ગુરૂ પદ ઉપર બિરાજમાન આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો દ્રવ્યથી તેમના જીવ રૂપે-કાળથી-ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળની વિવક્ષા કરીને વિચાર કરીએ તો ભૂતકાળ અને ભાવિકાળમાં જે જે સાધુ હતા અને થશે તે ક્ષેત્રથી જે જે ક્ષેત્રમાં રહેલા હોય તેમને નમસ્કાર થાઓ.

આ પ્રમાણે પૂર્વાનુવૃત્તિ અને પશ્ચાનુવૃત્તિના નિયમો ને વિચાર કરતાં લોએ અને સવ્વ શબ્દનો અર્થ બેસાડવાનો ભાવ રખાયો છે. એટલે લોએ અને સવ્વ શબ્દને પહેલા પદમાં જ ન મૂકતાં, છેલ્લે પાંચમાં પદમાં મૂકયાં છે. અને છતાં બધાં પાંચેય પદોમાં જોડી શકાય છે. પાછળની અનુવૃત્તિ સમજીને લેવાયા છે. જેમ સિદ્ધહેમ વ્યાકરણાદિમાં અષ્ટાધ્યાયીની અંદર સૂત્રોમાં આવતા નિયમોને અનુવૃત્તિથી અથવા આ અનુવૃત્તિ સુધી એમ બન્ને રીતે સૂચવ્યા છે. તે પ્રમાણે અહીંયા સમજવા. લોએ અને સવ્વ શબ્દ પાંચમાં પદમાં મૂકવા છતાં તેમને બધા પદો સાથે જોડીને અર્થ વિચારણા કરી શકાય છે. વિવક્ષા જ્યાં જે રીતે બેસતી હોય ત્યાં તે જ રીતે બેસાડવાની છે.

### ૩ રીતે ૧૪ ની વિવક્ષા—

શ્રી નમસ્કાર મહામંત્રની ગણિતાનુયોગની દૃષ્ટિથી વિચારણા કરતાં ગણિતીય ચમત્કારોની સેંકડો વાતો મળશે. તેનો સ્વતંત્ર વિષય લઈને અલગથી વિચારણા છેલ્લે કરીશું, પરન્તુ અહીંયા ૧૪ નો વિષય અભિપ્રેત છે. નવકાર મહામંત્રમાંથી જ શબ્દાક્ષરોની ગણતરી કરીને ૧૪ ની સંખ્યા કાઢવામાં આવે છે. જેમ પહેલાં ૧૪ પૂર્વની વાત આપણે પહેલા વ્યાખ્યાનમાં વિચારી ગયા. તેમ અહીં બીજી રીતે પણ ૧૪ ની સંખ્યાનો વિચાર કરીએ—

(૧) ણમો, (૨) ણમો, (૩) ણમો, (૪) ણમો, (૫) ણમો (૬) ણમુક્કારો– શબ્દ ૬ વાર

અક્ષર સંખ્યા–૨ + ૨ + ૨ + ૨ + ૨ + ૪ = ૧૪અક્ષરો

આ રીતે નમસ્કાર મહામંત્રમાં પહેલા પાંચ પદોમાં 'णमो' શબ્દ પાંચવાર વપરાયો છે, અને છઠ્ઠા પદમાં 'णमुक्कारो' શબ્દ છે. તેના ૪ અક્ષરો છે અને 'णमो' જે પાંચવાર છે તેના ૧૦ અક્ષરો છે એ પ્રમાણે ૧૦ + ૪ = ૧૪ આ પ્રમાણે ૧૪ની સંખ્યા સૂચવી છે.

આ ૧૪ પૂર્વો વાચી સંખ્યા છે, માટે 'સમરો મંત્ર'ના મહિમા છંદમાં 'એ છે ચૌદ પૂર્વનો સાર' એમ કહ્યું છે. નવકારને ચૌદ પૂર્વનો સાર બતાવ્યો છે.

એ જ રીતે વિચાર કરતાં નવકારમાં ત્રણ પદોમાં 'સવ્વ' શબ્દ ત્રણવાર પ્રયુક્ત થયો છે.

**નમો લોએ સવ્વ સાહૂણં** !—પાચમાં પદમાં '**સવ્વ**' શબ્દ છે.

**સવ્વ પાવપ્પણાસણો** —સાતમાં પદમાં „ „ „

મંગલાણં ચ **સવ્વેસિં** —આઠમાં પદમાં „ „ „

આ રીતે ત્રણવાર 'સવ્વ' શબ્દ વાપરવામાં આવ્યો છે. એ રીતે 'સવ્વ' શબ્દને ૧૪ ની સંખ્યા સાથે ત્રણવાર જોડીને અર્થની વિચારણા કરીએ. ૧૪ પૂર્વ. સર્વ ૧૪ પૂર્વો. એમ સર્વને ચૌદની સંખ્યા સાથે જોડતાં તે સંખ્યાથી વાચ્ય ૧૪ પૂર્વાદિ બધા ગ્રહિત થશે. ચૌદની સંખ્યા ત્રણ રીતે ત્રણ અર્થમાં મુખ્ય રૂપે સૂચવવામાં આવેલ છે.

(૧) ૧૪ પૂર્વો
(૨) ૧૪ રાજલોક
(૩) ૧૪ ગુણસ્થાનક

આ રીતે નમસ્કાર મહામંત્રને ત્રણેમાં સર્વ રીતે, સંપૂર્ણ રીતે ઘટાડી શકાય છે. (૧) ૧૪ પૂર્વોમાં સર્વત્ર નવકાર મંત્ર છે. ચૌદ પૂર્વોનો સર્વથા સર્વસાર, સંપૂર્ણસાર એ નવકાર મંત્ર છે. (૨) ૧૪ રાજલોકમાં સર્વત્ર નવકાર મહામંત્ર છે. એની વિચારણાં પહેલાં કરી છે. (૩) ૧૪ ગુણસ્થાનોમાં નવકાર મહામંત્રનું ભાવાત્મક સ્વરૂપ છે. મંથન કરીને કાઢવું પડે.

જેમ નવકારને ૧૪ પુર્વનો સાર કહી શકાય છે. "એ છે ચૌદ પૂર્વનો સાર"ના પદથી એ જ પ્રમાણે નવકાર મહામંત્રને ૧૪ રાજલોકનો સાર પણ કહી શકાય છે. ૧૪ રાજલોક રૂપ સમસ્ત બ્રહ્માંડનો સાર એ નવકાર છે. અને ૧૪ રાજલોક રૂપ સમસ્ત બ્રહ્માંડમાં સારભૂત તત્ત્વ કોઈ હોય તો તે નવકાર મહામંત્ર છે. અને અન્તે ૧૪ ગુણસ્થાનોમાં સારભૂત–સારાંશ કંઈ પણ હોય તો તે નવકાર મહામંત્ર છે. આ રીતે ૧૪ સંખ્યાવાચી ત્રણે વિવક્ષાની દૃષ્ટિએ નવકાર બધાનો સાર છે. સારાંશ છે. સારભૂત છે.

**નવકારનો સાર—"નમો અરિહંતાણં"**

નવકાર મહામંત્ર એ ચૌદ પૂર્વનો, ચૌદ રાજલોકનો, ચૌદ ગુણસ્થાનનો બધાનો સાર છે. સારભૂત છે. પરન્તુ નવકારનો સાર શું ? નવકાર બીજાનો સાર છે. તો નવકારનો સાર એનું પ્રથમ પદ "નમો અરિહંતાણં" છે. નમસ્કાર થાઓ અરિહંતોને. કેમ આ પ્રથમ પદને જ સાર કહેવાયો ? કારણ કે બીજા કોઈ પદ ઉપર જેટલો નવકારનો કે જગતનો આધાર નથી એટલો આધાર નવકાર મહામંત્રના પ્રથમ અરિહંત પદ ઉપર છે. અને બીજા કારણમાં એમ કહી શકાય કે અરિહંત નવકારના કેન્દ્ર સ્થાને છે. અરિહંત પદ ઉપર બીજા બધા પદોનો આધાર છે. અરિહંત પદના આધારે જ બીજા બધા પદો રહેલા છે. માટે કેન્દ્રમાં રહેલા અરિહંત પદ ઉપર જ બધાનો આધાર છે. ધર્મની આરાધના પણ અરિહંતને કેન્દ્રમાં રાખીને કરાય છે.

અરિહંત એ જ ભગવાન છે. પરમ–ઈશ્વર–પરમેશ્વર છે, પરમાત્મા છે, તીર્થંકર છે, વીતરાગ છે, જિન–જિનેશ્વર–જિનેન્દ્ર છે. આ રીતે ભગવાન વાચી ઘણા શબ્દો છે. જગતના અન્ય ધર્મોમાં ભગવાનવાચી શબ્દોમાં ભગવાન, ઈશ, ઈશ્વર, પરમેશ્વર, માલિક, God, and father. વગેરે શબ્દોનું પ્રચલન છે. અન્ય ધર્મોમાં આપણા અરિહંત, વીતરાગ, જિન, જિનેશ્વર, વીતરાગ વગેરે શબ્દોનો પ્રયોગ નથી કર્યો, અને જૈન ધર્મમાં પણ સર્વત્ર ભગવાન શબ્દનો કે ઈશ્વરાદિ શબ્દો વધારે પ્રચ-

લિત નથી. જૈનોએ પહેલેથી અરિહંત, વીતરાગ, તીર્થંકર શબ્દોને જ ભગવાન અર્થમાં વધુ પ્રચલિત રાખ્યા છે. એ શબ્દોને જ વારંવાર વાપર્યા છે. આ શબ્દોની જ પરંપરા મળે છે. વધુ પ્રચલન આ શબ્દોનું છે. નવકારમાં પણ ભગવાન કે ઈશ્વર શબ્દનો પ્રયોગ નથી કર્યો. એ જ રીતે આગળના નમુત્થુણં, લોગસ્સ વગેરે ઘણાં સૂત્રો સ્તોત્રો છે ત્યાં સર્વત્ર અરિહંત-વીતરાગ, કે તીર્થંકર શબ્દોનો જ પ્રયોગ પ્રાયઃ વધારે પડતો જોવા મળશે. પણ ઈશ્વર, ભગવાનાદિ શબ્દોનો પ્રયોગ નહીવત અત્યન્ત અલ્પ પ્રમાણમાં મળશે.

એનું કારણ એ છે કે.... "ભગવાન" શબ્દ એક નહીં પરંતુ અલગ અલગ ઘણાં અર્થોમાં વપરાય છે. ઈશ્વર શબ્દનો રૂઢ અર્થ જગતનો કર્તા, સૃષ્ટિનો રચયિતાના અર્થમાં મોટા ભાગે કરતા હોય છે. એટલે એ અર્થો જૈન સિદ્ધાંતને સ્વીકાર્ય ન હોવાથી આ શબ્દોથી પણ દૂર રહ્યા, અને આ શબ્દોથી વાચ્ય જે ભગવાનો કે દેવો રહ્યા તેમનાથી પણ દૂર રહ્યા. આ રીતે જૈન ધર્મે અને જૈન ધર્માનુયાયી જૈનોએ અરિહંતને ભગવાન સ્વરૂપે માન્યા છે.

**સૃષ્ટિ કર્તા અર્થમાં ઇશ્વર—**

જગતના મોટા ભાગના ધર્મોમાં પ્રાયઃ ઈશ્વર કે ભગવાનને સૃષ્ટિના કર્તા તરીકે માનવામાં આવે છે. જગતનો કર્તા જ ઇશ્વર હોઈ શકે. અને ઈશ્વર જ જગતની રચના કરી શકે. બસ આ સિવાય બીજાની કલ્પના પણ ન કરાય. ઇશ્વર સિવાય જગતનો કર્તા બીજો સંભવી શકે જ નહીં. અને જગતની રચના ઈશ્વર સિવાય સંભવ જ નથી. ઉભય પક્ષીય વિચારણા રાખનારા ધર્મો જગતમાં ઘણાં છે. એ પ્રમાણેની માન્યતા તેમની છે. માટે ભગવાન કે ઈશ્વર કોણ? તો એક જ ઉત્તર છે કે જે જગતનો કર્તા છે, આ સંસારને બનાવનાર કે વસાવનાર જે છે તે જ ઇશ્વર છે. ભગવાન છે. બસ એને જ ભગવાન માનવાના, એ જ આરાધ્ય દેવ. ઉપાસ્ય તત્ત્વ. ઈશ્વર સિવાય સૃષ્ટિની રચના સંભવ નથી? કારણ કે ઇશ્વર સિવાય બીજો કોઈ સર્વ

શક્તિમાન કે સમર્થ છે જ નહીં. માટે સૃષ્ટિની રચના પણ બીજાથી સંભવ નથી. એટલે એને જ એક માત્ર ઈશ્વર માનવામાં આવે છે. જો બન્ને અલગ અલગ માને તો બાજી બગડે તેમ છે. જગત બનાવનાર ઈશ્વર જુદા અને ઉપાસ્ય ઈશ્વર જુદા તો બેમાં નાના-મોટા કોણ? ઓછી વધારે શક્તિવાળા કોણ? કોણ સર્વશક્તિમાન છે? વગેરે ઘણાં ભેદ-પ્રભેદો બે અલગ ઈશ્વર માનવામાં પડી જાય. માટે સૃષ્ટિનો કર્તા પણ એ જ ઈશ્વર અને ઉપાસ્ય આરાધ્ય દેવ પણ એ જ ઈશ્વર. જૂદા નહીં. આ પ્રમાણેની માન્યતા રાખી છે.

**ઈશ્વર કતૃત્વવાદી ધર્મો—**

જગતના મોટા ભાગના ધર્મો ઈશ્વરને જગતના કર્તા તરીકે માને છે. સૃષ્ટિના રચયિતા રૂપે માને છે. એટલે તે તે ધર્મો પોતપોતાના ભગવાનને જગત કર્તા ઈશ્વર અર્થમાં સ્વીકારે છે.

(૧) હિન્દુધર્મમાં ઈશ્વરને જગતનો કર્તા માનવામાં આવ્યો છે.

(૨) ખ્રિસ્તી ધર્મમાં The Allmighty is God, the Suprem Powerને સૃષ્ટિનો કર્તા જ કહેવામાં આવ્યો છે. એમના કહેવા પ્રમાણે એમના ભગવાન જ આ સૃષ્ટિની રચના કરે છે.

(૩) મુસલમોમાંના ઇસ્લામ ધર્મની દૃષ્ટિએ અલ્લાહ-ખુદા જ સૃષ્ટિ બનાવનાર છે. એમની માન્યતા પણ ઈશ્વર સૃષ્ટિની રચના કરનારા તરીકે જ છે. હિન્દુધર્માન્તર્ગત ઘણાં પક્ષો, અને મતો પણ સૃષ્ટિના કર્તા અર્થમાં જ ઇશ્વરને માને છે. વેદોને માનનાર વેદાન્તમત ઈશ્વરને સૃષ્ટિનો ક્ર્તા માને છે, નૈયાયિકો-વૈશેષિકો પણ સૃષ્ટિક્ર્તા-જગતના-રચયિતાને ઈશ્વર માને છે. શાંકર મતવાદીઓ પણ સૃષ્ટિકર્તાને જ ઇશ્વર માને છે.

સૃષ્ટિક્ર્તા તરીકે ન માનનારા પક્ષમાં જૈન, બૌદ્ધ, સાંખ્ય અને મીમાંસકો આવે છે. એ જ પ્રમાણે પાશ્ચાત્ય મતોમાં પણ જગત્કતૃત્વવાદી પક્ષો જ મોટા ભાગના છે. જૈન ધર્મમાં ઇશ્વરને જગતક્ર્તા

તરીકે નથી માન્યો. આત્મા જ પરમાત્મસ્વરૂપે શુદ્ધ થાય છે. તે પરમાત્મસ્વરૂપને જ ઈશ્વર તરીકે માનવામાં આવ્યો છે. એને અરિહંત તીર્થંકર, કે વીતરાગની અવસ્થામાં પૂજવામાં આવે છે. જગતના ર્ક્તાની કોઈ આવશ્યકતા જ નથી. સૃષ્ટિના રચયિતાની કોઇ આવશ્યક્તા જ નથી. કારણુ કે સૃષ્ટિ સ્વયંભૂ છે. જીવ-અજીવના મૂળભૂત પદાર્થો જે સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે તે જ તેમના સંયોગ વિયોગની સ્થિતિ પ્રમાણે સૃષ્ટિ બનાવતા જ જાય છે. બનતી જાય છે. વિયોગે પાછા જીવ-અજીવ છૂટા પડે છે. એ પ્રમાણે જીવ સ્વયં અજીવ સંયોગે પોતાની રીતે પોતે નિર્માણુ કરી લે છે. પૌદ્‌ગલિક સૃષ્ટિમાં પુદ્‌ગલોની પ્રાધાન્યતા છે. જીવો પુદ્‌ગલોનાં ગ્રહણુર્ક્તા છે. માટે સૃષ્ટિના કર્તા-બનાવનારાની આવશ્યકતા નથી. અને જીવ જે રીતે અજીવ સંયોગે સૃષ્ટિ નિર્માણુ કરે છે તેને ઈશ્વર કહેવાની કોઇ આવશ્યકતા નથી. એટલે જૈન માન્યતા સ્પષ્ટ જ છે કે અરિહંત ભગવાન એ સૃષ્ટિની રચના કરતા નથી કે જગત બનાવતા નથી. અને જીવ જે સ્વયં અજીવના યોગ-સંયોગે જે રચના કરે છે તેને ભગવાન કે ઇશ્વર કહેવાતા નથી. અને સૃષ્ટિની રચનાને માટે ઈશ્વરની કલ્પના કરવામાં આવી પણુ નથી. બીજા બધા ધર્મોએ સૃષ્ટિની રચનાને સ્વીકારી છે. માટે તે બનાવનારાને ઈશ્વર માની લીધા છે. સૃષ્ટિની રચના માટે ઈશ્વરની કલ્પના કરવી ? કે પછી ઈશ્વરને માટે સૃષ્ટિ રચનાના કામની કલ્પના કરવી ? સૃષ્ટિની રચના માટે ઈશ્વરને માનવા જરૂરી છે ? કે પછી ઇશ્વરને માન્યા પછી તે શું કામ કરે છે ? ઇશ્વરને પછી કરવાનું શું ? એટલે પછી કોઈ જ કામ ન મળે એટલે ઈશ્વર માટે સૃષ્ટિની રચના કરવાનું જગત બનાવવાનું કામ તે તે ધર્મોએ માની લીધું છે. કારણુ કે સૃષ્ટિની રચના સિવાય ઇશ્વરને કરવા જેવું એમના માન-મોભાને અનુરૂપ બીજું કોઈ કામ જડતું જ નથી, રહેતું જ નથી માટે ઈશ્વરના ફાળે આ કામની વહેંચણી કરી દીધી છે. એ રીતે અન્યોન્ય બન્ને અકલ્પનીય, અસ્પષ્ટ, અને અપ્રત્યક્ષ કામોની વચ્ચે જન્ય-જનક ભાવ બેસાડીને બન્ને તત્ત્વોને એક બીજા સાથે જોડીને

સમાવી દેવામાં આવ્યા છે શું વાત છે? ઇશ્વર વિના સૃષ્ટિ નહીં અને સૃષ્ટિ રચનાનું કામ કર્યા વિના ઇશ્વરનું અસ્તિત્વ નહીં? શું આ બરાબર છે?

આ રીતે તર્કનું સ્વરૂપ બેસાડીને વિચાર કરીએ કે બન્નેમાંથી કયો પક્ષ કેટલી હદ સુધી વ્યાજબી છે? "ઈશ્વર સત્ત્વે સૃષ્ટિ સત્ત્વં" "વા સૃષ્ટિ સત્ત્વે ઈશ્વર સત્ત્વં" ઇશ્વર હોય તો સૃષ્ટિ હોય કે સૃષ્ટિ હોય તો ઈશ્વર હોય? આના ઉત્તરમાં બન્નેને એક બીજાના પૂરક બનાવી દીધા છે. બન્નેની સાથે બન્નેને જોડી દીધા છે. પરન્તુ સૃષ્ટિની ઉત્પત્તિ કે રચના કે નિર્માણ ન માનનાર જૈન દર્શન બન્નેને એક-બીજાના કારણ તરીકે માનતું નથી. આ તો તર્ક એવો છે જેમ કે–સૂર્ય હોય તો રાત હોય કે રાત હોય તો સૂર્ય હોય? જેમ સૂર્યની સાથે રાતને કંઇ લેવા દેવા નથી. તેમ રાતને સૂર્યની સાથે કોઇ જ સંબંધ નથી. એવી જ રીતે ઈશ્વરને સૃષ્ટિની સાથે કોઈ જ સંબંધ નથી અને સૃષ્ટિને પણ ઈશ્વરની સાથે કંઇ જ લેવા દેવા નથી. છતાં પણ અન્ય મતવાદીઓ બન્નેની વચ્ચે કાર્ય–કારણભાવ સંબંધ માને છે. અને ઈશ્વરને સૃષ્ટિનું કારણ માનીને ચાલે છે. એક સિક્કાની બે બાજુની જેમ ઈશ્વર અને સૃષ્ટિને જોડી દેવામાં આવ્યા છે.

## સૃષ્ટિ અંગેની વિચારણા—

જગતના સર્વસામાન્ય–આમ સાધારણ લોકોને ચોક્કસ આ સૃષ્ટિ જોતાં એમ કલ્પના ઊભી થાય છે કે આ બધું કોણે બનાવ્યું? ક્યારે બનાવ્યું? કેવી રીતે બનાવ્યું? કેટલાએ ભેગા મળીને બનાવ્યું? શું કર્યું હશે? શેમાંથી બનાવ્યું હશે? વગેરે સેંકડો પ્રશ્નો ઉભા થાય એ સ્વાભાવિક છે. સમય સંબધિ પ્રશ્નોમાં એવા વિચારો આવતા હશે કે...આ સૃષ્ટિ ક્યારે બની? કેટલા વર્ષો થયા? બનતાં કેટલા વર્ષો લાગ્યા? શું જાદુ કે ચમત્કારની જેમ એક ચપટી વગાડતાની સાથે જ આ સૃષ્ટિનું નિર્માણ થઈ જાય? સંભવ છે? અથવા પછી કેટલા વર્ષોમાં બની? પરન્તુ આ સમયને જ કેવી રીતે બનાવ્યો? કાળ પણ કંઈક વસ્તુ

છે તો ખરો. એને કયારે બનાવ્યો? એટલું જ નહીં હરવા-ફરવા કોઇ હિલસ્ટેશને ગયા હોઇએ અને ત્યાંથી સૃષ્ટિના સૌન્દર્યને જોઇએ તો પણ એમ લાગે કે આટલા બધા પર્વતો, માઇલો સુધીની આખી પર્વતમાળા, અને નદીઓ, ઝરણા, ઝાડ-પાન, અને આપણી કલ્પના શક્તિ કે અક્કલ પણ કામ ન કરે એવી મોટી મોટી શીલાઓ, ચટ્ટાનો, ટેકરીઓ, ટોચભાગ, વિસ્તાર ભાગ, મોટા મોટા ગીચ ઘણા જંગલો, અસંખ્ય ઝાડો, ફળ-ફુલ-પાંદડાઓ, જાત-જાતના પશુ-પક્ષીઓ, ભાત ભાતના રંગબેરંગી સુંદર દેખાતા પક્ષીઓ, પશુઓ, આ પણ કેટલી ગજબની જીવ સૃષ્ટિ છે? માઉન્ટ આબુ, મહાબળેશ્વર-માથેરાન, સાપુતારા, શિમલા, મસૂરી કે દાર્જલિંગ અને હિમાલયના બદ્રી-કેદાર-અમરનાથ વગેરેના દશ્યો-સીનસીનેરી જોતી વખતે માનવના મોંઢેથી ઉપરના વાકયો સરી પડે છે. માનવ અચંબામાં પડી જાય છે. એને તો અધ....ધ...ધ... થઈ જ જાય છે. એક વાત તો ચોક્કસ સ્પષ્ટપણે સમજાય છે કે...આ બધુ માણસ દ્વારા બનાવેલું તો નથી જ...કોઇ પણ સંજોગોમાં Man Maid તો નથી જ લાગતું જ માનવીનું ગજું નથી કે આટલી લાંબી પર્વતમાળા ઉભી કરી દે. પણ ચાલોને કદાચ માની લઇએ કે હજારો મજૂરોએ ભેગા થઈને આટલી જબર-જસ્ત પર્વતમાળા ખડકી દીધી. પરન્તુ તે માટે આટલી મોટી મોટી શીલાઓ, પત્થરો ચટ્ટાનો વગેરે કયાંથી લાવ્યા? એ કોણે બનાવ્યા? માણસે કઈ રીતે બનાવ્યા? અને કદાચ એ પણ માની લઇએ ઘડી ભર કે પત્થરો પણ માણસે બનાવ્યા છે તો પછી શેમાંથી બનાવ્યા? એ માટેનો કાચો માલ કયાંથી લાવ્યા? અને કેવી રીતે બનાવ્યા? આ રીતે એક વિચારમાંથી બીજા વિચારો એમ વિચારોની હારમાળા ચાલતી જ રહે છે.

પર્વતમાળા જોતાં કદાચ માનવ સૃષ્ટિ તરફ થોડી ઘણી વિચાર-ધારા ઢળતી પણ લાગે પરન્તુ આકાશ-પૃથ્વી અને સમુદ્ર તરફ જોઇને વિચાર કરીએ ત્યારે શું લાગે? આટલું વિશાળ આકાશ કોણે

બનાવ્યું ? ક્યારે બનાવ્યું ? ક્યાંય પણ આકાશનો છેડો જ નથી દેખાતો. અન્ત જ નથી લાગતો. અને આટલી વિશાળ વિસ્તૃત પૃથ્વી કોણે બનાવી ? શેમાંથી બનાવી ? અને આ સમુદ્ર ? આટલું પાણી....અને કેટલું ઉંડું હશે ? કેટલું લાંબુ-પહોળું છે....વગેરે હજારો વિચારો આવતાં મગજ એક જ જગ્યાએ અટકે છે કે....આ બધું કોણે બનાવ્યું ? ક્યારે બનાવ્યુ હશે ? બનાવ્યાને ટાઈમ કેટલો થયો ? અને બનાવતાં ટાઈમ કેટલો લાગ્યો હશે ? કેવી રીતે માની લઈએ કે આ બધું માણસનું કામ છે ? માનવ સર્જીત આ સૃષ્ટિ સંભવ જ નથી. આખી દુનિયા જોતાં અમેરિકા આફ્રિકા, ચીન, રશિયા, ગ્રીક વગેરે સેંકડો દેશો તરફ જોતાં અને ત્યાંની પ્રાકૃતિક અજાયબીઓ જોતાં ચોક્કસ મન આશ્ચર્યમાં ગરકાવ થઈ જાય છે. અને અધ....ધ....ધ.... સિવાય આપણી પાસે કંઈ જ નથી બચતું.

**અન્તે ઈશ્વરનો આશરો—**

આ રીતે ચારે તરફની સૃષ્ટિને જોયા પછી અને એ વિષે હજારો અટકળો કર્યા પછી મગજનું દહીં થાય તેવી સ્થિતિમાં મુકાયા પછી અને ખૂબ મન્થન કર્યા પછી નિરૂત્તર થઈ ગયેલ માનવીનું મન અને મગજ તેમજ કલ્પનાના ઘોડાઓ પણ અંતે થાકી ગયા પછી માનવ કલ્પનાએ ઈશ્વરને શોધી કાઢવા મજબૂરી દેખાડી. આ એક માનવ મનની કમજોરી છે કે.... માનવ જ્યાં ઘુંટણા ટેકીને શરણાગતિ સ્વીકારી લે છે ત્યાં પછી સ્વયં પોતાની બુદ્ધિના દરવાજા બન્ધ કરી લે છે. અને સાચી વાત લાગે છે કે વર્ષો અને સદીઓથી વિચાર કરીને થાકી ગયેલા માનવને એક વાત તો લાગે છે કે.... આ તો આપણી બુદ્ધિની બહારની વાત લાગે છે, અક્કલ કામ જ નથી કરી શકતી. કલ્પનાઓના ઘોડાઓને અક્કલની લગામમાં બાંધીને દોડાવીએ પણ ખરા પરન્તુ મગજનું દહીં થવા છતાં પણ જો માનવીને નિરૂત્તર જ રહેવું પડતું હોય ત્યાં માનવ શું કરે ? કોઇના પણ નામે વાતને છોડી ન દે તો

શું કરે ? આવી ગજબની સૃષ્ટિ.... એ બધું જોયા પછી મોંઢામાંથી એમ જ સરી પડે કે.... આ બધું ઉપરવાળાનું કામ હશે ?

કોણ ઉપરવાળો છે ? કેવો છે ? હજાર હાથવાળો છે કે હજાર મોંઢાવાળો ? કંઇ જ ખબર નથી. ઘરડો છે કે જુવાન છે ? રૂપ-રંગે ગોરો છે કે કાળો છે ? સર્વ શક્તિમાન પોતે એકલો જ છે કે પછી એનું લશ્કર છે અને પોતાના લશ્કર કે માણસોને હુકમ આપીને જ્યાં ત્યાં બધુ નિર્માણ કરાવે રાખે છે ? એ ઉપરવાળો સશરીરી છે કે અશરીરી છે ? ઇચ્છા પ્રમાણે કામ કરે છે કે પછી અનિચ્છાએ કરે છે ? સુવ્યવસ્થિત આયોજન પ્રમાણે કામ કરે છે કે અવ્યવસ્થિત જ ચાલી રહ્યું છે. એ કોઈ જાદુગર જેવો છે કે.... ઈન્દ્રજાળીઓ છે ? શું એ મંત્ર શક્તિથી ચપટી વગાડવા જેટલા કાળમાં જ આવી વિશાળ સૃષ્ટિની રચના કરી દે છે કે પછી વિભાગવાર ધીમે-ધીમે વિચાર કરીને સુન્દર આયોજન પ્રમાણે ગોઠવીને કામ કરે છે ? એના હાથે પણ કોઈ ભૂલ થાય કે ન થાય ? શું આખા સમુદ્રનું પાણી ખારૂં થઇ ગયું કે જાણી જોઇને બનાવ્યું છે ? કે ભૂલમાં મીઠું વધારે પડી ગયું અને બધું પાણી ખારૂં થઈ ગયું ? કે પછી મીઠું જ બનાવવાનું હતું પણ ઉતાવળમાં ખારૂં થઇ ગયું ? તો પછી એ ઉપરવાળો બધી જ રીતે, બધી જ વાતે જાણકાર-હોંશીયાર સર્વજ્ઞ હશે કે અલ્પજ્ઞ હશે ? આટલી મોટી વિશાળ સૃષ્ટિ બનાવવાની જરૂર શું હતી ? શા માટે બનાવી ? શું પ્રયોજન હતું ? કોઈના કહેવાથી બનાવી ? કે કોઈએ કહ્યું એમ કરી દીધું ? શું થયું ? માનવ મનની અટકળો અટકે એમ નથી.

**માનવ કલ્પનાની નિપજ-ઈશ્વર અને સૃષ્ટિ—**

સૃષ્ટિ જોયા પછીની અટકળો અને વણથંભ્યા દોડતા કલ્પનાના ઘોડાઓને ક્યાંય વિસામો ન મળ્યો ત્યારે છેલ્લો વિસામો લેવાનું બસસ્ટેન્ડ-એ ઈશ્વરનું ઘર ગોતી લીધું ? હાર માનીને ઇશ્વરને માનવા પડ્યા કે પછી મગજ ઉપર ભાર માનીને ઇશ્વરનો આભાર માનવો પડ્યો ? શું થયું ? માનવ આ સેંકડો પ્રશ્નોના સમાધાન મેળવવા ઇશ્વરની સત્તાને શોધી કાઢે છે. પરન્તુ કરોળિયાની જેમ પોતાની જ

બનાવેલી વિચાર જાળમાં ફસાઇ જાય છે. ગૂઢ રહસ્યોથી અને અનેક પ્રશ્ન ચિન્હોથી ભરેલી આ સૃષ્ટિના રહસ્યોને ઇશ્વરના માથે નાખવા ગયો ત્યાં તો ઇશ્વર તત્વ પણ એવો ગૂઢાર્થવાળો શોધી લીધો કે તે એના કરતાં પણ વધુ જટિલ સમસ્યા બની ગઇ અત્યાર સુધી માનવ આ સૃષ્ટિ અંગે જ અટકળો કરતો હતો....પરંતુ સૃષ્ટિનું તારણ શોધવું તો દૂર રહ્યું પણ, શોધવા જતાં ઇશ્વર હાથમાં આવ્યો અને માનવ મને કલ્પનાના ઘોડાઓને વિસામો આપવા પુરતો પણ જ્યાં ઇશ્વર ને માન્યો ત્યાં તો ઇશ્વર વિષે હજારો કલ્પનાઓ ઊભી થઇ ગઇ. સેંકડો અટકળો શરૂ થઇ. ઇશ્વરને માન્યો તો ઇશ્વરનું સ્વરૂપ પણ એટલું ધુંધલું અને સંદિગ્ધ રહ્યું કે કોઇને પણ ઇશ્વરનું શુદ્ધ સાચું સ્વરૂપ હાથમાં આવ્યું જ નહીં. દરેક ધર્મની વ્યક્તિઓ પોતપોતાની રીતે ઇશ્વરના સ્વરૂપ વિષે દાવો કરતા રહ્યા, પણ તેમાં પણ સંશયાસ્પદ રહ્યા.

ઇશ્વરને કેવો માનવો? આ વાતનો આધાર સૃષ્ટિ ઉપર રહી ગયો. જેવી સૃષ્ટિ છે, જેવી સૃષ્ટિની રચના છે એટલે એ રીતે ઇશ્વરને પણ સૃષ્ટિના છેડા જેટલો જ વ્યાપક અને વિરાટ માનવો રહ્યો? સૃષ્ટિ અકલ્પ્ય છે, એમાં એક નહીં પણ અનન્ત વસ્તુઓ છે માટે ઇશ્વરને પણ અનન્ત સ્વરૂપે માનવો રહ્યો? ઇશ્વરને અચિન્ત્ય શક્તિમાન સર્વ શક્તિ સંપન્ન માનવો જ રહ્યો? હજાર હાથવાળો અને ઇચ્છા માત્ર શક્તિ સંપન્ન માનવો જ પડે....કારણ કે તો જ સૃષ્ટિની સમસ્યા ઊકલી શકે. તો જ સૃષ્ટિ વિષયક શંકાઓનું સમાધાન થઈ શકે. આ રીતે જેવી સૃષ્ટિ તેવા ઇશ્વર. સૃષ્ટિની કલ્પનાના આધારે ઈશ્વરની કલ્પના કરવા ગયા. તેમાં થયું એવું કે સૃષ્ટિ તો સત્ પદાર્થ વિદ્યમાન હતી અને છે....જ્યારે તેના આધારે થયેલી કલ્પના પ્રમાણે ઇશ્વર કલ્પનાઓમાં બેસે છે કે નહીં એવો પણ વિચાર ન આવ્યો અને ઈશ્વરનું જ રૂપ–સ્વરૂપ એવું થઇ ગયું કે તે ઇશ્વર જ કાલ્પનિક ભાસવા માંડયો છે. હવે સૃષ્ટિ તો બાજુમાં રહી પણ ઇશ્વર

વિષયક કલ્પનાઓએ- વિચારણાઓએ માનવને સત્યથી લાખો કોષ દૂર લઇ જવાનું કામ કર્યું અને માનવ ઈશ્વર વિષે પણ કલ્પનાઓના ઘોડાઓ દોડાવવા માંડયો. અટકળો કરવા માંડયો.

### ઈશ્વર વિષે સંભાવ્ય પ્રશ્નો

શું ઇશ્વર છે કે નહીં ? હશે કે નહીં ? હશે તો કેવો હશે ? હશે તો કયાં હશે ? કયાં રહેતો હશે ? તે દેખાય ખરો કે નહીં ? કયારે દેખાય ? તેને શરીર હોય તો દેખાય કે અશરીરી છે ? અને શરીર છે તો કેવુ છે ? આપણા જેવું કે પછી ભૂત-પ્રેત વ્યંતર કે દેવતા જેવું છે ? તે દૃશ્ય છે કે અદૃશ્ય ? અને સશરીરી છે કે અશરીરી ? સશરીરી છે તો હજાર હાથવાળો છે કે હજાર મોંઢાવાળો છે ? ના....ના આટલી મોટી સૃષ્ટિની રચના કરવાની હોય એટલે હશે તો હજાર હાથવાળો જ ? નહીતર આટલી મોટી વિશાળ સૃષ્ટિ કેવી રીતે બનાવી શકે ? તો પછી ઈશ્વર એકલો છે કે....કોઇ રાજા જેવો રાજાશાહી ઠાઠના વૈભવમાં રહેનારો છે ? તેના સેવકો-કર્મચારીઓ-અંગરક્ષકો-લશ્કર વગેરે કેટલા હશે ? આટલી મોટી સૃષ્ટિની રચના તેણે એકલાએ એકલા હાથે જાતે કરી કે....પછી મજૂરો પાસે હુકમ કરીને કરાવી ? તો પછી આટલી મોટી સૃષ્ટિની રચના કરવા માટે મજૂરોની સંખ્યા કેટલી મોટી રાખી હશે ? તો પછી એવો વિશાળ રાજાશાહી કાફલો કયાં રહેતો હશે ? રાજા તરીકે ઈશ્વર હશે તો એનું રાજ્ય-કે રાજ-દરબાર વગેરે કંઈ હશે તો ખરૂં કે નહીં ? શું બધું અદ્રશ્ય છે કે અસ્તિત્વ ધરાવે છે ? ના....ના...ઉપર આકાશમાં હશે ? આકાશ શું છે ? આકાશ કેટલું મોટું હશે ? આકાશ કયારે બનાવ્યું ? પહેલાં ઈશ્વર બન્યાં કે પહેલાં પૃથ્વી પાણી અગ્નિ-આકાશ-વાયુ વગેરે બનાવ્યા ? જો પહેલાં કંઇજ નહોતું અને ઇશ્વર એકલા જ હતા ? તો પછી ઇશ્વરને કોણે બનાવ્યા ? જો એમનું શરીર હતું તો પછી એમને જન્મ આપનારા માતા પિતા હતા કે નહીં' ? તે કોણ હતા ? ઈશ્વરના પિતા પણ ઇશ્વર તરીકે હતા કે સાદા માણસ હતા ? તો તે

ક્યાંથી આવ્યા ? આ પ્રમાણે ઈશ્વરના પહેલા પણ કંઈક સૃષ્ટિ હતી કે નહોતી ? એટલે સૃષ્ટિની રચના ઈશ્વરના પછી માનવી કે ઈશ્વરના પહેલાં પણ કંઈક હતું ? હતું તો શું શું હતું ? કેવા સ્વરૂપે હતું ? જો પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ આકાશ વગેરે ઇશ્વરના પહેલાં પણ અસ્તિત્વ ધરાવતા જ હતા આ પક્ષ સ્વીકારો તો પછી ઈશ્વરે શું બનાવ્યું ? એમના ભાગે શું બનાવવાનું આવ્યું ? અને ઈશ્વરના પહેલાં બધું બનેલું જ હતું તો એ કોણે બનાવ્યું ? તો પછી શું તે માટે બીજા ઇશ્વરની કલ્પના—કે વ્યવસ્થા કરવી ? કે પછી એક જ ઈશ્વર માનવા ? એક ઇશ્વરની વાત ગળે નથી ઊતરતી. માટે અનેક ઇશ્વર માનવા ? અને જો અનેક માનીએ તો કઈ સંખ્યા ઉપર જઈને અટકવું ? એ રીતે ઈશ્વરની સંખ્યા કેટલી થાય ?

### સૃષ્ટિ વિષે ઇશ્વરસંબંધી પ્રશ્નો

કાળની દૃષ્ટિથી વિચારણા કરીએ તો પણ સેંકડો પ્રશ્નો ઊભા થશે....ઇશ્વરે કાળ બનાવ્યો કે પછી ઇશ્વરના પહેલાં પણ કાળ હતો ? હતો તો કાળ શું હતો ? કોણે બનાવ્યો ? પૃથ્વી પર્વત વગેરે માટે તો પત્થરો લઇને પૃથ્વી આદિ બનાવ્યા હોય તે જ રીતે કાળને કયા કાચા માલથી બનાવ્યો ? કાળ કેટલો ગણવો ? સૃષ્ટિને થયે કેટલો કાળ થયો ? અને ઇશ્વરને થયે કેટલો કાળ થયો ? આ બંનેમાં સમાન સંખ્યાવાળા વર્ષોનો જ ઉત્તર આવશે કે પછી વિષમ સંખ્યાના વર્ષો આવશે ? એટલે ઈશ્વર અને સૃષ્ટિની વચ્ચે અંતર કેટલું ગણવું ? અને જો અંતર કાળ આવે તો કેટલા વર્ષોનો આવે ? અને એટલા અંતર કાળના વર્ષોમાં ઇશ્વર શું કરતા હતા ? જ્યારે સૃષ્ટિ નહોતા બનાવતા તો પછી શું કરતા હતા ? સૃષ્ટિ બનાવવા માટે ઈશ્વર છે કે પછી ઈશ્વરના માથે સૃષ્ટિ બનાવવાનું કામ છે ? સૃષ્ટિએ ઇશ્વરને જશ–મહત્વ આપ્યું ? કે પછી ઇશ્વરે સૃષ્ટિને જશ–મહત્વ આપ્યું ? શું આવી સૃષ્ટિ બનાવવાથી ઇશ્વરનો યશ વધ્યો ? માન વધ્યું ? પ્રશંસા સર્વ મુખે સર્વાનુમતીએ થઇ રહી છે કે પછી હજારો–લાખો

દુખિયારા ઇશ્વરને ગાળો દેનારા પણ છે? શા માટે દેતા હશે? શું સૃષ્ટિ બનાવવી જરૂરી હતી? કે પછી ન પણ બનાવી હોત તો ચાલત? સૃષ્ટિ બનાવવાથી ઇશ્વરને યશ મળ્યો? ઇશ્વર બનાવીને રાજી થયા? કે પછી બનાવ્યા પછી ઇશ્વર પણ પસ્તાયા? એમાંથી શું થયું? શું આ સૃષ્ટિ બરોબર છે કે કંઇક ભૂલો રહી ગઇ છે? કંઇક ઉતાવળમાં બફાઇ પણ ગયું છે? કે બરોબર નથી પણ બન્યું? શું માનવું? અને આ માનીએ તો ઇશ્વરની આવડત–અનુભવ અને જ્ઞાનમાં શંકા થાય ખરી કે નહીં? ઇશ્વરની વાતોમાં પૂરો વિશ્વાસ (Self Confidence) નથી માટે ઇશ્વર વેદની પોથીમાંથી જોઇ–જોઇને સૃષ્ટિ બનાવે છે? જો વેદપોથીમાંથી જોઈ–જોઈને ઇશ્વર સૃષ્ટિ બનાવે છે તો પછી એ ઇશ્વર સર્વજ્ઞ ખરા કે નહીં? એની સર્વજ્ઞતામાં શંકા થાય ખરી કે નહીં? અને સર્વજ્ઞ ન હોય તો બધા અનન્ત પદાર્થો યુક્ત સૃષ્ટિ બનાવે કેવી રીતે? અને સર્વજ્ઞ ન હોય તો પછી અલ્પજ્ઞ માનવા પડે. અલ્પજ્ઞ–માનવા જઈએ તો સેંકડો વિષયો એવા રહી જાય કે જે ઇશ્વર જાણતા જ ન હોય તો પછી તે વિષેના પદાર્થો કેવી રીતે બનાવે? અને જો અલ્પજ્ઞની બનાવેલી આ સૃષ્ટિ માનવાની હોય તો પછી ઇશ્વરની જ શા માટે માનવી? માણસ પણ અલ્પજ્ઞ જ છે? માણસના હાથની બનાવેલી શા માટે ન માની લેવી? માણસ દૃષ્ટિગોચર તો છે? ઇશ્વર દૃષ્ટિગોચર પણ નથી. અને બીજી તરફ સર્વજ્ઞ ઇશ્વરની બનાવેલી સૃષ્ટિ માનવાની હોય તો પછી સૃષ્ટિના સેંકડો વિષયોમાં વિપરીતતા, વિચિત્રતા કે વિષમતા શા માટે રહેવા પામી? દરિયાનું પાણી અગાધ છે પણ એને ખારૂં શા માટે બનાવ્યું? એ ખારું પાણી જગતના જીવોને પીવા કરવા ઉપયોગમાં કેવી રીતે આવે? ગુલાબના ફૂલ બનાવ્યા તો પછી એમાં કાંટા શા માટે બનાવ્યા? ઘણી વનસ્પતિઓ કાંટાળી બનાવી છે તો તે શા માટે? જો ઇશ્વર દયાળુ–કરૂણાલુ છે તો પછી એને નરક અને નારકી જીવો શા માટે બનાવ્યા? જેલ, સજા અને અપરાધના ક્ષેત્રો બનાવવાંની

જરૂર શા માટે પડી? આ રીતે પરસ્પર વિરોધી અને વિપરીતતા જણાય છે એવા પદાર્થો બનાવવાની શું જરૂર પડી? સમર્થની બનાવેલી પૃથ્વીમાં કોઈ ભૂલ બતાવી શકે ખરૂં? અને જો સર્વજ્ઞના કાર્યમાં અલ્પજ્ઞ સામાન્ય માનવી ભુલ બતાવે તો પછી શું સમજવું? કમ સે કમ સર્વજ્ઞ એવા ઇશ્વરની બનાવેલી સૃષ્ટિમાં એક સરખી સાદશ્યતા સમાનતા પણ જો જોવા મળી હોત તો પણ ઈશ્વરના ગુણોની પુષ્ટિ થઈ જાત પરન્તુ જે ગુણો ઈશ્વરમાં બતાવવામાં આવી રહ્યા છે તેથી વિપરીત સૃષ્ટિ બતાવવામાં આવી રહી છે તો શું સમજવું? પછી તો સ્વાભાવિક છે કે માનવની બુદ્ધિ આવા સેંકડો પ્રશ્નોની વણઝાર ઊભી કરે. આ એક આવા સેંકડો પ્રશ્નો સર્વથા સદંતર પાયા વિનાના તો નથી જ? એક વ્યક્તિના નહીં પણ લાખો લોકોના આ અને આવા પ્રશ્નો છે, અને હોય છે. જગતની આગળ પૂછે પણ છે. પરન્તુ પૂછનારને ઉત્તરો પૂરા મળતા નથી. આપવામાં આવતા નથી. માટે મનને સંતોષ થતો નથી. બીજી તરફ ઇશ્વર અને સૃષ્ટિ. બન્નેને માનવ કલ્પના શક્તિની બહારના વિષયો બનાવી દેવાયા છે, અને બન્નેને અદૃશ્ય કહી દીધા. કલ્પનાગમ્ય પણ નથી રહેવા દીધા એટલે માનવ અનન્તા વર્ષો સુધી પણ દ્વિધામાં–સંશયમાં ગરકાવ જ રહે! અને પછી શ્રદ્ધા રાખવાનું દબાણુ કરવામાં આવે અને આવા બુદ્ધિગમ્ય ન થવા છતાં પણ એના ઉપર શ્રદ્ધા રાખવાનું કહેવામાં આવે અને પછી શ્રદ્ધા ન રાખનાર, ન માનનારને નાસ્તિક છે, અશ્રદ્ધાળુ–મિથ્યાત્વી છે કહીને મીઠી ગાળ દઇને બહિષ્કાર કરવામાં આવે છે. આ કયો ન્યાય?

## ભગવદ્ ગીતામાં સૃષ્ટિ દર્શન

હિન્દુ ધર્મનો પ્રસિદ્ધ ધર્મગ્રન્થ "ભગવદ્ ગીતા" ઘણાં લોકોથી અજાણુ નથી. વિશાળકાય ગ્રન્થ છે. ઘણીવાર "ભગવદ્ સપ્તાહ" બેસે છે. તે કથામાં ભગવદ્ ગીતા વાંચવામાં આવે છે. આ ભગવદ્ ગીતા

ગ્રન્થના "વિશ્વરૂપદર્શનયોગ" નામના ૧૧મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનની આગળ વિશ્વના રૂપનું દર્શન કરાવે છે તેનું વર્ણન છે. અર્જુન સ્વયં વિશ્વદર્શનની પોતાની ઇચ્છા પ્રકટ કરતાં વિનવે છે—

एवमेतद्यथाऽऽत्थ तवमात्मानं परमेश्वर ! ।
द्रष्टुमिच्छामि ते रुपमैश्वरं पूरूषोत्तम ! ॥३॥
मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ! ।
योगेश्वर ! ततो मे त्वं दर्शयाऽऽत्मानमव्ययम् ॥४॥

હે પરમેશ્વર ! હું આપનું રૂપ, અને અશ્વર્ય જોવા ઈચ્છું છું. હે પ્રભો ! હે યોગેશ્વર ! જો શક્ય હોય તો તે મને દેખાડો. આના ઉત્તરમાં શ્રીકૃષ્ણ કહે છે કે—

पश्य मे पार्थ ! रुपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानि दिव्यानि नानावर्णकृतानि च ॥५॥
पश्यादित्यान्वसून् रूद्रानश्विनौ मरूतस्तथा ।
बहून्यदृष्टपूर्वाणि पश्याऽऽश्चर्याणि भारत ॥६॥

હે પાર્થ અર્જુન ! જુઓ મારૂં સર્વાશ્રયિરુપ સોરૂપે, હજારરૂપે અનેકરૂપે, અનેક પ્રકારનું રૂપ દિવ્યરૂપ, જાત–જાતના રૂપરંગાદિનું રૂપ–જો જૂઓ–૧૨ સૂર્ય–૮ વસુ, ૧૧ રુદ્ર, અશ્વિની, વાયુ વગેરેને જૂઓ અને આ જગતમાં જે જે પ્રત્યક્ષ દેખાય છે, શાસ્ત્રથી દેખાય છે, પહેલાં ક્યારેય પણ ન જોયા હોય એવા અદૃષ્ટ અને બધા જ આશ્ચર્યકારિ સર્વલોક અને સર્વવસ્તુઓને અદ્ભૂતને તું મારામાં જો. આટલું કહીને યોગેશ્વર અર્જુનને કહે છે કે—

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यं ददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम् ॥८॥

હે અર્જુન આ નરી આંખોથી તો તું મને આ રીતે જોઈ નહીં શકે. લે...તને આ દિવ્ય નેત્રો આપું છું તેનાથી તું મને અને મારા

યોગ અને ઐશ્વર્યને જોઇ શકશે. આટલું કહીને શ્રીકૃષ્ણે અર્જુનને દિવ્ય નેત્રો આપ્યા અને પછી દિવ્ય સૃષ્ટિનું રૂપ સ્વરૂપ દેખાડ્યું–

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरो हरिः ।
दर्शयामास पार्थाय परमं सममैश्वरम् ॥६॥

સૃષ્ટિનું રુપ પોતામાં દેખાડતા યોગેશ્વર શ્રીકૃષ્ણ દેખાડે છે–

दिवि सूर्य सहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः संदृशी सा स्याद्‌भासस्तस्य महात्मनः ॥११॥

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥१३॥

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनञ्जयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥१४॥

पश्यामि देवांस्तव देव ! देहे सर्वास्तथा भूतविशेष संघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थमृश्चषींश्च सर्वानुरगांश्चव दिव्यान् ॥१५॥

अनेकबाहूदरवक्त्रनेत्रं पश्यामि त्वा सर्वतोऽनन्तरुपम् ।
नान्तं न मध्यं न पुनस्तवाऽऽदिं पश्यामि विश्वेश्वर ! विश्वरुप !
किरीटिनं गदिनं चक्रिणं च तेजोराशिं सर्वतोदीप्तिमन्तम् ।
पश्यामि त्वाँ दुर्निरीक्ष्यं समन्ताद्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥१७॥

अनादिमध्यान्तमनन्तवीर्यमनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशनवक्त्र स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥१९॥

द्यावापृथिव्योरिदमन्तरं हि व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्टवाऽद्भुतं रूपमिदं तवोग्रं लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥२०॥

रूद्रादित्या वसवो ये च साध्या विश्वेऽश्विनौ मरूतश्चोष्मपाश्व ।
गन्धर्वयक्षासूरसिद्धसंघा वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥२१॥

नमस्स्पृशं दीप्तमनेकवर्णं व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्टवा हि त्वांप्रव्यथितान्तरात्मा धृति न विन्दामि शमं
च विष्णो ॥२४॥

दंष्ट्राकरालानि च ते मुखानि दृष्टवैव कालानलसन्निभानि ।
दिशो न जाने न लभे च शर्म प्रसीद देवेश जगन्निवास ! ॥२५॥

દિવ્ય અન્તરિક્ષમાં એક સાથે હજારો સૂર્યો ઊગેલા પ્રકાશમાન જોયા, આ બધાની પ્રભા જે પ્રકાશ સ્વરૂપ છે તે બધું આપનું જ મહાત્મ્ય છે. દેવદેવના એ રૂપમાં પાંડવોનું રૂપ પણ અર્જુને જોયું. આ આશ્ચર્ય જોઇને અર્જુને વિસ્મય બુદ્ધિથી પ્રણામ કરીને ભગવાનને વિનંતિ કરી અને કહ્યું કે હે દેવ! હું આપના દેહમાં બધા જ દેવતાઓને જોઈ રહ્યો છું, અને બધા જ પ્રાણીઓને પણ જોઈ રહ્યો છું, સ્થાવર જંગમ બધા પ્રાણીઓનો સમૂહ, કમલાસને બિરાજમાન ચતુઃમુખરૂપ બ્રહ્માને પૃથ્વીરૂપ કમળ પર બિરાજમાન જોયા, વસિષ્ઠાદિ ઋષિ, વાસુકો આદિ ને દિવ્ય સ્વરૂપે જોયા અનેક હાથ, પેટ, મોઢા, નેત્રો વગેરે યુક્ત અનન્તરૂપયુક્ત ભગવાનને સર્વત્ર જોઇ રહ્યો છું, વિશ્વના ઈશ્વર, વિશ્વના નેતા વિશ્વના શરીરરૂપ ને અનન્ત સ્વરૂપે જોઇ રહયો છું. જેનો અન્ત નથી, મધ્ય નથી અને આદિ પણ નથી તે વિશ્વેશ્વર ને જોઉં છું. મુકુટ–ગદા–ચક્રધારિ તેજપુંજ સ્વરુપ ચારે તરફથી દેદિપ્યમાન એવા ઈશને પ્રદીપ્ત વાયુ, અગ્નિ અગ્નિની જ્યોતિ યુક્ત દુઃખે કરીને પણ ન જોઈ શકાય તેવા ઈશને પણ જોઇ રહયો છું. આદિ–મધ્ય–અને અન્ત રહિત–એવા અનાદિ અનન્ત શક્તિમાન, અનન્ત હાથવાળા, સૂર્ય અને ચન્દ્ર રૂપ બન્ને નેત્રોવાળા, દીપ્ત અગ્નિથી વ્યાપ્ત મુખવાળા પોતાના પ્રબલ તેજથી તપતા એવા સમસ્ત વિશ્વને જોઉં છું. સ્વર્ગ પૃથ્વી આદિ આકાશ વગેરે બધા તારા એક વડે જ વ્યાપ્ત કરાયા છે અને બધી દિશાઓ પણ તારા એક વડે વ્યાપ્ત કરાયેલ છે. અર્થાત્ તું જ સર્વત્ર વ્યાપ્ત છે. આવું સર્વવ્યાપી

અત્યન્ત ઉગ્રરૂપથી લોક વ્યાપી સ્વરૂપ જોઈને બધા વ્યથિત થઈ ગયેલા જણાય છે.

રુદ્ર, સૂર્ય, વસવ વગેરે દેવતાઓ પણ તારી કૃપાને પ્રાપ્ત કરેલા દેવતાઓ તને જોતા હોય છે, વિશ્વમાં દેવતાઓ અશ્વિનિ, વાયુદેવતા, ઉષ્મપા પિતર, હાહા–હુહુ આદિ ગન્ધર્વો, કુબેરાદિ યક્ષો, સુર અને અસુર, કપિલાદિ સિદ્ધના સમૂહો બધા આશ્ચર્ય પામીને તને જ જોઈ રહ્યા છે.

સમસ્ત આકાશ વ્યાપી અગ્નિથી જાણે જાજવલ્યમાન દીપ્ત એવું પ્રસારેલું મુખ અને તેમાં પણ લાલ ફાડેલી આંખોવાલા તારા સ્વરૂપને જોઈને અન્તરાત્મા–ચિત્ત વ્યથિત થઈ ગયેલ છે. તે ધીરજ સુખ–શાન્તિ અને સ્વસ્થતાને પામ્યા નથી. હે વિષ્ણુ સર્વવ્યાપી ભગવાન્! આપનું આટલું ભયંકર રૂપ જોઈને ડરી–ગભરાઈ ગયેલા પ્રાણીઓ બીજે કયાંય જઇ ન શકયા....કયાં જાય. તું જ આખા આકાશમાં વ્યાપ્ત હોય તો પછી આકાશથી અર્થાત્ તારાથી બહાર કયાં કેવી રીતે જાય? ગયા જ નથી. અર્થાત્ તું જ સર્વત્ર વ્યાપ્ત છે. હે ભગવન્! યુગના અન્તમાં પ્રલયકાળના સમયે તારૂ રૂપ એટલું વિકરાળ અને ભયંકર થઇ જાય છે કે....તેં ફાડેલુ ભયાવહ મોઢું અને તેમાં દાંતો વગેરે એટલા બીહામણા લાગે છે કે...દશે દિશાઓ પણ તને જોઇને સુખ–શાન્તિ ન પામી અને ગભરાઈ ગઈ. હે જગતના નિવાસરૂપ બ્રહ્માદી ઇશ્વરોના પણ પરમેશ્વર રૂપ પ્રભુ! મારા ઉપર પ્રસન્ન થાઓ, અને મારે પ્રાપ્ય કરવા જેવું આ સૃષ્ટિમાં સ્થાન દેખાડો.

આ પ્રમાણે શ્રી કૃષ્ણે જે મોઢું ફાડીને ભયાનક વિકરાળ રૂપ પોતાનું દેખાડયું....અને અર્જુને જે પ્રલયકાળનું રૂપ જોયું....તેથી અત્યન્ત બેબાકળો બનીને ગભરાઈને ભગવન્‌ને વિનંતિ કરી કે–હે પ્રભુ! મારા ઉપર આપ પ્રસન્ન થાઓ અને મારે કરવા જેવો મને હુકમ કરો...દેખાડો...આ પછી શ્રીકૃષ્ણે અર્જુનને મોઢામાં ધૃતરાષ્ટ્ર તેના પુત્રોને અન્દર અન્દર લડતા દેખાડયા...ભીષ્મ, અને દ્રોણ વગેરેને

પણ લડતા દેખાડયા. ભગવાનના મોઢામાં જાણે સાક્ષાત્ પ્રલયકાળનું વિકરાળ સ્વરૂપ જોયું હોય તેમ અર્જુન ભયભીત થઈ ગયા. પછી શ્રીકૃષ્ણે કહ્યું–"नाशाय विशन्ति" જુઓ આ બધા નાશ માટે જ તૈયાર છે. મરવા માટે જ આવ્યા છે. તો પછી તું કોની રાહ જુએ છે? ઉઠાવ તીર–ધનુષ્ય? અને તું શું કરે છે? તું કયાં મારવાનો છે? આ તો બધુ હું જ કરૂં છું. તું શા માટે અભિમાન લે છે? કે હું કરૂં....? તું કંઈ જ નથી. મારી લીલા છે. હું નચાવું એમ નાચનાર તું કઠપુતળી છે. એમ કહીને શ્રીકૃષ્ણે અર્જુનને જોશ ચઢાવતા કહ્યું—

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व जित्वा शत्रून्मुङक्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव निमित्तमात्रं भव सव्यसाचिन् ॥३३॥

હે અર્જુન! ઊઠ, ઊભો થા, શત્રુઓને જીતીને યશ મેળવ અને સમૃદ્ધ રાજ્યને ભોગવ. શું કામ ગભરાય છે? મારા વડે જ આ બધા લઈ જવાયા છે. અર્થાત્ નિશ્ચયે તો મારી નંખાયા છે, પ્રાણરહિત જ કરી નાંખ્યા છે અને તું તો નિમિત્ત માત્ર જ છે. માટે નિમિત્ત થા. યુદ્ધના મેદાનમાં રણસંગ્રામમાં આગળ વધ અને ચઢાવ તારા ધનુષ્ય ઉપર તીર...એમ વારંવાર કહીને શ્રીકૃષ્ણે અર્જુનના મનને પ્રેરિત કર્યું અને છેવટે અર્જુન મહાભારતનું યુદ્ધ કરવા તૈયાર થયો અને એક પછી એકને મારવાની શરૂઆત કરી....ઈચ્છા ન હોવા છતાં પણ ઈશ્વરેચ્છાને માન આપીને અર્જુન યુદ્ધ માટે તૈયાર થયા. અર્જુને શું યુદ્ધ કર્યું? એમ જ કહેવાય પરોક્ષરુપથી તો શ્રીકૃષ્ણ જ યુદ્ધ કરતા હતા....લડતા હતા...અને મારતા હતા....પરોક્ષપણે જબરદસ્ત સંહાર કરી રહ્યા હતા. અર્જુન તો માત્ર પ્રત્યક્ષરૂપે કઠપુતલી હતો. આ ઈશ્વરની લીલા હતી અને તેમને અર્જુનને માનસિક રીતે તૈયાર કરવા માટે આ પ્રમાણે મોઢું ફાડીને માયા સ્વરૂપ દેખાડયું. હે અર્જુન! તારા ઉપર પ્રસન્ન થઇને તને જ આ સૃષ્ટિનું જગતનું દર્શન કરાવ્યું છે.

मया प्रसन्नेन तवार्जुनेदं रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यं यन्मे त्वदन्येन न दृष्ट पूर्वम् ॥४७॥

શ્રીકૃષ્ણ કહે છે કે....હે અર્જુન! આ તો તારા ઉપર પ્રસન્ન થઈને મેં તને મારૂં તેજોમય રૂપ આત્મયોગથી દેખાડયું છે. આવું વિશ્વ-સૃષ્ટિનું દર્શન જે મેં તને કરાવ્યુંને તેમાં આદિ-મધ્ય-અને અન્તરહિત સૃષ્ટિ તને દેખાડી છે. આવું રૂપ આજ પૂર્વે તારા વિના કોઈને પણ નથી દેખાડયું. એક માત્ર તને જ દેખાડયું છે. અરે! આ રૂપનું દર્શન તો વેદ ભણવાથી પણ નથી થતું, યજ્ઞ-યાગ-હોમનું હવન કરવાથી પણ નહી. દાન, ક્રિયા કે તપથી પણ શકય નથી થતું આ તો માત્ર તને જ મેં દેખાડયું છે. આવા રૂપ-સ્વરૂપને જોવા દેવતાઓ પણ સદા આકાંક્ષા કરતા હોય છે. છતાં માત્ર આ રૂપ તને જ દેખાડયું છે એમ વારંવાર વિવિધ વચનોથી અર્જુનને પ્રેરિત કરીને એને જગાડીને શ્રીકૃષ્ણે અર્જુન પાસે મહાભારતનું જબરદસ્ત યુદ્ધ કરાવ્યું.

ભાગવદ્ ગીતાના "વિશ્વરૂપ દર્શનયોગ" નામના ૧૧ મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ અર્જુનને સૃષ્ટિનું દર્શન કરાવે છે તેનું અહીંયા વર્ણન કર્યું છે. સૃષ્ટિના રચયિતા ઈશ્વર છે અને ૯મા અધ્યાયમાં પણ શ્રીકૃષ્ણે કહયું છે કે-

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥९-८॥

વિચિત્ર પરિણામવાલો જે મારી પોતાની છે. મારા ઉપર જ આશ્રયિને છે, વશ છે, તેને ફરી-ફરીને વિસર્જિત પણ કરૂં છું. જીવ સમુદાય જે દેવ-મનુષ્ય-તિર્યંચ અને સ્થાવરાત્મક ચારે પ્રકારની સૃષ્ટિને હું માત્ર ક્રિડા-લીલા રૂપે જ રચું છું. બનાવું છું, પ્રલય કરીને વિસર્જન પણ કરૂં છું. આ મારૂં મોહિનીરૂપ છે. ફરીફરી કાળેકાળે સર્જન પણ કરૂં છું. આમાં પ્રકૃતિનો સ્વભાવ હોય....અને મારી

લીલા....રમવાની ઈચ્છા ખાતર પણ આ સૃષ્ટિ રચું છું, સમાપ્ત કરું છું. "कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम्" કલ્પે-કલ્પે સર્જન કરું છું. અને કલ્પ પૂરો થાય એટલે તે જ સૃષ્ટિનું વિસર્જન અર્થાત્ પ્રલય પણ કરું છું. બધુ હું જ કરું છું.

સૃષ્ટિ વિષયક આ ઘણી લાંબી માન્યતા છે. અર્જુનને જણાવતાં સ્વયં શ્રીકૃષ્ણ ભગવાન ભાગવત્ ગીતામાં આ પ્રમાણે જણાવે છે.

'મનુસ્મૃતિ"માં સૃષ્ટિનું વર્ણન—

મનુસ્મૃતિને હિન્દુધર્મનો મહાન પવિત્ર ધર્મગ્રન્થ ગણવામાં આવ્યો છે. શ્રી મનુના નામથી મનુસ્મૃતિ નામ આપવામાં આવ્યું છે. વિવિધ વિષયક વર્ણનોમાં સૃષ્ટિ વિષેનું વર્ણન પણ કરવામાં આવ્યું છે તે આ પ્રમાણે છે. (મનુસ્મૃતિ ગ્રન્થના પ્રથમ અધ્યાયના શ્લોક નં ૭ ની સૃષ્ટિ રચવાનું વર્ણન શરૂ થાય છે. તેના શ્લોકો અહીં સ્થાન સંકોચના કારણે નથી મૂકતા (શ્લોકો ઘણાં છે) માત્ર ભાવાર્થ મૂકવામાં આવે છે તેના આધારે સમજવું. (વિશિષ્ટાભ્યાસ માટે ગ્રન્થમાંથી શ્લોકો જોઇ લેવા)

(શ્લોક-૧/૭) જે પરમાત્મા અતીન્દ્રિય, સૂક્ષ્મરૂપ, અવ્યક્ત, નિત્ય અને બધા પ્રાણીઓના આત્મારૂપે છે તે પરમાત્મા સ્વયં પ્રકટ (ઉત્પન્ન) થયા. (૧૮) તે પરમાત્માએ ઈચ્છા કરી કે હું સૃષ્ટિ ઉત્પન્ન કરું અને પછી એ ઇચ્છાથી ધ્યાન કરીને સર્વ પ્રથમ પાણીને સૃષ્ટિમાં ઉત્પન્ન કર્યું, અને એમાં શક્તિરૂપી બીજ છોડયું. (૧/૯) પછી તે બીજ હજારો સૂર્યની જેમ પ્રકાશવાળું સોનાનું શુદ્ધ ઈંડુ થઈ ગયું. પછી તે ઈંડામાં બધા લોકોની સૃષ્ટિ કરનાર બ્રહ્મા ઉત્પન્ન થયો. (૧/૧૨) બ્રહ્મા એ ઈંડામાં ૧ વર્ષ (૩૬૦ બ્રહ્મદિન) સુધી રહયા અને ધ્યાન કરીને એ ઈંડાને ફોડીને બે ટુકડા કર્યા. (૧/૧૩) પછી તે ઈંડાના બે ટુકડાથી એકથી સ્વર્ગની અને બીજાથી પૃથ્વીની રચના કરી અને વચલા ભાગમાં આકાશ, આઠ દિશાઓ અને જલાશય-સમુદ્ર બનાવ્યો. (૧/૧૪) બ્રહ્માએ પોતાથી સત્-અસત્-આત્માવાલા મનની સૃષ્ટિ કરી

અર્થાત્ મન બનાવ્યું. તે પહેલાં અહંકારની ઉત્પત્તિ કરી. (૧/૧૫) અહંકારથી પહેલાં આત્મોપકારક મહતૂની, અને સંપૂર્ણ સત્ત્વ, રજ, તમથી યુક્ત વિષયોની, અને રૂપ–રસાદિ વિષયોને ગ્રહણ કરનારી પાંચ ઇન્દ્રિયોની, ગુદા, પાંચ કર્મેન્દ્રિયોની, પાંચ શબ્દતન્માત્રાદિની રચના કરી. (૧/૧૬) પહેલાં કહેલા અનન્ત શક્તિવાળા તે ૬ના સૂક્ષ્મ અવયવોની તેમના જ વિકારોમાં મેળવીને બધા પ્રાણીઓની રચના કરી....(૧/૧૭) પ્રકૃતિ યુક્ત તે બ્રહ્માના શબ્દાદિ પાંચ તન્માત્રાઓ અને અહંકાર એ ૬ સૂક્ષ્મ અવયવો છે. કર્મભાવથી તેના આશ્રય કરે છે. એ કારણથી લોકો બ્રહ્મની મૂર્તિને જ શરીર કહે છે. (૧/૧૮) તે બ્રહ્માએ પોત–પોતાના કર્મોથી યુકત પંચમહાભૂત આકાશ આદિ સૂક્ષ્મ અવયવોની સાથે મનની સૃષ્ટિ કરી.

(૧/૧૯) પછી વિનાશ રહિત તે બ્રહ્માથી મહાશક્તિ યુક્ત સાત પુરૂષોની સૂક્ષ્મ મૂર્તિના અંશોથી વિનાશશીલ આ સંસાર ઉત્પન્ન થયો. (૧/૨૧) તે હિરણ્યગર્ભ રૂપી બ્રહ્માએ વેદમાં લખેલા વાકયો શબ્દો પ્રમાણે બધાના નામ, કાર્યો, તથા લૌકિક વ્યવસ્થા વગેરે અલગ–અલગ ગોઠવી. (૧/૨૨) પછી તે બ્રહ્માએ ઈન્દ્રાદિ દેવ, કર્મસ્વભાવવાળા પ્રાણી, અપ્રાણી એટલે અજીવરૂપ પૃથ્વી–પત્થર વગેરે સાધ્યગણ અને સનાતન યજ્ઞની સૃષ્ટિ રચી. (૧/૨૩) તે બ્રહ્માએ યજ્ઞોની સિદ્ધિ માટે અગ્નિ, વાયુ અને સૂર્યથી નિત્ય, ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદને ક્રમથી પ્રકટ કર્યા. (૧/૨૪) પછી તે બ્રહ્માએ સમય (કાળ) તેના વિભાગ નક્ષત્ર, ગ્રહ, નદીઓ, સમુદ્ર, પર્વત, સમ–વિષમ (૧/૨૫) તપ, વાણી, રતિ, ઈચ્છા અને ક્રોધની રચના કરી અને પ્રજાની સૃષ્ટિ કરવાની ઈચ્છાથી બ્રહ્માએ (૨૬) કાર્યોની વિવેચના માટે ધર્મ અને અધર્મની અલગ–અલગ વ્યવસ્થા કરી અને જીવોને સુખ અને દુઃખથી યુક્ત કર્યા. (૨૭) બ્રહ્માએ જેને જે કર્મમાં લગાડયો તે, ફરી ફરીથી સર્જના પામનારો તે જ કર્મને કરવા લાગ્યો. (૨૯) હિંસા–અહિંસા, મૃદુ, કઠોર, ધર્મ–અધર્મ, સત્ય અને અસત્યાદિને સૃષ્ટિની આદિમાં જ

જેના માટે બ્રહ્માએ બનાવ્યા હતા તે તે જીવો વારંવાર એમાં જ અદષ્ટવશ પોતે જ કરવા લાગ્યા. (૩૦) જેમ ૬ ઋતુઓ પરિવર્તન પામતી પોતાની મેળે જ લક્ષણો પ્રકટ કરે છે, તેમ જીવો પણ કર્મોને સ્વયં જ પ્રાપ્ત કરે છે. (૩૧) લોક વૃદ્ધિ માટે બ્રહ્માએ મુખ, હાથ, છાતી અને પગેથી ક્રમશઃ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્રોની ઉત્પત્તિ કરી. અર્થાત્–મોઢેથી બ્રાહ્મણોની ઉત્પત્તિ કરી. બાહુ–હાથથી ક્ષત્રિયોની, ઉર–છાતીથી વૈશ્ય–વણિકોની અને પગેથી શુદ્રોની ઉત્પત્તિ કરી છે. (૩૨) તે બ્રહ્માએ પોતાના શરીરના ૨ ભાગ કરીને અર્ધા ભાગથી પુરૂષને અને પછી અર્ધા ભાગથી સ્ત્રીને બનાવી દીધા (થઈ ગયા) અને પછી તે જ સ્ત્રીમાં "વિરાટ" નામવાલા પુરૂષની ઉત્પત્તિ કરી. (૩૩) અને પછી તે વિરાટ પુરૂષે તપશ્ચર્યા કરીને જે મનુને ઉત્પન્ન કર્યા તે મનુ પુરૂષને સંસાર ઉત્પન્ન કરનારા તરીકે જણાયો. (૩૪) પછી તે મનુએ સૃષ્ટિ કરવાની ઇચ્છાથી અત્યન્ત કઠીન તપશ્ચર્યા કરીને પહેલા ૧૦ પ્રજાપતિઓની રચના કરી તે મરીચિ, અત્રિ, અંગિરા, પુલસ્ત્થ, પુલહ, ક્રતુ, પ્રચેતા, વશિષ્ઠ, ભૃગુ અને નારદ હતા. (૩૬) આદેશે એ ૭ અન્ય મનુઓ, દેવતાઓ એમના નિવાસ-સ્થાનો, અને મહર્ષિઓની ઉત્પત્તિ કરી. (૩૭) પછી યક્ષ, રાક્ષસ, પિશાચ, ગન્ધર્વ, અપ્સરાઓ, અસુર, નાગ, સાપ, ગરૂડ, પિતૃગણ (૩૮) બિજલી, વજ, વાદળા, રોહિત, ઈન્દ્રધનુષ્ય, ઉલ્કા, નિર્ઘાત, ધુમકેતુ અને અનેક પ્રકારના તારાઓ, ધ્રુવ તથા અગસ્ત્ય, આદિ. (૩૯) કિન્નર, વાનર અનેક પ્રકારની માછલીઓ, પક્ષીઓ, પશુઓ મૃગ, (હિરણ), સિંહ, વાઘ, આદિ અને બન્ને બાજુ ઉપર–નીચે દાંત વાલા પશુઓ, (૪૦) કરમીયા, નાના કીડાઓ, કીટ, પતંગિયા, જુ, માખી, માંકડ બધી જાતના ડેશ અને મચ્છરો અને અનેક પ્રકારના સ્થાવરોની ઉત્પત્તિ કરી....(૪૧) વચમાં બ્રહ્મા કહે છે કે....આ રીતે તે મહાત્માઓએ મારા આદેશથી તપોબલવડે સ્થાવર અને જંગમ સૃષ્ટિની રચના તેમના કર્માનુસારે કરી. (૫૧) આ પ્રમાણે અચિન્ત્ય

સામર્થ્યવાલા બ્રહ્માએ અમારી (મનુ આદિની) તથા બધા સ્થાવર-જંગમ જીવોની સૃષ્ટિ રચીને પછી પાછી પ્રલયકાળે સૃષ્ટિનો નાશ કરતાં થકાં પોતે પોતામાં જ અંતર્ધાન થઇ ગયા.

આ પ્રમાણે મનુસ્મૃતિ ગ્રન્થમાં સ્વયં મનુ ભગવાન પ્રથમ અધ્યાયમાં શ્લોક નં. ૭ થી ૪૧ સુધી સૃષ્ટિ રચના કેવી રીતે કરી તે પોતે જાતે જ કહે છે અને ૫૧માં શ્લોકમાં બ્રહ્મા લીન થઇ ગયાની વાત આવી. આગળ ઘણું લાંબુ વર્ણન છે. પણ સૃષ્ટિ રચનાના કાર્યનું વર્ણન આટલું જ છે.

ભાગવદ્ ગીતા અને મનુસ્મૃતિ આ બન્ને ગ્રન્થોમાં આવેલ હિન્દુધર્મની માન્યતાનુસાર સૃષ્ટિ રચનાનું વર્ણન ઉપરોક્ત રીતે છે. સ્વયં પાઠક ગણ વાંચીને વિચાર કરી શકશે. એ જ પ્રમાણે ભિન્ન ભિન્ન ઘણાં પુરાણાદિ ગ્રન્થોમાં પણ વર્ણન છે. સંક્ષિપ્તમાં થોડુંક વિચારીએ—

પદ્મપુરાણમાં-ઉત્તરખંડમાં ૨૯માં અધ્યાયમાં કહ્યું છે કે-વેણુ રાજાના જમણા હાથને મથવા લાગ્યા, તેમાં પરસેવો થયો, બ્રાહ્મણો મથતા હતા ત્યારે પૃથુ ઉત્પન્ન થયો.

મત્સ્યપુરાણ-ના ૧૦માં અધ્યાયમાં કહે છે કે સ્વયંભૂ વેશે અંગના પાપી પુત્ર રાજા વેણુના કચરાતા શરીરમાંથી પૃથુ નિકળ્યો. તે વિષ્ણુને પ્રસન્ન કરી રાજા થયો. પણ પૃથ્વીને બાળવા તૈયાર થયો ત્યારે પૃથ્વી ગાયનું રૂપ લઇને ભાગી, પૃથુ પાછળ દોડયો. પછી પૃથ્વીરૂપ ગાય ઉભી રહી અને દૂધ દોહવાની રજા આપી અને અનુક્રમે જુદા-જુદા લોકો ગાયને દોહતા ગયા તેમ તેમ જુદી-જુદી વસ્તુઓ ઉત્પન્ન થતી ગઈ. વિષ્ણુપુરાણમાં થોડા ફેરફાર સાથે આ જ વાત કરી છે કે ભાગતી એવી ગાયરૂપ પૃથ્વીને પૃથુરાજા ધનુષ્ય મારવા તૈયાર થયો ત્યારે પૃથ્વીરૂપી ગાયે વચન માગ્યું અને સ્થિર થઇ ગઇ. તેને પૃથ્વી કહેવાઇ.

કર્મપુરાણ—સૃષ્ટિ વિષે કહે છે કે-પ્રથમ નારાયણ દેવ ઉત્પન્ન થયા. તેથી બ્રહ્મા અને બ્રહ્માથી સનકાદિ પાંચ મુનિ થયા. તે પાંચે મુનિ-ઋષિઓને સૃષ્ટિ રચવાની ઇચ્છા રહિત જોઇને બ્રહ્મા માયાથી ઇશ્વરમાં મોહ પામ્યા. પછી વિષ્ણુના બોધથી પુત્રરૂપ બ્રહ્માએ મહાતપ કર્યો. પણ તપની નિષ્ફળતાના કારણે ખેદ-તથા ક્રોધ થવાથી આંખો-માંથી આંસુ પડયા, તે આંસુથી જમીન-વક્ર થઇ તેમાંથી મહાદેવ થયા. તે મહાદેવને બ્રહ્માએ સૃષ્ટિ રચનાની રજા આપી તેને સૃષ્ટિ રચનામાં ઘણાં ભૂત-પ્રેત-પિશાચ ઉત્પન્ન કર્યા. પણ તેઓ ઉત્પન્ન થતા જગતનું ભક્ષણ કરવા લાગ્યા. આ ગોટાળો જોઇ આશ્ચર્ય પામેલા બ્રહ્માએ મહાદેવને કહ્યું કે-"अलंप्रजाभिः सृष्टाभिरीदशीभिः" બસ. આવી ઉત્પન્ન થયેલ પ્રજાથી સર્યું. એટલે સૃષ્ટિ રચવાનું કામ બંધ કરવા ફરમાવ્યું. એમ બ્રહ્માએ શિવથી સૃષ્ટિ બનાવી.

રામાયણમાં— અયોધ્યાકાંડમાં બે પ્રકારના વર્ણનો છે. અરણ્ય-કાંડના ૨૧માં સર્ગમાં-બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-અને શુદ્ર એ ચાર વર્ણની ઉત્પત્તિ કાશ્યપની પત્ની મનુ શતરૂપાના ચાર અંગમાંથી થયેલી બતાવે છે.

પૃથ્વીસૃષ્ટિખંડ—ના ૩જા અધ્યાયમાં શ્લોક ૧૦૧ થી ૧૦૪ સુધીમાં બ્રહ્માના કપાલથી અર્ધપુરૂષરૂપે, અર્ધસ્ત્રીરૂપે શિવજી પેદા થયા. તેથી પછી વિશ્વ રચના થઈ છે એમ લખે છે.

મત્સ્યપુરાણમાં—વિષ્ણુના કાનના મેલથી ઉપજેલ મધુકૈટભ દૈત્ય સાથે વિષ્ણુએ પાંચ હજાર વર્ષ યુદ્ધ કર્યું હતું. આમાં બ્રહ્માથી શિવની ઉત્પત્તિ જણાવે છે. અનેક પ્રકારના ભિન્ન ભિન્ન નાના-નાના મતોમાં ઘણી જુદી જુદી વાતો કહેલી છે. અક્ષરવાદી કહે છે કે-અક્ષરથી જ વાયુ, તેજ (અગ્નિ) જલ, અને પૃથ્વી એ અનુક્રમે થયા છે. (ત. પ્રા. ૧૬૩). મધુકૈટભ-ના મુડદાથી પણ સૃષ્ટિ રચવાનું કહેવાય છે. (સતશ્ય) નારદપુરાણમાં—નારાયણની જમણી બાજુથી બ્રહ્મા, ડાબી બાજુથી વિષ્ણુ અને વચ્ચેથી શિવ નિકળ્યા છે. એમ કહ્યું છે ભાગવત્

—માં કહ્યું છે કે-વિષ્ણુની નાભિમાંથી એક કમળનું ફુલ નિકળ્યું. તે ફુલમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા અને પછી એ બ્રહ્માજીએ વિશ્વની ઉત્પત્તિ કરી છે. માર્કણ્ડેય પુરાણમાં-વળી જુદુ જ કહ્યું છે. મહાલક્ષ્મીથી વિષ્ણુ, મહાકાળીથી મહાદેવ અને મહાસરસ્વતીથી બ્રહ્મા ઉત્પન્ન થયા છે. પછી તેમણે સૃષ્ટિ રચી છે. એ રીતે વિવિધ પ્રકારના પુરાણોમાં જુદી-જુદી ઘણા પ્રકારની માન્યતાઓ દર્શાવવામાં આવી છે.

## વિવિધ દર્શનોમાં સૃષ્ટિ વિવેચન—(૧) વૈશેષિક દર્શન-

વૈશેષિક દર્શનના રચયિતા આદ્યપુરૂષ કણાદ મહર્ષિનો મત છે કે તત્ત્વ પહેલાં કંઈજ નથી. અણુ જ અનાદિ છે. અણુથી જ પાણી, બ્રહ્માણ્ડ, વિષ્ણુ, નાભિકમળ અને બ્રહ્માજી ઉત્પન્ન થયા છે. એ રીતે સૃષ્ટિની રચના અણુ-પરમાણુથી થાય છે એવું વૈશેષિક દર્શનનો મત છે. માટે વૈશેષિક પરમાણુવાદી-અણુવાદી કહેવાય છે.

**પતંજલિ**—પાતંજલ વ્યાકરણના રચયિતા પતંજલી મહર્ષિનું કહેવું છે કે-આત્મા અને પરમાત્મા બન્ને તત્ત્વો સ્વતંત્ર છે. એ બન્નેમાં કોઇ સંબંધ નથી. **સાંખ્યમત**—સાંખ્ય દર્શનમાં આદિ પુરૂષ કપિલમુનિ કહે છે કે-પ્રકૃતિ અને પુરૂષ આ બે તત્ત્વો છે, બન્ને અનાદિ અનન્ત છે. તેનો સૃષ્ટિ પ્રવાહ ચાલે છે. વિશ્વનો કોઈ કર્તા નથી. તે પ્રવાહથી જ અનાદિ-અનન્ત છે. આત્મા અનેક છે, પ્રકૃતિ એક છે. (કેટલાકના મતે પ્રકૃતિ પણ અનેક છે) અનુક્રમથી પ્રકૃતિ, વિકૃતિ, અને વિષાદવાળા, લઘુતા, ઉપષ્ટંભ અને ગૌરવધર્મવાળા સત્ત્વાદિ ત્રણ ગુણો-(સત્ત્વ-રજ-તમ)ની સામ્યાવસ્થા તે પ્રકૃતિ કહેવાય છે. તે આદિ-મધ્ય-તથા અન્ત વગરનો છે. અનાદિ-અનન્ત છે. અવ્યય, અનવયવ, સાધારણ અને શબ્દ, રૂપ, રસ, ગંધ, તથા સ્પર્શથી રહિત છે. પ્રકૃતિને જ પ્રધાન કે અવ્યક્ત કહેવાય છે, પ્રકૃતિથી બુદ્ધિ જન્મે છે, બુદ્ધિથી અહંકાર જન્મે છે, અને પછી અહંકારથી શબ્દ, રુપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ તન્માત્રા પ્રકટે છે. બુદ્ધિ

અહંકાર અને પંચતન્માત્રા એ સાત તત્ત્વો પ્રકૃતિ-વિકૃતિ સર્વે છે. આમાંથી આંખ, કાન, નાક, જીભ અને ચામડીએ પાંચ જ્ઞાનેન્દ્રિયો થાય છે. પછી વાણી, હાથ વગેરે પાંચ કર્મેન્દ્રિયો અને મન એમ ૧૧ વિકારો થાય છે. એક રીતે પ્રકૃતિ વગેરે ૨૪ તત્ત્વો છે અને પચ્ચીશમું તત્ત્વ પુરૂષનું છે. આ પુરૂષ એજ સાંખ્યમતે ભગવાન છે. તે અમૂર્ત, ચેતન, ભોગી, નિત્ય, સર્વગત, સક્રિય, અકર્તા, નિર્ગુણ, અને સૂક્ષ્મ આત્મા છે. આ પ્રમાણે ૨૫ તત્ત્વજ્ઞાન વિષયક સાંખ્યમત છે તે જગત્કર્તા ઈશ્વરને માનતા નથી. પણ આ રીતે પ્રવાહથી અનાદિ-અનન્ત સૃષ્ટિ માને છે.

**મીમાંસકો—** મીમાંસામતવાદી જૈમિનિ સૃષ્ટિ અને વેદો બન્નેને અનાદિ-અનન્ત માને છે. મીમાંસકો સર્વજ્ઞ પુરૂષનું જ ખંડન કરે છે. માટે આ લોકો સર્વજ્ઞ પુરૂષને માનતા જ નથી. સૃષ્ટિ વિષે મીમાંસા દર્શનના ભાષ્યકાર શ્રીમત્પાર્થ સારથિ મિશ્ર પ્રથમ અધ્યાયના પ્રથમવાદની વ્યાખ્યામાં લખે છે કે—"न च सर्गादिनां कश्चित् कालोऽस्ति सर्वदा ईद्दशमेव जगदिति दृष्टानुसारादवगन्तुमुचितम् । न तु सकालोऽभूत यदा सर्वमिदं नासीदिति प्रमाणाभावात्" ।—અર્થાત્ આ સૃષ્ટિની ઉત્પત્તિનો કોઈ નિશ્ચિત એક સમય નથી. એવો કોઈ સમય જ ન હતો કે જ્યારે આ બધી સૃષ્ટિ હતી જ નહીં. એમાં નહોતી કહેવામાં કોઈ પ્રમાણ જ નથી. માટે સૃષ્ટિનો કર્તા પણ નથી. અને એની આદિ-અન્ત પણ નથી. અનાદિ-અનન્ત છે. જૈમિનિ સૂત્રના પ્રથમ અધ્યાયના પ્રથમ-પાદના પાંચમા અધિકારની વ્યાખ્યા કરતાં શ્રી પાર્થસારથિ મિત્ર શાસ્ત્ર દીપિકામાં લખે છે કે—"સૃષ્ટિ-જગતની આદિમાં ફક્ત એક આત્મા જ હતો. તે આત્મા જ પોતાની ઈચ્છાથી આકાશ આદિ વિસ્તારરૂપમાં પરિણમતો ગયો. જેમ બીજ જ ઝાડ થાય છે તેમ. અવિદ્યાના ઉપાદાન કારણવાળી સ્વપ્ન પ્રપંચની જેમ મહદાદિ પ્રપંચમય આ સૃષ્ટિ છે.

સાતમા સૈકામાં થયેલા શંકરાચાર્યજી કેવલાદ્વૈતવાદને સ્વીકારનારા કહે છે કે, આત્મા એક છે. જગતની ઉત્પત્તિનું કારણ બ્રહ્મ છે. આ જગતની રચના અચિન્ત્ય શક્તિશાળી પરમેશ્વર અને માયાથી ઈન્દ્ર-

જાલની જેમ જગત્ ઉત્પન્ન થાય છે. જીવોના દુષ્કૃત્યોના ફળો મળે છે. અને છેવટે અન્તે જગતનો અન્ત પ્રલય થાય છે.

"બ્રહ્મસૂત્ર ૧–૪–૩ના ભાષ્યમાં સંસારમાં પશુ–પક્ષી વગેરે પદાર્થો વ્યક્ત થાય છે. તેઓ પ્રલય પૂર્વે–સૃષ્ટિ રચનાના પહેલા અવ્યક્ત ભાવથી બ્રહ્મામાં લીન હતા. આ અવ્યક્ત અવસ્થા જ નિર્વિશેષ બ્રહ્મ-સત્તાનું રૂપાન્તર માત્ર જ જગતરૂપ કાર્યનું ઉપાદાન કારણ છે. કારણ બીજશક્તિ અથવા દૈવીશક્તિ છે. શક્તિ રહિત શુદ્ધ (બીજ યુક્ત) બ્રહ્મ જડ જગતનું ઉપાદાન કારણ છે. કેવલાદ્વૈતવાદીઓ પ્રલય કાળે પણ બીજનો જ પ્રાદુર્ભાવ માને છે. અને પછી તે જ સૃષ્ટિરૂપે પરિણત થાય છે. એ પ્રમાણે ગૌડપાદકારિકામાં કહેવાયું છે.

શંકરાચાર્ય જગતને વિવર્તરૂપે માને છે. વલ્લભાચાર્ય સત્‌રૂપે અને પરિણામરૂપે માને છે, જ્યારે દયાનન્દ સરસ્વતી જગતને જડરૂપે માને છે.

**બૌદ્ધ દર્શનવાદીઓ**—કહે છે કે....પ્રથમ કાંઈ જ ન હતું. બધું જ શુન્ય હતું. નિરંજનપુરૂષ નીરમાં હતો. ધર્મ નિરંજન દેવ બ્રહ્માસને બેસી યોગમાં ૧૪ યુગ કાઢયા....ત્યાર પછી 'હાઇ' બોલતા ઉલુક (ઘુવડ) થયો. તે ઉલુકમુનિ ૧૪ યુગ ભૂખ્યા રહ્યા. પછી અન્તે પ્રભુ પાસે ખાદ્યની માગણી કરી. અને પ્રભુએ થૂંક આપ્યું તેમાંથી બે–ચાર છાંટા ઊલુક મુનિના મુખની બહાર પડી ગયા. તે સાગર–સમુદ્ર બની ગયા. પછી ઉલુકમુનિ એક પાંખ તોડીને પાણીમાં ફેંકે છે અને તે ઉલુક સૃષ્ટિ બને છે. હંસ સૃષ્ટિ બને છે...પછી પ્રભુએ કાચબો....વગેરે બનાવ્યા....પછી પ્રભુએ કાનનું કુંડળ પાણીમાં ફેંકયું તે દેડકો બની ગયો....ગૌરીના ગર્ભથી બ્રહ્મા–વિષ્ણુ તથા શિવ જન્મ્યા છે. એવી વાતો શૂન્યપુરાણ, ધર્મપૂજાવિધાન વગેરેમાં કરી છે. સૃષ્ટિની વાત બ્રાહ્મણ સૃષ્ટિવાદને મળતી છે. ઔલુકયદર્શનની વાતો છે.

નેપાળના બૌદ્ધ ધર્મીઓ કહે છે-પહેલાં શૂન્ય સિવાય કંઇ જ ન હતું. જ્યારે સ્વયંભૂ એકલા હતા. તે આદિ બુદ્ધને ઘણા થવાની ઇચ્છા થઇ અને બુદ્ધ અને પ્રજ્ઞાના યોગથી પ્રજ્ઞા=ગાય, કે શિવ-શક્તિ કે બ્રહ્મા માયાની રચના થઇ. પછી પાંચ બુદ્ધો જન્મ્યા. આદિ બુદ્ધે તે પાંચેયને સૃષ્ટિ રચવાનો આદેશ આપ્યો....ત્યારથી અત્યાર સુધીમાં ૪ બુદ્ધો અને ૪ બુદ્ધકલ્પ થઇ ગયા. આવી વાતો નેપાલના બૌદ્ધો માને છે. સંતાનવાદી બૌદ્ધો શૂન્યવાદ-ક્ષણિકવાદ અને સંતાન પરંપરા માને છે.

'વિવર્તવાદી' શાંકરમતનું કહેવું છે કે-"अतात्त्विको अन्यथा भावः विवर्त इति उदीरितः" । જે વસ્તુ સત્ રૂપે ન હોય અને છતાં છેની જેમ ભાસે છે તેને વિવર્ત કહેવાય છે. જેમ સાપ ન હોય અને ખબર પડે કે સાંપ છે તે ભ્રમને વિવર્ત કહેવાય છે. એવી રીતે "ब्रहम सत्य जगन्मिथ्या" બ્રહ્મ સત્ પદાર્થ છે સત્તા સ્વરૂપ છે. અને આ જગત ભ્રમરૂપ મિથ્યા છે. વાસ્તવમાં કંઈ છે નહીં પણ ભાસે છે. સ્વપ્નમાં જેમ હોતું કંઈ જ નથી. અને સ્વપ્નામાં બધું જ દેખાય છે. તે રીતે આ જગત્ કે સૃષ્ટિ મિથ્યા છે. માત્ર ભાવે છે. વિવર્તરૂપે છે. હકીકતમાં કંઈ જ વાસ્તવિકતા જ નથી. માત્ર ભાષ્યમાન છે. પછી સૃષ્ટિ બનવાની કે પ્રલયની કે પછી અનાદિ-અનન્તાદિની વિચારણા કરવાનો કોઈ પ્રશ્ન વિવર્તવાદીઓને રહેતો જ નથી. આ તો માત્ર કાલ્પનિક ભ્રમાત્મક છે. જેમ સ્વપ્નું પુરૂં થાય અને આંખો ઊઘડતા સામે જોઇએ ત્યારે કંઈ જ નથી દેખાતું તેમ તત્ત્વજ્ઞાનની આંખો ખુલતાં આ જગત કંઈ જ નથી. ઘર-પુત્ર-પત્ની પરિવાર વગેરે બધું કંઇ જ નથી એમ જ્ઞાન થાય છે. માટે સ્વપ્નવત્ આ સંસાર કંઇ જ નથી એવો વિવર્તવાદીનો પક્ષ છે. બસ સ્વપ્નથી વધુ કંઇ જ નથી. માટે મિથ્યા છે.

સૃષ્ટિની ઉત્પત્તિ તથા તેની રચના-કર્તા-કાળ આદિ અનેક અપેક્ષાઓથી વિચાર કરનારા અનેક વાદીઓ છે. અનેક મતો છે. બધા જુદી-જુદી રીતે વાતો કરે છે. પોત-પોતાના મતો છે, વિચારણા છે. તેમાં કેટલાક આ પ્રમાણે પણ છે.

**સૃષ્ટિવાદીઓ—**

इच्छन्ति कृत्रिमं सृष्टिवादिनः सर्वमेवमिति लोकम् ।
कृत्स्नं लोकं महेश्वरादयः सादिपर्यन्तम् ॥

સૃષ્ટિવાદીઓ આ સર્વ લોકને કૃત્રિમ માને છે. એમાં પણ મહેશ્વરાદિથી સૃષ્ટિની ઉત્પત્તિ માનવાવાળા સૃષ્ટિવાદીઓ સંપૂર્ણ લોકને આદિ-અન્તવાલો માને છે. કેટલાકનું કહેવું છે કે-માની-અહંકારી ઈશ્વરથી જગત ઉત્પન્ન થયું છે. કેટલાક સોમ અને અગ્નિથી જગતની ઉત્પત્તિ માને છે. અને કેટલાક સંસારને 'ષટ્દ્રવ્યના વિકલ્પરૂપ માને છે. વૈશેષિક મત-પૃથ્વી આદિ ૯ પ્રકારના દ્રવ્યો, શબ્દ વગેરે ૨૪ ગુણો, પાંચ કર્મ, સામાન્ય બે પ્રકારે, સમવાય એક, વિશેષઅનન્ત એ ષટ્ પદાર્થોને કણાદમુનિ માને છે. અને જગત આટલું જ છે. બસ બીજુ કુંઇ જ નથી.

**કેટલીક માન્યતાઓ—**

કેટલાકના મતે એક પરમેશ્વરની ૩ અવસ્થા છે. ગતિ છે. (૧) હરિ (વિષ્ણુ) (૨) શિવ, અને ત્રીજા બ્રહ્મા. આ ત્રણમાં શિવ જગતનું કારણ છે. કર્તા વિષ્ણુ છે. અને ક્રિયા બ્રહ્મા કરે છે. કેટલાકના મતે વળી આ જગત વિષ્ણુમય અથવા વિષ્ણુનું રચેલું છે. કેટલાક આને કાલકૃત માને છે, કેટલાક જગતમાં જે કંઇ થાય છે તે બધું ઇશ્વરની ઈચ્છા પ્રેરણાથી જ થઇ રહ્યું છે એમજ માને છે. અને કેટલાક સૃષ્ટિને બનાવનારા બ્રહ્માને કહે છે. કપિલના મતવાળા જગતને અવ્યક્તથી આખું જગત ઉત્પન્ન થયેલું માને છે. શાક્યમુનિના સન્તાનીય વિજ્ઞાનાદ્વૈતવાદીઓ જગત્‌ને ક્ષણિક માને છે. ક્ષણનું જ મહત્ત્વ આંકે છે. અને એમના જ કેટલાક સન્તાનીય બૌદ્ધો જગતને શૂન્ય રૂપ જ માને છે.

કેટલાક પુરૂષથી જગતઉત્પન્ન થયેલું માને છે, અથવા પુરૂષ મય જ આખું જગત માને છે. "पुरूष एवेदं सर्वमित्यादि वचनात्" પુરૂષ એ જ આ આખું જગત છે. આ વચનના આધારે કેટલાકવળી દૈવયોગે અને સ્વભાવ યોગે પણ જગતને ઉત્પન્ન થયેલું માને છે. કેટલાક "एकोऽहं बहुस्यामिति वचनात्" હું એક છું અને બહુરૂપે થાઉં એ વચનના આધારે અક્ષર બ્રહ્માના ક્ષરવાથી, અર્થાત્ માયાવાળો હોવાથી જગતની ઉત્પત્તિ માને છે. અને કોઇક પક્ષ જગત્‌ને અંડામાંથી ઉત્પન્ન થયેલો બતાવે છે. કેટલાકનું કહેવું છે કે આ લોક યદૃચ્છા અર્થાત્ સ્વયમેવ જ ઉત્પન્ન થયેલો છે. અને બીજા કેટલાકના કહેવા પ્રમાણે આ જગત્ ભૂતોના વિકારથી ઉત્પન્ન થયેલું છે. કેટલાકની માન્યતા એવી છે કે....જગતને અનેકરૂપી માને છે. એવા ઘણા વિકલ્પો સૃષ્ટિની ઉત્પત્તિ-સ્થિતિ વિષે છે.

**કાળવાદીનો પક્ષ—**

कालः सृजति भूतानि कालः संहरते प्रजाः ।
कालः सुप्तेषु जागर्ति कालो हि दुरतिक्रमः ॥

—કાળવાદિઓ કહે છે કે...કાળ જ પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-અને આકાશાદિ પાંચ ભૂતોને બનાવે છે. કાળ જ પ્રજાનો સંહાર કરે છે. જીવો જ્યારે સૂઇ ગયા હોય ત્યારે તેમની રક્ષા કરવા અર્થે કાળ જ જાગતો રહે છે. કાળ જ દરેકનું રક્ષણ કરે છે. ઋતુ વિભાગ, ઠંડી, ગરમી, વૃષ્ટિ, ગર્ભધારણા, ગર્ભજન્મ, સ્થિતિ બાલ્યાદિ, વિવિધ અવસ્થાઓ વગેરે કૃતક કાર્યોમાં એકમાત્ર કાળની જ મહત્તા દેખાય છે. માટે કાળ એ દુરતિક્રમ છે. દુઃખે કરીને ઉલ્લંઘી શકાય છે.

**સ્વભાવવાદીનો મત—**

"स्वभावतः सर्वमिदं प्रवृत्तं"-સ્વભાવથી જ બધું પ્રવર્તે છે. કયો માણસ કાંટાઓને અણીદાર તીક્ષ્ણ કરે છે. મોર-હરણ પોપટ, વગેરે પશુ-પક્ષીઓના સરસ મનોહર રંગબેરંગી રંગો કોણ બનાવે છે, તેમ-

નામાં કોણ ભરે છે? કોઈ જ નથી કરતું. માટે પોતાની ઇચ્છાથી કંઈ જ નથી થતું; બધું સ્વભાવથી જ થઇ જાય છે. દરેક કાર્યનું કારણ પોત–પોતાનો સ્વભાવ છે. દરેક પદાર્થો સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે. જેમ કે માટીમાં ઘડો બનવાનો સ્વભાવ છે. લોટમાં રોટલી બનવાનો સ્વભાવ છે. તેથી તેમાંથી જ તે થાય છે. સીમેન્ટની રોટલી નથી બનતી. અને માટીમાંથી મકાન નથી બનતું. તાંતણામાંથી જ કપડા બને છે. સ્વભાવથી જ મગ ચઢી જાય છે. પણ કોરડુ મગ નથી ચઢતા કારણ તેનો સ્વભાવ જ ચઢવાનો નથી. શેરડીમાં મીઠાશ, પાનમા રંગ, ફૂલમાં સુગંધ, અને સુખડમાં શીતલતા છે એ બધું તે તે પદાર્થની સ્વભાવ-જન્ય સ્થિતિ છે. માટે સ્વભાવથી જ બધું બને છે. માટે કોઈ સ્વભાવને જ Nature પ્રકૃતિ કહે છે. પ્રકૃતિ એટલે જ સ્વભાવ. અને Nature કહેવાય છે. માટે સૃષ્ટિને પ્રાકૃતિક એટલે સ્વભાવોત્પન્ન કહેવાવાળા પણ છે.

**દૈવવાદીનું કથન—**

દૈવ એટલે ભાગ્ય. માત્ર દૈવ કે ભાગ્યને જ બધા કાર્યમાં એક-માત્ર પ્રધાન કારણ માનનારા દૈવવાદીઓ કહે છે કે....સ્વચ્છંદ રીતે ધન ગુણ, વિદ્યા, ધર્માચરણ, સુખ, દુઃખ આદિ નથી રહેતા, નથી આવતા પરન્તુ કાળ રૂપી રથયાન ઉપર ચઢેલો દૈવ પોતાની રીતે જેને જ્યાં લઇ જાય છે ત્યાં બધા જાય છે. અર્થાત્ ભાગ્યથી જ બધું થાય છે. જે કંઈ પણ થાય છે બને છે તે બધું દૈવયોગે જ થાય છે. કાળ તો તેમાં નિમિત્ત કારણ બને છે. બીજા ઘણાં નિમિત્ત કારણો બનતા હોય તો પણ મુખ્ય કારણ તો એકમાત્ર દૈવ છે. ભાગ્ય પ્રબલ છે. બલવાન છે. સ્પષ્ટ શબ્દો છે કે.... दैवं यतो जयति तेन यथा व्रजामि ।

અક્ષરવાદીઓ ના મતે– અક્ષરથી ક્ષરનો કાલ ઉત્પન્ન થાય છે. આ હેતુથી કાળને વ્યાપક માન્યો છે. વ્યાપકાદિ પ્રકૃતિ સુધીને જ સૃષ્ટિ કહેવાય છે. એક રીતે અક્ષરવાદીઓ પણ કાલવાદીઓ જેવા જ છે.

બીજા કહે છે કે....પ્રથમ અક્ષરાંશ પછી તેમાં વાયુની ઉત્પત્તિ થઇ. એ વાયુમાં (તેજ) અગ્નિ ઉત્પન્ન થયો અગ્નિથી પાણી બન્યું, અને અન્તે પાણીથી પૃથ્વી ઉત્પન્ન થઈ. આ રીતે પંચ ભૂતો બન્યા.

અંડવાદીઓ કહે છે કે–નારાયણ ભગવાન જે પરમ અવ્યક્ત છે. તેમનાથી વ્યક્ત ઈંડુ ઉત્પન્ન થયું. તે ઈંડામાં સાત દ્વીપવાળી પૃથ્વી પછી પાણી, સમુદ્ર, જરાયુ, મનુષ્યાદિ અને પર્વતો થયા. એ પછી સાત–સાત એમ ૧૪ ભુવનો થયા. ભગવાન એ ઈંડામાં ૧ વર્ષ સુધી રહ્યા અને પોતાના ધ્યાનથી તે ઈંડાના બે ભાગ કર્યા. તે ઈંડાના બે ભાગમાંથી ઉપરના ભાગથી આકાશ અને નીચલા બીજા ભાગથી પૃથ્વી નિર્માણ કરી. આ વાત એમણે આ શ્લોકમાં સ્પષ્ટ કરી છે.

नारायणः परोऽव्यक्तादण्डमव्यक्तसंभवम् ।
अण्डस्यान्तस्त्वामी भेदाः सप्तद्वीपा च मेदिनी ॥

અહેતુવાદીઓનો પણ એક પક્ષ છે.–તેઓ કહે છે કે....પ્રતિ સમય થનારા જે વિચિત્રભાવો છે તે બધા અહેતુથી વિના કારણે જ ઉત્પન્ન થાય છે. ભાવથી રહિત દ્રવ્યનો સંભવ નથી. આકાશના ફૂલની જેમ.

પરિણામવાદીઓનો પણ પોતાનો એક પક્ષ છે. સમયે સમયે વસ્તુમાં પરિણમન થાય છે. પરિણામ બદલાય છે. સમયે સમયે આત્મા પ્રત્યે પરિણામો થયા' એવી જ રીતે બધા ભાવો–પદાર્થોમાં થાય છે. ઈચ્છાથી કંઈ જ નથી થતું કારણ કે ઈચ્છા તો ક્રમવર્તી ક્રમભાવિ છે. અને પરિણામ તો બધા પદાર્થોમાં એકસાથે થતા જ હોય છે.

નિયતિવાદીઓ પોતાની વાત ''प्राप्तव्यो नियतिबलाश्रयेण......।'' આ શબ્દોથી રજુ કરે છે. નિયતિના આશ્રયે જે વસ્તુઓ પ્રાપ્ત યોગ્ય છે તે પ્રમાણે શુભ કે અશુભ અર્થ જીવોને અવશ્ય જ પ્રાપ્ત થાય છે. ભાવિ અવશ્યંભાવિ હોય છે, થનારૂં થઇને જ રહે છે. ભાવિ ટલતું

નથી. અને જે નિયતિમાંજ નથી તે કદી પણ થતું નથી. અને થનાર ક્યારેય ટલતું નથી. માટે જગતમાં જે કંઈ પણ થાય છે અને જે નથી થતું તે બધું નિયતિના આધારે જ થાય છે.

ભૂતવાદીઓનો પક્ષ પણ એક સ્વતંત્ર પક્ષ છે. ભૂતવાદીના મતે (૧) પૃથ્વી, (૨) પાણી (૩) અગ્નિ અને (૪) વાયુ, એ ચાર તત્ત્વો છે. એમનો જ સમુહાત્મક સમુદાય તેજ શરીર છે. તે શરીરની ઈન્દ્રિયો છે. વિષયો સંજ્ઞાઓ છે. મદશક્તિની જેમ ચૈતન્ય ઉત્પન્ન થાય છે. પાણીના પરપોટાની જેમ જીવ છે. અચૈતન્ય વિશિષ્ટ કાયા છે તે જ પુરૂષ છે.

આકસ્મિકવાદીઓ-પ્રકૃતિના અસંખ્ય નિત્ય પરમાણુઓ સંયુક્ત થતા રહે છે. ભૂતકાળમાં અરબો પરમાણુઓ સંયુક્ત થયા હતા, અને ભવિષ્યમાં પણ જે અરબો પરમાણુઓ સંયુકત થવાથી સંયોગ થતો રહેશે. એમાંથી જ એક આ આપણી સૃષ્ટિ છે. આ પરમાણુ સંયોગ કોઇના પ્રયત્નથી નહીં પરન્તુ આકસ્મિક જ થાય છે. એકાએક જ થઈ જાય છે. એ રીતે જ આ આખી સૃષ્ટિ બની છે. અને આકસ્મિક રીતે થતી જ રહે છે. એવું એમનું કહેવું છે.

વૈદિક સૃષ્ટિ-(વેદોમાં સૃષ્ટિનું વર્ણન)-

હિન્દુ ધર્મમાં પ્રસિદ્ધ અને પ્રચલિત ચારવેદો મુખ્ય છે. (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) અથર્વવેદ (૪) સામવેદ આ ચાર વેદોને સર્વમાન્ય પૂજ્ય મહાગ્રન્થો તરીકે માનવામાં આવ્યા છે. ઈશ્વર કરતાં પણ મોટો દરજ્જો વેદોને આપવામાં આવ્યો છે. કારણ કે ઈશ્વિર વેદોની રચના નથી કરતા. વેદ તો અપૌરૂષેય અનાદિ-અનન્ત છે. અપૌરૂષેય એટલે કોઇ પુરૂષની રચના નથી. કોઈ પુરૂષવિશેષથી ઉત્પન્ન થયેલા નથી. અને તેમની ઉત્પત્તિ-અન્ત પણ નથી માટે અનાદિ-અનન્ત છે. ક્યારેય પણ નષ્ટ થતા નથી. અહીં સુધી કે સમસ્ત સૃષ્ટિનો મહાપ્રલય પણ થઈ જાય છતાં પણ ચારેય વેદો સદાકાળ માટે એમના એમજ રહે છે. એવા આ ચારેય વેદોમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ

છે. સૃષ્ટિ વિષયક કથનોમાં પણ ભેદ પડે છે. અને આ વેદોમાં ઘણી પરસ્પર વિરોધી વાતો પણ છે. એ જ વેદોના અર્થ સેંકડો લોકોએ કર્યા છે. દરેકે પોત પોતાની મતિ પ્રમાણે અર્થો કાઢયા છે. એ રીતે સેંકડો શાખાઓ થઇ ગઇ છે. અને એથી જ એક શાખાની વાત બીજી શાખા કે સંપ્રદાયથી સદંતર વિરુદ્ધ જતી હોય છે. આગળ કહ્યું હોય છે "मा हिंस्यात् सर्व भूतानि" બધા જીવોને મારશો નહીં, કોઈ પણ જીવને મારશો નહીં. અને પાછળ જતાં લખે છે કે "स्वर्गकामो अश्वमेघ यज्ञं कुर्यात्" સ્વર્ગ મેળવવાની ઇચ્છાવાળાએ જેમાં ઘોડો મારવામાં આવે એવો અશ્વમેધ યજ્ઞ કરવો જોઈએ. આવા પરસ્પર વિરોધિ અસબંદ્ધ સંદિગ્ધ વાકયો વેદોમાં ઘણા રહેલા છે. એ વેદોમાં સૃષ્ટિ અને તેની ઉત્પત્તિ તથા એને ઉત્પન્ન કરનારા વિષે પણ ભિન્ન ભિન્ન માન્યતાઓ ભરેલી છે.

ઋગ્વેદમાં સૃષ્ટિવર્ણન—

"नासदासीत् नो सदासीत् तदानीं नासीत् रजोन्ते व्योमापरोपयेत् किमावर्विवः कुहु काश्यप शर्मनभः किमासीत् गगनं गंभीरम्" ઋગ્વેદના ૮માં અષ્ટકના ૭માં અધ્યાયના ૧૭માં મંડળના ૧૨૯માં સૂત્રમાં લખે છે કે–પ્રલય સ્થિતિવાળા જગતનું મૂળકારણ અસત્–કે સત્ નહોતા. આકાશ, બ્રહ્માણ્ડ, આવરણ, આવરણાધારસ્થાન, કે પાણી પણ ન હતા. રાત્રિ દિવસનું જ્ઞાન ન હતું, માયા સહિત એક શુદ્ધ બ્રહ્મ હતું, ઉત્પત્તિના પહેલાં કાર્ય સત્ વ્યક્તરૂપે નહીં, પણ અવ્યક્ત રૂપે હતું. પ્રલય દશામાં જગત કારણભૂત માયાથી ઢાંકેલું હતું. ઇશ્વરના મનમાં જીવોને તેમના પૂર્વકર્મનાં ફળાનુસાર સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઇચ્છા થઇ, અને સર્વ જગત બનાવ્યું. અન્ય કલ્પોમાં જીવોએ કરેલા પુણ્ય–પાપના આધારે વિચાર કરીને બ્રહ્માએ જગત રચ્યું. જેમ સૂર્યનો ઉદય થતાં ચારે તરફ કિરણો વ્યાપે છે તેમ એકી સાથે સૃષ્ટિ થતી હતી. તેમાં કર્મકર્તા જીવ બીજરૂપ હતો. ભોકતારૂપે જીવ છે અને ભોગ્ય આકાશાદિ છે. આ સૃષ્ટિ રચના એક ગૂઢ વિજ્ઞાન છે. તે કોઇને ગમ્ય નથી,

ગ્રાહ્ય નથી. દેવતાઓ પણ સૃષ્ટિ રચના પછીથી થયા છે માટે તેમને પણ આ જ્ઞાન નથી. આ પ્રમાણે તૈત્તિરીય બ્રાહ્મણકાણ્ડ બીજામાં પણ આવો ઉલ્લેખ છે.

ઋગ્વેદના ૮માં અધ્યયનમાં સૃષ્ટિ વિષયક વાતો લખતાં જણાવે છે કે...."વિરાટ પુરૂષ ભુમિને ચારે તરફથી વીંટી દશાંગુલ દેશને અતિક્રમી વ્યવસ્થિત છે. જે જગત છે. તે હતું અને થશે તે સર્વ પુરૂષ છે. આ પુરૂષના ત્રણપાદ અમૃત–અવિનાશી છે. અને ચોથા હિસ્સામાં ત્રિકાળના સર્વ પ્રાણી છે. ભગવાને માયાથી વિરાટરૂપ બનાવી જીવરૂપે બની તેમાં પ્રવેશ કર્યો. પછી દેવ–મનુષ્યાદિ ભૂમિ અને જીવોના શરીર અનુક્રમે બનાવ્યા....પછી દેવોએ વસંતઋતુને ઘી રૂપે, ગ્રીષ્મને ઇંધનરૂપે, અને શરદને પુરોડાશરૂપે વિકલ્પી માનસ યજ્ઞ કર્યો. પ્રજાપતિ સૃષ્ટિ સાધન યોગ્ય હતા. અને તેને સહાયક દેવો ઋષિઓ રૂપે હતા. તેઓ યજ્ઞમાં સર્વ સૃષ્ટિમાં પ્રથમ જાતપુરૂષને પશુ કલ્પી યજ્ઞ કરતા હતા, પ્રજાપતિ જ્યારે પુરૂષને સંકલ્પથી રચતો હતો ત્યારે તેને બ્રાહ્મણો મુખ, ક્ષત્રિયો બાહુ, વૈશ્યો ઉરૂ, અને શૂદ્રો પગરૂપે હતા. તે સર્વ હુતયજ્ઞથી દહીં, ઘી, પશુ, ઋગ, યજુ, સામ, છંદ, ગાયત્રી, ગધેડા, ઘોડા, ખચ્ચર, ગાય, બકરી અને ગાડર ઉત્પન્ન થતા હતા. (૯ ૧૦) પ્રજાપતિના મનથી ચંદ્ર, આંખોથી સૂર્ય, મુખથી ઇન્દ્ર, અગ્નિ પ્રાણથી વાયુ, નાભિથી આકાશ, મસ્તકથી સ્વર્ગ, પગથી ભૂમિ, અને કાનથી દિશા ઉત્પન્ન થયા. (૧૩–૧૪) આ પ્રમાણે પુરૂષવાદ છે.

**વેદોમાં સૃષ્ટિ સ્વરૂપ—**

"पश्य देवस्य काव्यं यो न ममार न जीर्यति" પેલા દેવની રચના (સૃષ્ટિ)ને જુઓ જે નથી તો નષ્ટ થતી કે નથી તો જીર્ણ થતી। को ददर्श प्रथमं जायमानम् । ઋ. १/१६४/४ સર્વ પ્રથમ ઉત્પન્ન થતી આ સૃષ્ટિને કોણે જોઈ છે?

યજુર્વેદના સાતમા અધ્યાયમાં શ્રુતિઓમાં કહે છે કે....પ્રલય-

કાળમાં વિશ્વકર્મા સર્વલોકને સંહારીને એકલો હતો તેને ફરી ઇચ્છા જાગી તેથી જીવરૂપમાં પ્રવેશ કર્યો. (૧૭) તે એકલો એજ પ્રથમ ધર્માધર્મને નિમિત્ત બનાવીને, પંચમહાભૂત ઉત્પન્ન કર્યા અને પછી બધાને આંખ, મોઢું, હાથ, પગવાળા બનાવ્યા, જેમ કરોળીયો પોતાની જ લાળથી જાળ બનાવે છે તેમ ઈશ્વર પણ પોતાથી જ આ જગત બનાવે છે. માટે જગતનું ઉપાદાન કે નિમિત્ત બન્ને કારણ ઈશ્વર પોતે જ છે. યજુર્વેદના ૨૩માં અધ્યાયમાં એમ પણ લખે છે કે... સ્વયંભૂ મહાન જલસમુદ્રમાં પ્રાપ્તકાળે ગર્ભ ધરતો હતો તે ગર્ભમાં બ્રહ્માજી ઉત્પન્ન થયા હતા...

યજુર્વેદમાંજ બીજી જગ્યાએ એમ પણ લખે છે કે....સર્વ પ્રથમ આ જગત જલમય હતું, અને સૃષ્ટિકર્તા ઈશ્વર હવા થઇને તેમાં ડોલતા હતા. પછી તે ઇશ્વરે ભૂમિ જોઈ, અને તરત વરાહનું રૂપ ધારણ કરી ભૂમિને પકડી રાખી, પછી વિશ્વકર્મા થઇને સુધારી, પૃથિત એટલે તે પૃથ્વી કહેવાઈ. તેના ઉપર ધ્યાન કરતા સૃષ્ટિ કર્તા ઈશ્વરે દેવતા, વસુ, અને આદિત્ય (સૂર્ય) બનાવ્યા. પછી તે દેવતાઓએ જ સૃષ્ટિકર્તા ઇશ્વરને પૂછ્યું કે અમે સૃષ્ટિ કેવી રીતે બનાવીએ? એટલે તે વિરાટ પુરૂષ ઈશ્વરે કહ્યું કે...જેમ મેં તમને મોટી તપસ્યાથી બનાવ્યા છે તેમજ તમે પણ બનાવો. એમ કહી દેવોને આકાશાગ્નિ આપ્યો અને દેવતાઓએ તપશ્ચર્યા કરીને ૧ વર્ષમાં સર્વ પ્રથમ એક ગાય બનાવી. આવુ વર્ણન અને આ સિવાયનું પણ વર્ણન છે. (સતમત ૨૨).

ઐત્તરીય બ્રાહ્મણ ૫ કાંડ, ૩૨ માં કહે છે કે..."एकोऽहं बहु-स्याम प्रजायेय" હું એકલો છું માટે બહુરૂપે થાઉં અને પ્રજાની ઉત્પત્તિ કરૂં. આવી ઇચ્છા થતા બ્રહ્માએ તપ તપી પૃથ્વી, આકાશ અને સ્વર્ગ એવા ત્રણ લોક બનાવ્યા. પછી બ્રહ્માએ ત્રણે ને તપ તપાવી અગ્નિ, વાયુ, અને સૂર્ય એવી ત્રણ જ્યોતિ ઉત્પન્ન કરાવી. જ્યોતિને

તપ તપાવીને અનુક્રમે ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદ એ ત્રણે વેદ ઉપજાવ્યા.

શુકલ યજુર્વેદ બૃહદારણ્યક અધ્યાય ૪માં તો અગ્નિથી અગ્નિના કણોની જેમ આત્માથી પ્રાણ, લોક, દેવ, અને પંચભૂતો થયા છે. ગોપથ બ્રાહ્મણ ભાગમાં અક્ષરવાદ મતના આધારે બ્રહ્માએ ૐકારના ઉચ્ચારણ અને અનુભવથી સમસ્ત લોકનું અવલોકન કરવાનું લખ્યુ છે. શતપથબ્રાહ્મણમાં તો "मनवे ह वै प्राप्तः" આ પાઠના આધારે પૃથ્વી મનુથી બન્યાની વાત જણાવે છે. અને ૭માં અધ્યાયમાં "स यत् कूर्मो नाम" એ પાઠથી કાશ્યપે પૃથ્વી કરી એમ કહે છે.

તૈત્તિરીય બ્રાહ્મણ ૧ અષ્ટક ૧, અધ્યાય ૩માં લખે છે કે....સૃષ્ટિ રચના પૂર્વે કાંઈ જ ન હતું. માત્ર પાણી હતું, ત્યારે બ્રહ્મા સૃષ્ટિ રચવા માટે તપ તપતા હતા. તેમણે પાણીની વચ્ચે એક કમળ જોયું. અને તેના આધારને જોવા વરાહરૂપ ધારણ કરી કમળની પદ્મપત્રનાળ ની શોધ કરવા ગયા....એટલામાં પૃથ્વી જડી ગઈ. ત્યાંથી લીલી માટી લાવી કમળ ઉપર પાથરી જેથી પૃથિતા—પૃથ્વી નામ પાડ્યું. અને આધારભૂત છે માટે (અભૂત) ભૂમિ નામ પડ્યું. આ ભીનિ ભૂમિ સૂકવવા માટે ૪ દિશા બનાવી....સંકલ્પથી હવા બનાવી. સૂકાતી ભૂમિને પત્થરથી ટીપી. (પત્થર ક્યાંથી લાવ્યા હશે?)....ઇત્યાદિ વર્ણન છે. થોડાક જુદા પાઠ સાથે તૈત્તિરીય સંહિતા કાં. ૭ માં લખે છે કે—आपोवावा इदमग्रसलिलं आसीत्। तस्मिन् प्रजापतिर्वायुर्भूत्वाऽचरत्। स इमामपश्यत्, तां वराहो भूत्वाऽहरत्" । થોડો અર્થ બદલે છે. તૈત્તિરીય બ્રાહ્મણના આઠમા અષ્ટકના ૩જા અધ્યાયમાં—"प्रजापतिः सोमं राजानमसृजत्" પ્રજાપતિએ પ્રથમ સોમ રાજાને ઉત્પન્ન કર્યો પછી ત્રણ વેદ બનાવ્યાં તે ત્રણેને સોમ રાજા લેતો હતો એવી વાત છે. ઋગ્વેદ સંહિતામાં—"ऋतं च सत्यं च इत्यादि" તપથી સત્ય થયું, પછી અનુક્રમે રાત્રિ, અહોરાત્રિ, (દિવસ) અને સંવત્સર ઉત્પન્ન થયા. પોતાએ યથા પૂર્વ સૂર્ય–ચન્દ્રની કલ્પના કરી તેમજ આકાશ–પૃથ્વી અને અંતરિક્ષ આદિ ત્રણલોક બનાવ્યા....વગેરે વાતો મળે છે.

અથર્વવેદીય પ્રશ્નોપનિષદમાં–"प्रजाकामो वै प्रजापतिः, स तपोऽतप्यत। स तपस्तप्त्वा स मिथुनमुत्पादयते रयिं च प्राणं च। इत्येतौ मे बहुधा प्रजाः करिष्यत इति"—પ્રજાપતિ તપ તપી સૂર્ય અને પ્રાણનું જોડું ઉત્પન્ન કરી પછી વિચારે છે કે...આ બહુ પ્રજા કરશે...."प्राणस्येदं वशे सर्वं" આ ત્રણે લોકમાં જે છે તે બધું પ્રાણને વશ છે. પ્રાણથી આકાશ, વાયુ, જ્યોતિ, પાણી, પૃથ્વી, લોક...વગેરે બનાવ્યા છે. (પ્રશ્ન ૬ સૂત્ર-૪)


મુંડકોપનિષદ્માં (મું. ૧, ખંડ ૧માં)-"ॐ ब्रह्मा देवानां प्रथमः संबभुव विश्वस्य कर्ता भुवनस्य गोप्ता" ૧. દેવોમાં પ્રથમ વિશ્વના કરનાર અને જગતનું રક્ષણ કરનાર બ્રહ્માજી ઉત્પન્ન થયા. જેમ કરોળીયાથી જાળ. પૃથ્વીથી વનસ્પતિ, અને જેમ શરીરે રૂંવાટા ઉત્પન્ન થાય છે તેમ ઇશ્વરથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. ઇશ્વરને જ સર્વ વિશ્વનું રૂપ આપતા કહે છે કે–"पुरुष एवेदं विश्वम्' આ સમસ્ત વિશ્વ બધું પુરૂષ (ઇશ્વર) રૂપ જ છે.

યજુર્વેદમાં તૈતિરીયોપનિષદમાં ૨ અધ્યાયમાં લખે છે કે—

तस्माद वा एतस्मादात्मनं आकाशः संभूतः, आकाशाद् वायुः, वायोरग्निः अग्नेरापः अद्भ्यः पृथिवी, पृथिव्या औषधयः औषधिभ्योऽन्नम्, अन्नाद् रेतः रेतसः पुरुषः। स वा एष पुरुषोऽन्नरसमयः" આત્માથી અનુક્રમે ઉત્તરોત્તરપણે આકાશ, વાયુ, અગ્નિ, પાણી, ઔષધિ, અન્ન, વીર્ય, અને પુરૂષ ઉત્પન્ન થાય છે. તે આ પુરૂષ અન્ન રસમય છે.

ઐત્તરીયોપનિષદ્માં–સર્વ પ્રથમ માત્ર આત્માની સત્તા સ્વીકારે છે. પછી "तस्याभितप्तस्य मुखं निरभिद्यत–यथा ॐ। ..... તેની સામે વિચારીને જોતાં ઇંડાની માફક તેનું મુખ ઉઘડી ગયું. પછી મુખમાંથી ॐ શબ્દ ઉત્પન્ન થયો. અને શબ્દમાંથી અગ્નિ પ્રગટ થયો. પછી નાક ખુલ્યું તેમાંથી શ્વાસ આવવા જવા લાગ્યો તેથી આકાશ બન્યું, આંખો ઉઘડી ગઇ તેમાંથી પ્રકાશ, કાનથી શક્તિ, પછી ચામડી વધી, તેના ઉપર વાળ જામ્યા, તેથી ઘાસ–પાંદડા–વૃક્ષ વગેરે ઉત્પન્ન થયા. છાતીથી બુદ્ધિ, બુદ્ધિથી ચંદ્ર, પછી નાભિથી અપાન, અને અપાનથી મૃત્યુની ઉત્પત્તિ.

થઇ. લિંગના વીર્યથી પાણી ઉત્પન્ન થયું.... વગેરે એક એક અંગ તે બ્રહ્માત્માના ખુલતા ગયા અને એક એક વસ્તુ બનતી ગઈ. એમ સૃષ્ટિ ઉત્પન્ન થવાની ઘણી લાંબી વાત આમાં છે.



આ પ્રમાણે વેદોમાં થોડા થોડા મતભેદો સાથે સૃષ્ટિની ઉત્પત્તિ દર્શાવવામાં આવી છે. અને ઉપનિષદો જોઈએ તો ઘણાં છે. આમાંથી ઘણામાં સૃષ્ટિ અંગેનું વર્ણન મળે છે. પરન્તુ તેમાં પણ એકથી બીજામાં ભિન્નતા ઘણી છે, બૃહદારણ્યકોપાનષદમાં જુદી રીતે જ વાત કરી હોય તો તૈત્તિરીયમાં તેના કરતાં પણ જુદી જ રીતે વાત કરી છે. ઘણાંના પાઠો પણ ઘણાં લાંબા છે. સ્થાન તથા પૃષ્ઠની સંખ્યાના ભયથી અત્રે બધું જ આપવું તો શકય નથી. આતો હજાર પાનાના સ્વતંત્ર ગ્રંથનો વિષય છે. હિન્દુધર્મ-મતમાં સૃષ્ટિની વિચારણા આ રીતે કરવામાં આવી છે. અને ષટ્દર્શનમાં પણ જેની જે જે માન્યતાઓ છે તે આપણે જોઈ. આ સિવાય પણ ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મો પણ સૃષ્ટિ વિષે પોતાની સ્વતંત્ર વિચારધારા રાખે છે. તેનો પણ સંક્ષેપમાં અત્રે ઉલ્લેખ કરવો વિષય સંગત જ ગણાશે.

**ખ્રિસ્તી ધર્માનુસારી બાઇબલની માન્યતા—**

ખ્રિસ્તી ધર્મનો પવિત્ર ધર્મગ્રંથ એકમાત્ર બાઈબલ છે. બાઈબલમાં સૃષ્ટિ વિષયક વર્ણન છે. ખ્રિસ્તી ધર્મ પણ જગત્ કર્તા ને જ ઇશ્વર માને છે. ઈશ્વર જ સૃષ્ટિ ઉત્પન્ન કરે છે, બનાવે છે. વગેરે વાતો આ પ્રમાણે છે—"આદિ દેવે આકાશ તથા પૃથ્વી બનાવી. પૃથ્વી અસ્તવ્યસ્ત હતી. જલનિધિ ઉપર અંધારૂં હતું. અને તે આદિ દેવનો આત્મા પાણી ઉપર ચાલતો હતો. અંધારૂં દૂર કરવા દેવે કહ્યું કે અજવાળું થાઓ! એટલે તરત થઈ ગયું. દેવે અજવાળા તથા અંધારાને છૂટું પાડીને વહેંચી દીધું અને અજવાળાને દિવસ કહ્યો અને અંધારાને રાત કહી. કહેવાય છે કે દેવને સૃષ્ટિ નિર્માણ કરતા ૬ દિવસ લાગ્યા. તેમાં પહેલાં દિવસે દેવે આટલું કર્યું, બનાવ્યું.

બીજા દિવસે દેવે કહ્યું પાણી વચ્ચે આકાશ થાઓ. પછી અંતરિક્ષને ઉપરના અને નીચેના પાણીથી જુદું કર્યું. એ રીતે લોકની રચના કરી દીધી. બસ બીજો દિવસ પૂરો થયો.

ત્રીજા દિવસે આકાશ તળેના પાણી એકઠા થઈ જાઓ. અને ભૂમિ દેખાડો. આ પ્રમાણે કહેતાની સાથે બધું થઇ ગયું. આ રીતે દેવે ભૂમિને પૃથ્વી અને એકઠા થયેલા પાણીને સમુદ્ર કહ્યો. પછી હુકમ કર્યો, બીજ, ફળ, ફૂલ, ઝાડ, પાંદડા વગેરે પૃથ્વી પર થાઓ! આટલું કહેતાંની સાથે પૃથ્વીએ આ બધાને ઉગાડયા. ત્રીજા દિવસે દેવે આટલું બનાવ્યું.

ચોથા દિવસે આકાશમાં જ્યોતિ–પ્રકાશ થાઓ! આ વાકય બોલતાની સાથે સૂર્ય, ચંદ્રાદિ, તારા વગેરે થયા. પછી તેથી રાત દિવસ ઋતુ, માસ, વર્ષો થયા. પછી દેવે બધાને સ્થિર કરી ચોથો દિવસ પૂરો કર્યો.

પાંચમા દિવસે પાણીને કહ્યું જીવ–જંતુઓને પુષ્કળ પ્રમાણમાં ઉપજાવો! આકાશમાં પક્ષીઓ, મોટા માછલાં, પેટે ચાલનારાઓ જંતુઓ વગેરે થાઓ. અને બધા પોત–પોતાની જાતને પુષ્કળ ઉપજાઓ! .... આ કહેતાં જ બધું થઇ ગયું. આ પાંચમાં દિવસે કર્યું.

છઠ્ઠા દિવસે પૃથ્વી પાસેથી ગ્રામ્ય તથા વનપશુઓને ઉપજાવ્યા. પછી દેવને પોતાના સ્વરૂપ જેવા માણસને ઉપજાવવાની ઇચ્છા થઇ. અને દેવે કોઇને હુકમ ન કરતા સ્વયં માણસો બનાવ્યા. તેમાં સ્ત્રી–પુરૂષની અલગ–અલગ વ્યવસ્થા કરી....પછી આશીર્વાદ આપ્યા કે જાઓ વધો! સફળ થાઓ! પૃથ્વીને ભરપૂર કરો! એટલે સૃષ્ટિ સંખ્યા વધતી જ ગઇ. મેં જે શાક–બીજ–ફળાદિ ઉત્પન્ન કર્યા તેનો ખોરાક લો. બીજા જીવ જંતુઓ માટે લીલોતરી ઘાસ ચારે બાજુ ઉગાડયું છે. આ બધું દેવે છઠ્ઠા દિવસે કર્યું અને જોયું.

કહેવાય છે કે.... યહોવાહ દેવે ભૂમિની માટીમાંથી માણસ બનાવીને તેના નસકોરામાં જીવનનો શ્વાસ ફૂંકયો એટલે તે સજીવ પ્રાણી થયું. આગળ કહે છે કે.... દેવે આદમ (આદમી)ને ભર ઉંઘમાં

નાંખી તેની પાંસળીઓમાંથી એક પાંસળી લઈને તે સ્થાને માંસ ભરી દીધું પછી તે પાંસળીની એક સ્ત્રી બનાવી, તેને માણુસની પાસે લાવ્યો. પછી તે બન્નેના સંસર્ગથી મનુષ્યોનો વંશ ચાલ્યો. આદમ ૯૩૦ વર્ષ અને તેનો પુત્ર શેશ થયો તે ૮૦૦ વર્ષ જીવ્યો હતો. ત્યાર પછી જલપ્રલય, અગ્નિ, વૃષ્ટિ, ડુબાડવું આદિ પૂર્વક કેટલીવાર લોકોનો નાશ કર્યો હતો. દૃષ્ટાંતવચન પ્રકરણ ગ્રંથમાં ઘણું કહ્યું છે. યર્મોશાહ પ્રકરણ પણ આ અંગેની વિચારણાથી ભરેલું છે. આ પ્રમાણે ઘણાં પ્રકરણો છે. જેમાં સૃષ્ટિ અંગેની વિચારણા કરી છે.

સાતમે દિવસે દેવે પોતાનું જગત રચનાનું પૃથ્વી આદિનું પોતાનું કામ પુરું કર્યું. બધા કામોથી સ્વસ્થ થયો. દેવે સાતમા સાબ્બાય દિનને આશીર્વાદ આપીને પવિત્ર ઠરાવ્યો. કારણ કે તે દિને સર્વ વસ્તુઓ બનાવવાના કામથી નિર્વૃત્ત થઇ ગયો હતો. માટે કહેવાય છે કે દેવે સાતમા દિવસને Holy day તરીકે રાખ્યો. Holy નો અર્થ પવિત્ર થાય છે. ૬ દિવસમાં સૃષ્ટિને નિર્માણ કરતા દેવને જેટલું પાપ લાગ્યું, જે દોષો લાગ્યા તેને ધોવા માટે દેવે સાતમા દિવસે પવિત્ર થવા પ્રાર્થના આદિ કરી. તે સાતમો દિવસ સૂર્યનો હતો માટે Sunday નામ રાખ્યું. પરન્તુ Holy day એટલે રજા કે છૂટ્ટી નહીં. સ્કૂલ–કોલેજોમાં આપણે રજા કે છૂટ્ટી કરવા માંડયા એટલે Holy day રજા કે છૂટ્ટીનો દિવસ એ અર્થમાં પ્રચલિત થઈ ગયું. દેવને પણ ૬ દિવસ સૃષ્ટિ બનાવતા થાક લાગ્યો, પાપ પણ લાગ્યા એટલે સાતમાં દિવસે તે દેવ થાક ઉતારીને સ્વસ્થ થાય છે. અને પ્રાર્થના કરીને બનાવવામાં લાગેલ પાપ ધોઈને પવિત્ર થાય છે. આ પ્રમાણે ખ્રિસ્તી ધર્મમાં આદિ દેવે સૃષ્ટિ ઉત્પન્ન કર્યાનો ઉલ્લેખ છે. સૃષ્ટિ માત્ર હુકમ આપીને પલક માત્રમાં નિર્માણ કર્યાની વાત છે.

**ઇસ્લામની સૃષ્ટિ વિષે માન્યતા—**

ઇસ્લામ ધર્મના અનુયાયીઓ મુસ્લિમ અથવા મુસલમાનના નામે ઓળખાય છે. મસ્જીદ તેમનું મંદિર કહો કે ધર્મસ્થાન કહો

અસ આ એક જ છે. અને એમનો પવિત્ર ધર્મગ્રંથ કુરાને શરીફ છે. ઈસ્લામ ધર્મમાં પણ ૨૪ પયગમ્બરો માનવામાં આવ્યા છે. અન્તે ઈસ્લામ ધર્મ પણ આ સૃષ્ટિના કર્તા ઈશ્વરને જ માને છે પરન્તુ માન્યતા પોતાની રીતે રજૂ કરે છે. માટે આ ધર્મ પણ જગત કર્તૃત્વવાદી ધર્મ છે. અને ભગવાનને જ કર્તા માને છે. તેમાં સૃષ્ટિ વિષયક માન્યતા તેમની આ પ્રમાણે છે.

કુરાને મસ્જીદ સુરા–૨ સુરતુલબકરામાં કહ્યું છે કે... તમે ખુદાને કેમ માનતા નથી ? તમે જ્યારે નિર્જીવ હતા. પછી તેણે તમને જીવ આપ્યો. પછી તે જ મૃત્યુ પણ આપશે... ફરી પાછા તે જ તમને જીવતા પણ કરશે. આ પૃથ્વી ઉપર બધુ માણુસ માટે ઉત્પન્ન કર્યું છે. પછી તેણે આકાશ ઉપર સત્તા ફેલાવી. આ વાકય કુરાનનું ગુઢાર્થ છે. તેના અર્થ વિષે પૂછ–પરછ કરવાની મનાઈ છે. પછી તેણે સાત આસમાનો (આકાશો) બનાવ્યા.

સૃષ્ટિ વિષયક વાત કરતા લખે છે કે–પરવરદિગારે ફીરસ્તા ને કહ્યું કે...હું જમીન ઉપર એક ખલીફો પેદા કરનારો છું. આ અધિકાર આદમ માટે છે. આ આદમને ઉત્પન્ન કરવા માટે ખુદાએ ઈરાદો કરી પોતાના નૂરમાંથી ઉપજાવેલ અગણ્ય ફીરસ્તામાં ૪ મોટા ફીરસ્તા જે છે તેમાંના (૧) જીબરાઈલ, (૨) મીકાઈલ, (૩) અને એસરાફીલ એ ત્રણે ફીરસ્તાને બોલાવીને જાત જાતની માટીની સાત મુઠ્ઠી ભરી લાવવા મોકલ્યા. પણ પૃથ્વીએ ખેદ દર્શાવ્યો. એટલે તે ત્રણે પાછા ફર્યા. પછી ખુદાએ ચોથા ફીરસ્તા એજરાઈલને મોકલ્યો. એણે કામ કર્યું. એને ખુદાએ મોતના ફીરસ્તા તરીકે નિમ્યો. તે જીવ અને દેહને છૂટો પાડી મોત નિપજાવે છે. પછી તે માટીમાંથી ખુદાએ નર આકૃતિ બનાવી. તેને ૪૦ વર્ષ સૂકાવા દીધી. ખુદાએ તે શરીરમાં જીવ નાંખ્યો. તેને બુદ્ધિવાન્ આત્માની બક્ષીસ કરી. તેને બેહસ્તમાં મૂકયો. પછી તેની

ડાબી પાંસળીથી સ્ત્રીને બનાવી, તેનું હાવા નામ રાખીને તે આદમની સાથે મોકલી તે થકી સૃષ્ટિ ચાલતી રહી.

જે ઈશ્વરને ખુદા નામથી સંબોધાય છે તે જગતનો કર્તા છે. સૃષ્ટિ બનાવનાર છે. જેમ એક જાદુગર શબ્દો બોલતો બોલતો ઉચ્ચાર કરતો જાય અને એક પછી એક વસ્તુઓ કાઢીને જગતને લોકોને અચંબો પમાડતો જાય તે જ રીતે ખુદા જે સૌનો માલિક છે તે કુંદાદિ શબ્દોનો ઉચ્ચાર કરે છે અને તેની ઇચ્છા મુજબ એક પછી એક વસ્તુઓ ઉત્પન્ન થતી જાય છે. હવા–પાણી–પૃથ્વી–વાયુ આકાશાદિ તત્ત્વો બનતા જાય છે. પછી જીવ સૃષ્ટિ બનાવે છે. બધુજ તેના નિયંત્રણમાં રહે છે. તેની ઈચ્છા મુજબ જ ચાલે છે. ખુદાની દયા–મહેરબાની ઉપર જ જગત ચાલે છે. આ મુસ્લિમ સંપ્રદાયના ઈસ્લામ ધર્મનો જગત કર્તા અને સૃષ્ટિ વિષેનો મત છે.

**પારસી મત પ્રમાણે સૃષ્ટિ :**

પારસી ધર્મમાં પણ સૃષ્ટિની વિચારણા કરવામાં આવી છે. મીસીસ મેહેરજી સોરાબજી–"અખંડ દુનિયાની ઉત્પત્તિ" નામના પુસ્તકમાં લખે છે કે...પહેલા કંઈજ ન હતું. સૌથી પહેલા એક રોશનીનો ઝરો ઉત્પન્ન થયો. તેના ખૂણે હીરા જેવું ચમકતું બીજ હવા–પાણીનું વીર્ય ઉત્પન્ન થયું. એનો માલિક દેહેદાદાર છે. તે બીજ વધ્યું. તેમાંથી ગુલાબની ડાળી નિકળી. તેના છેડે મેહેરદાવર ગુલાબનું ફૂલ આવ્યું. તેમાંથી ઝાડો ઉત્પન્ન થયા. આ ફૂલના નાકામાંથી હવા નિકળી. આ હવાથી ૨૪ કલાકનો દિવસ થયો. ચળ હવા પછી દોઢ કલાકે તારો થયો. દોઢ દોઢ કલાકના ચોઘડીયાંની ગણતરી કરીને ચલ–લાભ વગેરે ચોઘડીયાંની ગણતરી કરવામાં આવી છે. આ ચોઘડીયાના નામોની હવા નિકળી અને તેમાંથી ઘણું ઘણું બનતું ગયું. પછી આદમ પણ હવાથી ઉત્પન્ન થયો. ૨૪ મિનિટમાં આદમ પારસીનો ધર્મ ઉત્પન્ન થવાનું માને છે,

બીજી રીતે ૪ હવાથી તારી તરીકે કુદરત ધર્મ ઉત્પન્ન થયો.

સોનાના મડેલમાં સોનાના બદનવાળા આદમ અને કુદરત હતા આદમ આઠમા સિતારાનો જીવ માને છે. એ જ દુનિયામાં પહેલો જીવ હતો જેનું નામ મેહેઆબાદ હતું. અત્યારની સર્વ પ્રજા એજ મેહેઆબાદની ઓલાદ છે. બધાની ઉત્પત્તિનું મૂળ હવાને જ માનનારા પારસીઓ કહે છે કે...હવાના ફેરફારથી જ જગતમાં સુકાળ, દુકાળ, યુદ્ધ, ઉંદરોની ઉત્પત્તિ, મરકી, ધૂળની વૃષ્ટિ, વગેરે થાય છે.

જામાંશહકીમ અને ગુશાતાદ બાદશાહના પ્રશ્નોત્તર ગ્રંથ જામાંસપીમાં કહે છે કે–આદમમાં નર નારી અને નાન્યતર ત્રણ જાતિ હતી. ગુલાબના ફૂલના બીજની પહેલી હવામાંથી ધરતી ઉત્પન્ન થઈ એ હવાથી પવન–પાણી, રોશનીનો ઝરો થયો બીજા અવતારરૂપ અહરમઝદથી પાણીની ઉત્પત્તિ થઇ. શુકર તારાથી વીજળી થઈ. આદમે નવ હવાની મદદથી આસમાન (આકાશ) અને ધરતી બનાવી. આ બાંધ કામને ૧૧૧૪ વર્ષ લાગ્યા. આ આદમની જ ઉત્પત્તિ જગતમાં પ્રથમ ઉત્પત્તિ છે. પારસીમત પ્રમાણે સળજુગ (સતયુગ) અને કળજુગ (કલિયુગ) આ બન્ને પણ એક જાતની હવા છે. સળજુગની હવા શાંતિ ફેલાવનાર છે. જ્યારે કળજુગની હવા નાશ પ્રવર્તાવનાર છે. એમના કહેવા પ્રમાણે આ દુનિયા ખેલ છે. જીવ મદારી છે. અને દુનિયા ખેલાડી છે. દુનિયા ખેલી ખાવાની છે.

**સૃષ્ટિ વિષયક સમીક્ષા–**

ઉપરોક્ત મતો–દર્શનોના વિચારો વગેરે જોવા અને જાણવાથી સૃષ્ટિનો ખ્યાલ આવશે આ જગતમાં ભિન્ન ભિન્ન સેંકડો મતો છે. અનેક ધર્મો છે. એક–ધર્મમાં પણ પાછા અવાન્તર ભેદો–સંપ્રદાયો છે. તેમના પણ મતો ભિન્ન ભિન્ન છે. મુખ્ય પણે છ દર્શનો જે 'ષટ્દર્શન'ના નામથી ઓળખાય છે. તેમાં પણ આસ્તિક દર્શનો અને નાસ્તિક દર્શનો વગેરે પણ ઘણાં છે. અને પાશ્ચાત્ય અને પૂર્વદર્શનો પણ ઘણાં છે દર્શનોના પણ અવાન્તર દર્શન મતો, પક્ષો, શાખાઓ પેટાભેદો અનેક છે. ઘણાંમાં ઘણી જુદી જુદી માન્યતાઓ છે. બધાજ

દર્શનો કે ધર્મો કે મતો ઈશ્વરકૃત સૃષ્ટિ નથી પણ માનતા. ઈશ્વર ને જગત્નો કર્તા નથી પણ માનતા. ઈશ્વરે જ આ સૃષ્ટિ બનાવી છે એમ નથી કહેતા. છતાં પણ જૈન દર્શન ઇશ્વરને પણ માને છે અને સૃષ્ટિને પણ માને છે. એમાં તો શંકા જ નથી. ફરક એટલો જ છે કે બીજા સૃષ્ટિ અને તેનો બનાવનાર ઇશ્વર, અને ઇશ્વર એટલે કોણ સૃષ્ટિનો બનાવનાર જ ઇશ્વર...એમ અન્યોન્યાશ્રયિ-એક બીજા ઉપર આધાર રાખનાર, એક બીજાના આધારે જ એક બીજાનો આધાર માને છે. અર્થાત્ ઇશ્વર હોય તો જ સૃષ્ટિ થાય, અને સૃષ્ટિ થાય છે માટે જ ઈશ્વર કહેવાય છે ઇશ્વર વિના સૃષ્ટિ નહીં અને સૃષ્ટિ વિના ઇશ્વર નહીં. આવી માન્યતાવાળા વૈદિક આદિ દર્શનો જે મુખ્ય પણે વેદાશ્રયિ દર્શનો છે તેમની વિચારધારા ખરી.

જૈન દર્શન તેમાં એક એવું દર્શન છે કે જે પાણી ઉપર તેલની જેમ બધામાંથી જુદું જ તરી આવે છે. જૈન દર્શને ઇશ્વરનો આધાર સૃષ્ટિ ઉપર નથી રાખ્યો. એમ નથી કહ્યું કે સૃષ્ટિ બનાવે, સૃષ્ટિનો બનાવનારો હોય તો જ તે ઈશ્વર કહેવાય. ના..,અને બીજી તરફ ઇશ્વર હોય તે સૃષ્ટિ બનાવે જ ઈશ્વરનું બીજું કામ જ નથી...જેમ સ્ત્રી હોય તે રસોઈ કરે જ...જેમ સ્ત્રીના માથે રસોઈનું કામ છે તેમ ઈશ્વરના માથે સૃષ્ટિનું કામ છે કે એવી કોઈ જવાબદારી છે એવું કંઈ જ નથી. ઇશ્વર-અને સૃષ્ટિ એ બન્ને વચ્ચે કોઈ અવિનાભાવ સંબધ છે એવું પણ નથી. ઇશ્વરનું અસ્તિત્વ જ સૃષ્ટિના આધારે અને સૃષ્ટિનું અસ્તિત્વ ઈશ્વરના આધારે એવો નિયમ કરવાની જરૂર નથી એમ જૈન દર્શન કહે છે. જ્યારે વૈદિક દર્શન તો ઉપર પ્રમાણે બન્નેમાં અવિનાભાવ સંબંધ સાથે એકબીજાને આધારાધેય અને અન્યોન્યાશ્રયિ માને છે. પરન્તુ આ પક્ષમાં તો સેંકડો દોષો આવવાના છે. એ રીતે માનવા છતાં પાછા ઈશ્વરને તો નિત્ય માને અને સૃષ્ટિને વિનાશકારી માને છે. પ્રલય કાળે સૃષ્ટિ નષ્ટ થવાની છે. જ્યારે વેદ-ઈશ્વર નિત્ય રહેવાના છે. એકને નિત્ય અને બીજાને અનિત્ય માનવાથી કેમ ચાલશે ?

કારણ કે જ્યારે સૃષ્ટિનો જ પ્રલય થઈ જશે ત્યારે સૃષ્ટિ વિના ઇશ્વરનું અસ્તિત્વ ક્યાં માનશો ? તે ક્યાં રહેશે ? અને સૃષ્ટિને બનાવવી તે તેનું જ કામ હોય તો તે ઇશ્વર પ્રલયકાળે ક્યાં બેસશે ? અને શું કરશે ? કારણ કે પ્રલયકાળમાં કોઇ જીવો જ નહીં હોય તો પછી કોને ફળ આપવા અને કોને બનાવવા વગેરેનું કામ શું કરશે ?

વળી સૃષ્ટિ અનિત્ય અને ઇશ્વર નિત્ય. એવા પરસ્પર વિરોધિ બન્ને ધર્મ–ધર્મીઓને એક બીજાના આધારે કે અન્યોન્યાશ્રયે આપણે કેવી રીતે રાખી શકીશું ? પછી ઈશ્વર વિના સૃષ્ટિ નહીં અને સૃષ્ટિ વિના ઇશ્વર નહીં આ માન્યતા કેવી ઠરશે ? કેવી રીતે ટકશે ? શું સૃષ્ટિ કર્તા છે ? ના સૃષ્ટિ કાર્ય છે. તેનો કર્તા ઇશ્વર છે. સૃષ્ટિ ધર્મ છે કે ધર્મી ? સૃષ્ટિ ધર્મી નથી. સૃષ્ટિ તો ધર્મ છે. ધર્મી ઇશ્વર છે. ઇશ્વરનો ધર્મ સૃષ્ટિ બનાવવાનો છે. ધર્મ–ધર્મીની વચ્ચે અભેદ ભાવ હોય કે ભેદભાવ હોય ? અભેદભાવ ગુણ–ગુણીની વચ્ચે હોય જ છે. ગુણ ગુણીથી જુદો નથી રહેતો. સાથે જ રહે છે. જેમ ગુણ–ગુણીની વાત છે તે જ પ્રમાણે ધર્મ–ધર્મીની વાત પણ છે. બન્નેમાં ભેદ નથી. ધર્મ સદા ધર્મીની સાથે જ રહે છે. ધર્મ વિનાનો ધર્મી ન હોય. અને અહીંયા જો સૃષ્ટિને ધર્મ કહીએ અને ઇશ્વરને ધર્મી કહીએ–અને ઈશ્વર ધર્મીનો ધર્મ છે કે સતત સૃષ્ટિ કરવી. તો પછી પ્રલયકાળે ઈશ્વર શું કરે છે ? ત્યારે ક્યાં સૃષ્ટિ કરે છે ? તો પછી જેમ પ્રકાશ વિના સૂર્ય તેમ સૃષ્ટિ કાર્ય વિના ઇશ્વર કેમ સંભવશે ? શું ક્યારેય પણ પ્રકાશ તેજ કિરણો વિના સૂર્ય રહે છે ખરો ? જોયો છે ખરો ? સૂર્ય ઉગ્યો છે પણ તેનો પ્રકાશ બિલકુલ નથી. શું પ્રકાશ વગરનો સૂર્ય આજે ઉગ્યો છે ? એવું બન્યું છે ? તો પછી સૃષ્ટિ કાર્ય કરવાના ધર્મ વિના ઇશ્વરને કેવી રીતે માનવા ? ઈશ્વરને નિત્ય કહેવાની પાછળ સૃષ્ટિનો સંબંધ બેસાડવાની જરૂર નથી. કારણ સૃષ્ટિના કારણે ઇશ્વરની નિત્યતામાં અવરોધ આવે છે. ડગલેને પગલે વાંધા પડશે. માટે જૈન દર્શન કહે છે કે... ઈશ્વર અને સૃષ્ટિ એ

બન્નેને અલગ અલગ સ્વતંત્ર પદાર્થ કરી દો. બન્નેમાં કોઈ સંબંધ ન રાખો. બન્નેને એક બીજાના આધારે કે અન્યોન્યાશ્રયિ પણ ન રાખવા જોઈએ. કારણ બન્નેને એક બીજાના આધારે રાખવા કે માનવાથી ઘણાં દોષો આવે છે. બન્નેનું સ્વરૂપ વિકૃત થાય છે. સૃષ્ટિના કારણે ઈશ્વરનું સ્વરૂપ બગડે છે. ઇશ્વરમાં સેંકડો દોષોની આપત્તિ આવે છે. અને એ જ રીતે ઈશ્વરને સૃષ્ટિનો કર્તા અને સૃષ્ટિને ઇશ્વર નિર્મિત કહેવાથી બન્નેના નિત્યપણામાં દોષ આવે છે.

કરવી એ ક્રિયા છે. સૃષ્ટિ કરવી, બનાવવી. એ કોઇ કર્તાના કારણે જ કરી શકાય છે. બનાવનાર જ બનાવી શકે છે. તે વિના સંભવ નથી એમ માનનારા પણ ભૂલ કરે છે. કારણ કે કરવાની ક્રિયા નિત્યપણું નથી સૂચવતી. ઈશ્વરે સૃષ્ટિ કરી? આ વાકયમાં કરી–કરવાની ક્રિયા આવી એટલે સેંકડો પ્રશ્નો ઉભા થવાનાં–કયારે કરી? કયાં કરી? કેવી રીતે કરી? કયા પદાર્થ કે વસ્તુની મદદથી કરી? એકલા એજ કરી કે પછી ઘણાંએ ભેગાં મળીને કરી? શેમાંથી કરી? શા માટે કરી? કરવાનું પ્રયોજન શું હતું? કરી તો સ્વેચ્છાથી કરી કે અનિચ્છાથી કરી? કઇ જગ્યાએ કરી? કોણે કરી? સારી કરી કે ખરાબ કરી? કરવામાં સહાયક કોણ હતા? પહેલા કરી કે પછી કરી? શું શું પહેલા કર્યું અને શું શું પછી કર્યું? કરી તો કયાં સુધી કરી? કેટલાકાળ સુધી કરતા રહ્યા? કરતા કેટલા વર્ષો લાગ્યા? વગેરે ક્રિયા કરી સંબંધી સેંકડો પ્રશ્નો ઉભાં થશે. જેનો ઉત્તર આપવા જતા કરનાર પક્ષવાળો ઈશ્વરનું સ્વરૂપ વિકૃત કરી નાંખશે.

આ કરવાની ક્રિયા નિત્યપણું નથી સૂચવતી. કરનારની અને જે કર્યું છે તે બન્નેની નિત્યતા નથી સૂચવતી. કારણ કે તેની પાછળ કાળ આદિ વગેરેનો આધાર આપવો પડે છે. સ્થાન–ક્ષેત્ર–વસ્તુ–સહાયક, સમય, સંખ્યા–વગેરે ઘણાં મુદ્દાઓનો આધાર આપવો પડશે અને આધાર આપવા જતા કાં તો હાથમાંથી ઇશ્વરનું સ્વરૂપ જતું રહે અને કાં તો સૃષ્ટિનું અસ્તિત્વ જ ખસી જાય. અથવા એનું સ્વરૂપ "ઇતો

"ભ્રષ્ટસ્તતો ભ્રષ્ટ" જેવી સ્થિતિ થશે. માટે ઈશ્વર અને સૃષ્ટિ બન્નેને અલગ અલગ સ્વતંત્ર પદાર્થ માનવાની સલાહ જૈન દર્શન આપે છે. નહીં તો પછી તમે ઇશ્વરના ભોગે સૃષ્ટિનું સ્વરૂપ સાચવવા જશો, અને સૃષ્ટિના ભોગે ઇશ્વરનું સ્વરૂપ સાચવવા જશો તો. રબરને ખેંચવા જેવી સ્થિતિ થશે. ઇશ્વરના કારણે સૃષ્ટિનું સ્વરૂપ બગડે છે. અને બીજી તરફ સૃષ્ટિના કારણે ઈશ્વરનું સ્વરૂપ વિકૃત થાય છે. બગડે છે. માટે જૈન દર્શને ઈશ્વર અને સૃષ્ટિ એ બન્નેને છૂટા જ પાડી દીધા. એક બીજાનો એક બીજા સાથે આધાર કે સંબંધ જ નથી રાખ્યા. અને છતાં બન્નેનું સ્વરૂપ અસ્તિત્વ માન્યું છે. એ જ તાર્કિક બુદ્ધિની વિશેષતા છે. ગરિમા છે.

**આસ્તિક–નાસ્તિકનો આધાર–**

વૈદિક દર્શનકારોએ ઇશ્વર અને સૃષ્ટિ આ બે પદાર્થો ઉપરજ આસ્તિકતા અને નાસ્તિકતાનો આધાર રાખ્યો છે. આ બન્ને ઉપર જ આસ્તિકતા–નાસ્તિકતાની મદાર બાંધી છે. શા માટે? પોતાની કિલ્લેબંધી કરવા માટે ઇશ્વર–અને સૃષ્ટિના પદાર્થોની વાક્જાલની રેતીની દીવાલ બાંધીને કિલ્લો બનાવનારા એ વૈદિક દાર્શનિકોને એ ખબર નથી કે આ તો રેતીના કિલ્લામાં બેઠા છો? અને આ બન્ને ઈશ્વર કે સૃષ્ટિ પદાર્થનું જ સ્વરૂપ સિદ્ધ નહીં થાય...નથી થતું તો પછી તેની બનેલી દીવાલથી કીલ્લો કેટલો મજબૂત અને અભેદ કે સુરક્ષિત રહેવાનો છે? સંભવ નથી.

એમને તો છાપ મારી દીધી કે જે ઈશ્વરને સૃષ્ટિનો કર્તા માને તેજ આસ્તિક અને ન માને તે નાસ્તિક. આ વ્યાખ્યા બનાવીને જૈન દર્શનને આસ્તિકતાથી બહાર કાઢવાની હિમ્મત કરી પરન્તુ જૈન દર્શને તેમની જ હજાર ભૂલો બતાવી જેથી તેઓ જ નાસ્તિક ઠરી ગયા. અને એમને ઓરમાયું વર્તન કેમ દાખવ્યું? સૃષ્ટિ કર્તા ઈશ્વરને ન માનનારા તો જૈન સિવાય બીજા પણ ઘણા દર્શનો છે. મીમાંસકો ક્યાં માને છે આ વાતને? તે ઈશ્વરને સૃષ્ટિનો રચયિતા

નથી માનતા. છતાં પણ તે આસ્તિક દર્શન કહેવાય અને જૈનો જ નાસ્તિક કહેવાય? એવું શા માટે? આ તો વાંદરા–બિલાડી જેવો ન્યાય થયો કે અન્યાય થયો?

વેદ અને ઇશ્વર–સૃષ્ટિ આદિ માનનારા જ આસ્તિકો છે. અને તે સિવાયના નાસ્તિકો છે. એમ કહીને સર્વદર્શન સંગ્રહકારે–છ દર્શનોને નાસ્તિક કહ્યા છે. તેમાં ચાર્વાક, માધ્યમિકો, યોગાચારવાદીઓ, સૌત્રાન્તિકો, વૈભાષિકો અને જૈનો આ છએ નાસ્તિકો છે. બૌદ્ધમત ના અવાન્તર ભેદો છે તે જુદા ગણ્યા એટલે ૬ થયા. અન્યથા મુખ્ય ૪ ને નાસ્તિક જણાવે છે. લોકાયત ચાર્વાકો, આર્હત્ જૈનો, સૌગત બૌદ્ધો અને કપિલમુનિવાદી કાપાલિકો. એ ચારેને નાસ્તિક કહ્યા છે. થોડા બુદ્ધિથી વિચાર કરો કે ચાર્વાક અને જૈનમાં શું કંઈ જ ફરક નથી? શું ચાર્વાક જેવું જ જૈન દર્શન છે? ચાર્વાક નાસ્તિક તો ઈશ્વર–આદિ કશું જ માનનારો નથી. જ્યારે જૈન દર્શન તો ઇશ્વરને માને છે. ભલેને ઇશ્વરને સૃષ્ટિના–જગતના કર્તા તરીકે નથી માનતા. પણ શુદ્ધ કર્મરહિતાત્મા પરમાત્માને જ ઇશ્વર માને છે. અને ઇશ્વરજ નહીં પરમેશ્વર–પરમેષ્ઠિ શબ્દથી નવાજે છે. અને બીજી બાજુ સૃષ્ટિનું અસ્તિત્વ પણ માને છે. ઈશ્વર કે સૃષ્ટિ બન્નેનો નિષેધ જૈન દર્શને નથી કર્યો. માત્ર માનવાની રીત જુદી છે. ઈશ્વરને શુદ્ધ પરમાત્મા સ્વરૂપે માન્યો. અને સૃષ્ટિને જડ ચેતનના સંયોગ સ્વરૂપે–પરિણામ સ્વરૂપે માની છે. ફક્ત સૃષ્ટિને ઈશ્વરની બનાવેલી નથી માની? અને ઈશ્વરને જગતના કર્તા નથી માન્યા એટલે એટલા માત્રથી શું જૈનો નાસ્તિક ઠરી ગયા? શું આ ન્યાયસંગત યુક્તિ છે કે મૂર્ખોક્તિ છે?

## આસ્તિક–નાસ્તિક માનવાનો આધાર–

આસ્તિક–નાસ્તિક ની વ્યાખ્યાઓ પણ ઘણાંએ પોત–પોતાની રીતે કરી છે. સર્વદર્શન સંગ્રહના ઉપોદ્ઘાતમાં લખે છે કે "श्रुतिप्रामाण्य-विरोधिनस्तार्किकविशेषाः नास्तिकाः" શ્રુતિ–વેદને પ્રમાણ ન માનનારા વેદપ્રમાણ

ના વિરોધિ તાર્કિકો નાસ્તિક કહેવાય છે. જેમાં ચાર્વાક, જૈન બૌદ્ધાદિ આવે છે. અને 'श्रुतिप्रामाण्याविरोधिनस्तार्किकविशेषा आस्तिकाः"

શ્રુતિ-વેદના પ્રમાણનો વિરોધ ન કરનારા વેદને જ પ્રમાણ માનનારા આસ્તિક કહેવાય છે. આ વ્યાખ્યા પ્રમાણે સાંખ્ય, પાતંગ-જલ, નૈયાયિક વૈશેષિક વગેરે આસ્તિક દર્શનો કહેવાય છે.

આ પ્રમાણેની પોતાની મનઘડંત વ્યાખ્યાના આધારે જ જો કોઇને આસ્તિક અને કોઇને નાસ્તિક કહેવાના હોય તો તો પછી તેમને જ એટલે વૈદિકોને જ બીજાને નાસ્તિક કહેવાનો અધિકાર છે એવું શા માટે? બધાને અધિકાર મળે છે આ વાતના આધારે જૈનો પણ બીજાને નાસ્તિક કહી શકે છે. "आर्हतागमप्रमाण्यविरोधिनस्तार्किकविशेषा :" नास्तिकाः "आर्हतेतर सर्वे एकान्तवादिनः दार्शनिका नास्तिकाः" અરિહંત પરમાત્મા દ્વારા ઉપદિષ્ટ કરાયેલા આગમને જ પ્રમાણરૂપ ન સ્વીકારનારા આર્હદ્ આગમ પ્રમાણનો વિરોધ કરનારા બધા નાસ્તિક દર્શનો કહેવાય. અને તે આર્હત્ (જૈન) સિવાયના બધા દર્શનો નાસ્તિક કહેવાશે.

આ વ્યાખ્યા વૈદિકવ્યાખ્યા જેવી સ્વમતે બનાવેલી વ્યાખ્યા થશે. આમાં તો કંઈ જ નથી પરસ્પર પોતાનો ઝંડો ઊંચો રાખીને બીજાને નાસ્તિક તરીકેની ગાળ દેવાની વાત છે. એ ઉચિત નથી. પોતાના દર્શનની માન્યતા બીજાના માથે ઠોકી ન બેસાડાય. જરૂરી નથી કે એક દર્શનને બીજાના દર્શનની વિચારધારા કે માન્યતા અવશ્ય માનવી જ જોઈએ સ્વીકારવી જ જોઈએ. ના..,અને તે માને તો જ તે આસ્તિક અને ન માને તો નાસ્તિક એમ કહેવું મૂર્ખામી ભરેલું ઠરશે એ રીતે આના આધારે તો બધા એક બીજાને નાસ્તિક કહેશે.

## પાણિનિકૃત નાસ્તિકતાની વ્યાખ્યા-

વ્યાકરણકાર મહર્ષિ પાણિનિએ પોતાની વ્યાકરણ રચનામાં આસ્તિક-નાસ્તિકની વ્યાખ્યા કરતાં સૂત્ર બનાવ્યું છે કે—"अस्ति नास्ति दिष्टं मतिः'। જેની અસ્તિ અને નાસ્તિની બુદ્ધિ નથી તે ટીકાકાર સ્પષ્ટ

કરતા લખે છે કે— "अस्ति परलोक इत्येवं मतिर्यस्य स आस्तिकः । तथा नास्ति परलोक इत्येवं मतिर्यस्य स नास्तिकः" અર્થાત્ પરલોક છે એવી જેની બુદ્ધિ છે તે આસ્તિક છે. અને પરલોક નથી એવી જેની બુદ્ધિ છે. પરલોક નથી માનતો તે નાસ્તિક છે. પાણિનિ જેવા અધિકૃત વ્યાકરણકારની વ્યાખ્યા પ્રમાણે જૈનો નાસ્તિક કેવી રીતે ઠરી શકે ? કર્મ–ધર્મ–પુણ્ય–પાપ લોક–પરલોક આત્મા–પરમાત્મા અને બંધ–મોક્ષ વગેરે બધા તત્ત્વો માનનારા જૈનીને નાસ્તિક કેવી રીતે કહેવાય? આકાશમાં દિવસે સૂર્યના જેવી સ્પષ્ટ વાત છે કે જૈન ધર્મ દર્શન લોક–પરલોક વગેરેનું જે વર્ણન કરે છે તેવું તો શાયદ જ આ જગતમાં કોઈ દર્શનકાર એવું સચોટ વર્ણનનું ચિત્ર રજુ નહિ કરી શકે. પછી પાણીનિ આધારે જૈન દર્શનને નાસ્તિક કહેવાની બાલિશ ચેષ્ટા કરનારા કેટલા અજ્ઞાન–બાલ જીવો હશે. આશ્ચર્ય તો એ વાતનું થાય છે કે પૂનાના ઓરિયન્ટલ ઇન્સ્ટીટયૂટના ડૉ. પી.એલ. વૈદ્ય, જેમને 'વેદ શાસ્ત્રોત્તેજક સભા પૂનાથી પ્રકાશિત સંસ્થાના મહોત્સવ વિશેષાંકમાં 'नास्तिक किंवा अवैदिक दर्शने' આ લેખમાં જૈન દર્શનને નાસ્તિક ઠરાવ્યું છે. અને તે પણ પાણિનિની વ્યાખ્યાના આધારે, અને મનમાં આવે તેમ સ્વકપોલ કલ્પનાથી બાલિશ ચેષ્ટા કરતાં બેફામ લખ્યું છે કે... જૈન ધર્મમાં ૨૪ તીર્થંકર ભગવાનો જ થયા નથી પાર્શ્વનામના એક સન્યાસી બાવાથી આ ધર્મ ચાલ્યો છે. અને જૈન ધર્મમાં પાંચ જ્ઞાન નથી, કેવળજ્ઞાન જેવી કોઈ વસ્તુ નથી. સર્વજ્ઞતા નથી. અને જૈન ધર્મમાં ૪૫ આગમ જેવું કંઈ જ નથી. આવી વાતો લખીને જૈન ધર્મ–દર્શન ઉપર કુઠારા–ઘાત કર્યા છે. બાપ જન્મારે એમણે જૈન ધર્મનો અભ્યાસ કર્યો છે કે નહીં એજ શંકા થાય છે, જ્યારે ૪૫ આગમો વર્તમાનમાં પણ ઉપલબ્ધ છે. ૨૪ તીર્થંકરોના નામ–ચરિત્રો વગેરે પ્રાચીન ગ્રન્થોમાં વિસ્તારથી ઉપલબ્ધ છે. પાંચ જ્ઞાન આદિ ઉપર જ જૈન ધર્મનો આધારસ્તંભ છે. આ બધી વાતો દીવા જેવી સ્પષ્ટ છે, છતાં પણ જૈન ધર્મ ઉપર કાદવ ઉછાળવાની આવી કુચેષ્ટા કરીને પણ એ વિદ્વાન તરીકે પંકાઈ જાય ?

હાયરે...! કળિયુગ તારા ગર્ભમાં પાપ અને પાપીઓના પોષાવા સિવાય બીજું શું પોષાય? એટલું જ નહીં પણ અધૂરામાં પૂરૂં...તો એ છે કે જૈન શાસનના તિથિ વિવાદના ઉકેલ વખતે એવા ડા.પી.એલ. વૈદ્ય પૂનાવાળા ને વચ્ચે લવાદ તરીકે નીમવામાં આવ્યા. અને એ જે ચૂકાદો આપે તે સમગ્ર જૈન સમાજ માન્ય કરે. કેટલી હાસ્યાસ્પદ વાત છે આ જગતનો નિયમ છે કે "पुरूषविश्वासे वचन विश्वासः" પહેલાં પુરૂષમાં વિશ્વાસ આવે પછી જ પુરૂષના વચનમાં વિશ્વાસ જાગે. અહીંયાં આ નિયમ પ્રમાણે ચાલીએ તો પહેલાં તો આવા પુરૂષમાં જ વિશ્વાસ જાગતો નથી. બેસતો જ નથી. પછી એની વાતોમાં તો વિશ્વાસ બેસવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો.

જ્યારે જૈન ધર્મ અને દર્શન લોક-પરલોકમાં શ્રદ્ધા ધરાવે છે. મૃત્યુ પછી જીવ સ્વર્ગ-નરકાદિ પરલોકમાં જાય છે. જન્મે છે પુનર્જન્મ ધારણ કરે છે પૂર્વજન્મો પણ અનન્તા કર્યા. એના કર્યા કર્મ પ્રમાણે ફળ પામે છે. અને પુણ્ય-પાપ જે કર્યા હોય, જેવા કર્યા હોય તેના આધારે તેવા સુખ-દુઃખના ફળ ભોગવે છે, જૈન સ્વયં સ્વના પાપ કર્મ ધોવા માટે, ખપાવવા માટે ઈશ્વર અરિહંત પરમાત્મા આગળ દર્શનપૂજા-ભક્તિભાવ પૂર્વક ઉપાસના-પ્રાર્થના વગેરે બધું જ કરે છે. જૈનો હજારો વર્ષોથી કરતા આવ્યા છે. પછી કઈ રીતે નાસ્તિક ઠરે?

જૈનોને નાસ્તિક કહેવા માટે બીજો કોઇ જ આધાર ન મળ્યો ત્યારે મનુના નામે શબ્દો બેસાડીને ગોઠવીને કહેવા લાગ્યા કે 'नास्तिको वेद निन्दकः" જે વેદની નિન્દા કરે છે તે નાસ્તિક છે. આ તો એવી વાત થઈ કે... શાસ્ત્ર વ્યાખ્યા કે સિદ્ધાન્તના આધારે ન્યાયથી કોઇને દોષીત કે અપરાધી ન કરાવી શકયા એટલે છેલ્લે...તું મારી નિન્દા કરે છે. માટે અપરાધી છે જા. એવી જ વાત અહીંયા થઇ ગઈ, જ્યારે જૈનોને નાસ્તિક કહેવાનો કોઇ સિદ્ધાન્ત ન્યાયસંગત હાથે ન જડયો એટલે નાની ઠંડી ગાળ દઈ દીધી કે—તમે જૈનો અમારા વેદની નિન્દા કરો છો માટે નાસ્તિક છો.

તો આ વ્યાખ્યા પ્રમાણે માત્ર જૈનો જ શા માટે નાસ્તિક ઠરે? કપિલ મુનિના મતવાળા સાંખ્યો ક્યાં જશે? જૈમિનીના મતવાળા પૂર્વ મીમાંસક વળી આસ્તિક કેવી રીતે ઠરશે? કણાદ મતવાળા વૈશેષિકો પણ ક્યાં ઇશ્વરકર્તૃત્વવાદ માને છે? તેમજ મીમાંસકો પણ ઇશ્વર કર્તૃત્વવાદ કે જગત્ કર્તૃત્વપણું ઇશ્વરમાં નથી સ્વીકારતા તો શું એ બધા નાસ્તિક નહીં? જ્યારે તેઓને તો આસ્તિક માનવામાં આવે છે. અને જૈનો જ નાસ્તિક? એ કેવો ન્યાય?

**કપિલ મુનિનો જવાબ**

સત્યાર્થ પ્રકાશમાં પ્રગટ થયેલી વાત છે કે મહાભારતના શાંતિ પર્વ સં. ૨૬૮માં ગાય અને કપિલનો સંવાદ છે. યજ્ઞોમાં ગાયનો વધ કરવામાં આવતો હતો. ગાયે કપિલમુનિ પાસે પોતાની રક્ષાર્થે પ્રાર્થના કરી... આ સમયે કપિલમુનિ ખૂબ જ દુઃખી અને વ્યથિત હૃદયે કહે છે કે... વાહ રે... હે વેદ! તેં હિંસાને પણ ધર્મ બનાવી દીધો? પછી તો કપિલમુનિએ સ્પષ્ટ ઘોષણા કરી કે હિંસાથી યુક્ત ધર્મ ધર્મ થઈજ નથી શકતો. હોઇ જ ન શકે. ભલે ને તે વેદ જ કેમ ન હોય? એ વેદ વિહિત હિંસાનો વિરોધ કર્યો. બસ આ જ કારણોથી બ્રાહ્મણોએ કપિલમુનિને નાસ્તિક કહી દીધા અને આશ્ચર્ય તો એ વાતનું છે કે જે કપિલમુનિ વેદની સ્તુતિ કરે છે તેજ વેદનો વિરોધી છે. વેદમાં એક ઋષિ બીજા ઋષિની વાતનો વિરોધ કરે છે. તો પછી કોને આસ્તિક માનવા અને કોને નાસ્તિક કહેવા? સાંખ્ય દર્શનમાં પણ પ્રાચીન સાંખ્ય અને નવ્ય એમબન્ને પક્ષો છે. પરંતુ પ્રાચીન સાંખ્યની પ્રસિદ્ધિ લોપ થતી જાય છે.

**પૂર્વમીમાંસકો પણ ઇશ્વર નથી માનતા**

જૈમિનીમુનિ પ્રણીત પૂર્વમીમાંસા દર્શન પણ જગત્ કર્તા ઇશ્વરને ક્યાં માને છે? નથી માનતા, વેદને માનવા છતાં પણ ઇશ્વરને નથી માનતા 'किमन्तर्गडुना इश्वरेण' આવા અન્તર્વ્યાપી કે અન્તર્ગત ઇશ્વરને શું કરવા છે? શા માટે માનવા? આ સ્પષ્ટ શબ્દોમાં મીમાંસકો

ઇશ્વરનું ખંડન કરે છે. હરિભદ્રસૂરી મહારાજ ષડ્દર્શન સમુચ્ચયમાં મીમાંસકોને નિરીશ્વરવાદી કહેતાં લખે છે કે

> जैमिनीयाः पुनः प्राहुः सर्वज्ञादि विशेषणः ।
> देवो न विद्यते कोऽपि यस्यमानं वचो भवत् ॥

જૈમિનિય મતને માનનારા મીમાંસકો ચોખ્ખું કહે છે કે સર્વજ્ઞ, વિભુ, કે નિત્યાદિ વિશેષણો વાળો કોઈ દેવ-ઈશ્વર નથી કે જેના વચનોને પ્રમાણભૂત માની લઇએ. એ રીતે ઈશ્વર કર્તૃત્વવાદનો વિરોધ કરનારા મીમાંસકો આ અર્થમાં ચોખ્ખા જૈનો જેવા જ છે. તો પછી જૈનોને નાસ્તિક કહેવા અને મીમાંસકોને આસ્તિક કહેવા આ કોના ઘરનો ન્યાય છે. "कर्मेति मीमांसकाः" મીમાંસકોના વિષયમાં આવી જ પ્રસિદ્ધિ છે કે તેઓ કર્મવાદી છે. કર્મ માનનારા છે.

એવી રીતે નૈયાયિક વૈશેષિકોનો પણ મત વિચાર માગી લે છે. કણાદ મતવાળા વૈશેષિકોની માન્યતા પણ જુદી જ છે. છતાં પણ આ બધા આસ્તિક કહેવાય અને જૈનો નાસ્તક શા માટે? કાં તો સ્વયં નાસ્તિક મતિ-દૃષ્ટિવાળા નાસ્તિકો જૈનોની આસ્તિકતાને સમજી નથી શકતા....ઓળખી નથી શકતા. માટે દ્વેષબુદ્ધિ માત્રથી જ જૈનોને નાસ્તિક કહી દેતા હોય છે. પરન્તુ વિચાર કરતાં સ્પષ્ટ લાગે છે કે જૈનો નિરીશ્વરવાદી નથી. સેશ્વરવાદી પણ કહ્યા છે. અર્થમાં છે—કે જૈનો ઈશ્વરને તો માને જ છે માત્ર જગત કર્તા અર્થમાં નથી માનતા. ઈશ્વર જગત-સૃષ્ટિનો કર્તા નથી. ઈશ્વર સર્વજ્ઞ-વીતરાગ-પરમ-શુદ્ધ પરમાત્મા છે. કર્મ રહિત છે. અને એવા સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત પરમાત્માને સૃષ્ટિ રચવાની કોઇ આવશ્યકતા રહેતી જ નથી. કારણ કે સૃષ્ટિ તો જડ-ચેતન-જીવ-અજીવ ના સંયોગ-વિયોગથી સદાકાળ બનતી અને બદલાતી રહે છે. પછી ક્યાં પ્રશ્ન રહ્યો? આ રીતે જૈન ધર્મ-દર્શન ઈશ્વરને પણ માને છે અને સૃષ્ટિને પણ માને છે. બન્નેનું અસ્તિત્વ સ્વીકારે છે. પરંતુ પોતાની રીતે શુદ્ધ નિર્દોષ સ્વરૂપે સ્વીકારે છે. પછી

જૈનોને નાસ્તિક કહેવા માટે રત્તિભર પણ આધાર નથી રહેતો. કોઇ તર્ક-યુક્તિ કે બુદ્ધિ જૈનોને નાસ્તિક કહેવા માટે નથી મળતી એટલે છેલ્લે એમ કહી દેવું કે ના....ના....જૈનો અમારા વેદને નથી માનતા, વેદને ગાળો દે છે. શ્રુતિપ્રામાણ્ય નથી માનતા માટે જૈનો નાસ્તિક છે.

આ વાત તો કેવી થઇ કે દુકાનદાર વ્યાપારી ગ્રાહકને એમ કહે છે કે હું કહું છું એ રીતે મારા ઉપર વિશ્વાસ રાખીને આ સોનું છે એમ સમજીને લઈ લો...ત્યારે ગ્રાહક કહે છે કે, તમારા ઉપર વિશ્વાસ શા માટે રાખું ? એવું કંઇ જરૂરી નથી. હું તો કસોટી ઉપર કસી જોઇશ. એ કસોટીની પરીક્ષામાં જો ખરૂં ઉતરશે તો જ સોના તરીકે સ્વીકારીશ. ગ્રાહકના આ શબ્દો સાંભળી જે વ્યાપારીએ સોનામાં ભેળ-સેળ કરી હોય તે પોતાની પોલ ખૂલવાની બુદ્ધિથી ખીજાય છે. રોષે ભરાય છે. અને ગ્રાહકને મૂર્ખની ગાળો દઈ દે છે.

એવી જ રીતે જૈન દર્શનવાદી જૈનોરૂપી ગ્રાહકો જ્યારે વૈદિક વેદવિદ્યાવાદી દુકાનદારને સત્યની કસોટી ઉપર કસીને સત્ય સિદ્ધાંત સ્વીકારવાની વાતો કરે ત્યારે ખીજાઇને દ્વેષબુદ્ધિથી વૈદિકો જૈનોને નાસ્તિક તરીકેની ગાળો દઇ દે છે. આ કયો ઉચિત કે સુસંગત ન્યાય છે. શું આમાં બુદ્ધિમત્તા દેખાય છે ? સંભવ નથી.

જૈન દર્શન ઈશ્વરનું સ્વરૂપ કેવું માને છે ? કયા અર્થમાં ભગ-વાન માને છે ? કેવા ભગવાનને ઇશ્વર માને છે એનું સવિસ્તર તર્કયુક્ત-બુદ્ધિગમ્ય વિવેચન આપણે આગળની સ્વતંત્ર પુસ્તિકામાં જોઈશું. એમાં સૃષ્ટિવાદ અને ઈશ્વરવાદની વાસ્તવિકતાની પરીક્ષા કરીશું. અહીંયા સ્થાન સંકોચની દૃષ્ટિથી જૈન દર્શનને અભિપ્રેત સૃષ્ટિ શું છે ? કેવી છે ? કેટલી છે ? એનું વર્ણન કરીએ.

**જૈન દર્શન માન્ય સૃષ્ટિ સ્વરૂપ—**

'સૃષ્ટિ' શબ્દ બ્રહ્માણ્ડ, સમસ્ત જગત, સંપૂર્ણ લોક, અથવા વિશ્વને કહીએ છીએ. વિશ્વ શબ્દ સૃષ્ટિના અર્થમાં ઘણો નાનો પડે છે. જૈન

દર્શનની પહેલી માન્યતા તો સ્પષ્ટ જ છે કે ભગવાને સૃષ્ટિ બનાવી નથી.. પણ બતાવી છે.

**બનાવવી અને બતાવવી...બનાવી અને બતાવી.**


આ બન્ને શબ્દોમાં 'ન' અને 'ત' નો જ ફરક છે. બનાવવાની માન્યતા રાખનાર જૈન દર્શન નથી. જૈનેતર બીજા દર્શનોમાંથી ઘણાં સૃષ્ટિને બનાવનારા તરીકે ઈશ્વરને ભગવાન માને છે. જૈનો નહીં. જૈન દર્શન તો કહે છે કે ભગવાન ઈશ્વર, સર્વજ્ઞ પરમેશ્વર સૃષ્ટિ–જગત કે લોકને બનાવનાર નથી તે તો માત્ર બતાવનારા જ છે. God is not the Creator of the world. nor thou is not distroyer of the world. The God is only a director of the world. ભગવાન ઈશ્વર સૃષ્ટિ બનાવનાર નથી. નાશ કરનારા નથી. તે તો માત્ર દૃષ્ટા છે. જગત આવું છે એમ દેખાડનારા છે. આ જગતમાં શું છે? ક્યાં શું છે? કેવું છે? કેવી રીતે છે? કેવા સ્વરૂપે છે? અને આ જગતમાં શું શું ફેરફારો થાય છે? કેવી રીતે થાય છે? કોણ શું કરે છે? જડ શું છે? અને ચેતન શું છે? આ સૃષ્ટિ કેવી રીતે બને છે? અને એમાં ફેરફારો કેવી રીતે થાય છે? જીવ–અજીવ, જડ–ચેતન ના સંયોગ–વિયોગો વગેરે કેવી રીતે થાય છે? કોણ કરે છે અને કોણ બનાવે છે? વગેરેની વિચારણા જૈન દર્શને બહુજ સ્પષ્ટ સ્વરૂપે કરીને એક વાસ્તવિક સત્યને જગત સમક્ષ રજુ કર્યું છે. આ બધું સમજવા માટે સર્વ પ્રથમ આખી સૃષ્ટિ સમજાવનારા–દેખાડનારા પરમાત્માનું સર્વજ્ઞ તરીકેનું સાચું સ્વરૂપ સમજવું જરૂરી છે. જોકે વિસ્તારથી તો આગળ સમજશું. પરન્તુ અહીં સામાન્ય સંક્ષેપમાં ઉપયોગી સ્વરૂપ સમજીએ. કારણ કે ભાગવતમાં તો શ્રી કૃષ્ણ અર્જુનને મોઢું ફાડીને પોતાના મોઢામાં વ્યાપક વિરાટ બ્રહ્માંણ્ડનું સ્વરૂપ દેખાડે છે. જ્યારે સર્વજ્ઞ અરિહંત ભગવાન પોતાના અનન્ત જ્ઞાનથી અનન્ત બ્રહ્માંણ્ડનું સ્વરૂપ બતાવે છે.

**કેવલજ્ઞાની સર્વજ્ઞ પરમાત્મા—**

જ્ઞાન એ આત્માનો પ્રથમ નંબરનો શ્રેષ્ઠ ગુણ છે. જ્ઞાન આત્મા–

જીવ સિવાય બીજે ક્યાંય પણ રહેતું નથી, કે હોતું નથી. માટે આત્માને ઓળખવા જ્ઞાન-દર્શનાદિ ચેતના શક્તિ સ્વરૂપ ગુણો સહાયક છે. ગુણ-ગુણીનો અભેદ સંબંધ હોય છે. માટે જ્ઞાન-જ્ઞાનીનો પણ અભેદ સંબંધ હોય છે. જ્ઞાન જેનામાં રહે તે જ્ઞાની કહેવાય. જ્ઞાનના પાંચ પ્રકારમાં કેવલજ્ઞાન એ પાંચમો પ્રકાર છે. કેવલજ્ઞાન એટલે અનન્તવસ્તુ વિષયક અનન્ત જ્ઞાનના બીજા નામે પણ ઓળખાય છે. ત્રિકાળાબાધિત —ત્રણે કાળમાં જેનો બાધ ન થાય એવું છે. એક જ સમયે ત્રણે કાળનું જ્ઞાન સંપૂર્ણ હોય છે. એટલા માટે કેવલજ્ઞાનને પૂર્ણજ્ઞાન-સંપૂર્ણ જ્ઞાનના શબ્દથી પણ નવાજી શકાય છે. કેવલજ્ઞાન જેને થાય છે તે કેવળી

અનન્ત લોકા-અલોકાકાશ
સુધી કેવલ જ્ઞાની જૂએ છે.



વ્યક્તિ સ્વરૂપે ઓળખાય છે. સર્વ એટલે સમસ્ત પદાર્થોને જાણે અને પ્રત્યક્ષ જૂએ છે માટે સર્વજ્ઞ કહેવાય છે. માટે કેવલજ્ઞાની મહાત્મા સમસ્ત લોક-બ્રહ્માણ્ડના સર્વ-સમસ્ત-અનન્ત પદાર્થોને જાણે અને જૂએ

છે. એમને પોતાને પદાર્થ સુધી જવું નથી પડતું, પરન્તુ એમનું જ્ઞાન જ સર્વ પદાર્થોને વ્યાપી લે છે. જાણે અરીસામાં પ્રતિબિંબિત થતા હોય તેમ કેવળજ્ઞાનમાં અનન્તા પદાર્થો દેખાય છે. કેવળી મનુષ્ય લોકમાં અહીંયા બિરાજમાન હોય છે એટલે અહીં બેઠા પોતાના અનન્તજ્ઞાનના બળે અનન્ત લોકાલોકના અનન્તા પદાર્થોને એક સાથે જૂએ અને જાણે છે. એવા સર્વજ્ઞ પ્રભુ કેવલી ભગવન્તે–અનન્તજ્ઞાની પરમાત્માએ આ આખા બ્રહ્માણ્ડ કે લોક–અલોક તથા સૃષ્ટિને જે સ્વરૂપે જોઇ છે. જેવી છે. તેવી. જે સ્વરૂપે છે તે સ્વરૂપે જે જોયું છે અને જ્ઞાનથી જાણ્યું છે તે જ અને તેવું જ સ્વરૂપ એમણે વર્ણવ્યું છે. કહ્યું છે. કારણ કે ૪ ઘનઘાતી કર્મોના ક્ષયથી એમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. ૪ ઘનઘાતીમાં મોહનીયકર્મનો પણ ક્ષય કરીને તેઓ વીતરાગી બન્યા છે. અને પછી કેવળી બન્યા છે. વીતરાગી થવાના કારણે હવે તેમનામાં ક્લેશ–કષાય, રાગ–દ્વેષ કે ક્રોધ–માનાદિ કોઈ કષાયો વગેરેનું અસ્તિત્વ જ નથી રહેતું. અને કષાયો નથી માટે અસત્ય–જુઠ બોલવાનું કોઈ કારણ નથી રહેતું. શા માટે ખોટું બોલે? શા માટે વિપરીત કહે કે વર્ણન કરે? હવે કોઈ પ્રયોજન જ નથી. માટે જે કંઇ પણ કહેશે તે સાચા સ્વરૂપે જ કહેશે. પદાર્થ જેવો છે તેને તેવો જ કહેશે. વસ્તુના સ્વરૂપનું વર્ણન કરશે. પરન્તુ સ્વયં તેમાં ફેરફાર નહીં કરે.

### વીતરાગી–સર્વજ્ઞ પ્રભુ સૃષ્ટિ નથી રચતા—

જૈન દર્શનને અભિપ્રેત આ સનાતન સત્યનો સિદ્ધાન્ત છે કે વીતરાગી–સર્વજ્ઞ ભગવાન ઇશ્વર સૃષ્ટિની રચના નથી કરતા. શા માટે કરે? જગતમાં અનન્તા જીવો અને અનન્તા જડ–પુદ્ગલ પદાર્થો છે. તેમના જ સંયોગ વિયોગે સૃષ્ટિનું નિર્માણ આદિ કાર્ય થતું જ રહે છે અને ચાલતું રહે છે પછી વીતરાગીને શા માટે સૃષ્ટિ બનાવવી પડે? બીજી તરફ રાગ–દ્વેષથી સર્વથા અલિપ્ત એવા પરમેશ્વર વીત-

રાગીને કોઇ ઇચ્છા–અનિચ્છા જેવું કાંઇ જ છે જ નહીં પછી સૃષ્ટિ બનાવવા કરવાની કોઈ વાત જ નથી સંભવતી. એ તો બધું રાગી–દ્વેષીમાં જ ઘટે છે. હવે વિચાર કરો કે જે નથી બનાવાતું, સ્વયં બને તેને પણ રાગી–દ્વેષી ઈશ્વરોને માથે તેમના માથે ચઢાવી દેવામાં આવતું હોય અથવા તે ઈશ્વર એમ કહે છે કે હું બનાવું છું હું કરું છું.... વગેરે....તો રાગ–દ્વેષની સ્પષ્ટતા રજુ કરે છે. તેઓ રાગી–દ્વેષી છે.... કારણ કે સ્વયં બનનારી સૃષ્ટિને પોતાના નામે ચઢાવી દે છે. જરૂર જ નથી.

જૈન ધર્મ માન્ય સ્પષ્ટ અને સાફ વાત એ છે કે...સૃષ્ટિ બનાવનાર કોઇ નથી. કોઇને બનાવવાની જરૂર જ નથી. જગતમાં અનન્તા જીવો છે. તે અનંતા પુદ્ગલ પદાર્થોની સાથે સ્વ–સ્વ કર્માનુસાર સંયોગ–વિયોગ કરતા રહે છે, થતો રહે છે. એનું નામ સૃષ્ટિ છે. સૃષ્ટિમાં આ જ બનતું હોય છે. સૂક્ષ્મથી લઈને સ્થુલ સુધી અનેક પ્રકારના અનન્તા જીવો છે. જીવમાં જ કર્તૃત્વ શક્તિ છે. તેથી કર્તા જીવ જ છે અને કહેવાય છે. અને પછી જીવ જે કરે છે તેનું ફળ તે સ્વયં જ ભોગવે છે એટલે ભોક્તા પણ તે પોતે જ છે. ફળ પણ બીજાને આપવાની જરૂર નથી. ફળદાતા તરીકે પણ બીજા–ત્રીજા કોઇને માનવાની જરૂર નથી. સ્વયં પોતે કરેલા કર્મોનું ફળ–વિપાક કાળે જીવ સ્વયં પામે છે અને ભોગવે છે. માટે કર્તાપણું, અને ભોક્તા પણું જીવમાં જ ગણુવામાં આવે છે. એવી જ રીતે જ્ઞાનયોગથી જાણવું અને દર્શન યોગથી જોવું આ બન્ને ક્રિયાઓ પણ જીવની પોતાની છે. જ્ઞાન–દર્શન જીવાત્માના ગુણો છે. માટે તેના યોગે આત્મા જ્ઞાતા–દ્રષ્ટા ભાવવાળો છે. તેથી જ તે જાણે અને જૂએ છે. માટે જીવાત્મા જ્ઞાતા–દ્રષ્ટા ભાવે અને કર્તા–ભોક્તા ભાવે સ્વયં છે. કેવલજ્ઞાની–સર્વજ્ઞ–વીતરાગતા એ જીવાત્માની જ ઉત્તમ અવસ્થા છે. કક્ષા છે. એ અવસ્થામાં રહેલા જીવને જ પરમાત્મા કહેવામાં આવે છે. એને જ પરમેશ્વર, પરમપિતા, ભગવાન્, જિન–જિનેશ્વર, સર્વજ્ઞ, વીતરાગી, તીર્થંકર, અરિહંત ભગવાન્ આદિ નામોથી નવાજવામાં આવે છે.

માટે ભગવાન્ જ્ઞાતા-દ્રષ્ટા છે. જેવું જગત છે, જેવો સંસાર તેમણે અનન્ત જ્ઞાન-દર્શન યોગે જોયો અને જાણ્યો છે તેને તેજ અને તેવાં જ સ્વરૂપે વીતરાગ ભાવે જગત સમક્ષ રજુ કર્યો છે. વર્ણવ્યો છે.

**બનાવ્યું ? કે બતાવ્યું ?**


એક વ્યક્તિના બૂટ રાજમહેલમાં ખોવાઇ ગયા. સંધ્યાવેળાએ શોધતા અંધારૂં છવાઈ ગયું. બહારની અજાણ આ વ્યક્તિને રાજમહેલમાં પ્રકાશની જગ્યા-વ્યવસ્થાનો કોઇ જ ખ્યાલ નહીં. મુંઝાઈ ગઇ. શું કરવું ?...એટલામાં રાજમહેલના જાણકાર ભાઈ આવે છે. પૂછે છે-ઓલો ભાઇ શું થયું ? ...પેલાભાઇએ હકીકત કહી દીધી... પેલો ચપરાસી તેમને નીચે લઇ ગયો....બટન દાબીને એક ક્ષણમાં અજવાળું કર્યું. અને તેમના બૂટ દેખાડયા....જુઓ આ પડયા. જાઓ પહેરી લો. આ કોઈ વાર્તા કે પ્રસંગ નથી.

પરન્તુ આના ઉપરથી એટલો વિચાર કરો કે આમાં ચપરાસીએ શું કર્યું ? બૂટ બનાવ્યા કે બતાવ્યા ? લાઈટ-પ્રકાશ. નીચેનું સ્થાન વિગેરે બનાવ્યા કે બતાવ્યા ? એમાં બનાવવાની વાત જ ક્યાં ઉભી થાય છે ? જે હતું અને જ્યાં હતું તે બતાવી દીધું છે. માટે જૈનો સ્પષ્ટ કહે છે કે આ જગતમાં જે જે છે તે બધું જીવ અજીવના સંયોગ-વિયોગની સૃષ્ટિ છે. આમાં પરમેશ્વરને કે ઈશ્વરને કોઇને કંઈ પણ બનાવવું નથી પડતું. તે તો માત્ર જ્ઞાનયોગે જગતને બતાવી આપે છે. દેખાડનાર માત્ર છે. જ્ઞાતા-દ્રષ્ટા ભાવે છે. એવા અનન્તજ્ઞાની સર્વજ્ઞભગવંતે આ બ્રહ્માણ્ડમાં લોકાલોકરૂપ સમસ્ત જગતમાં શું શું છે ? ..ક્યાં શું છે ? અને ક્યાં શું નથી ? ક્યાં વસ્તુ કેવા સ્વરૂપે છે ? કેવા સ્વભાવે છે ? જીવો કયા કયા પર્યાયે છે ? અજીવ પદાર્થ કેવા સ્વરૂપે છે અને આ સમસ્ત લોકાકાશમાં પરિણમન-અને પરિવર્તન કેવી રીતે થાય છે ? જીવ-અજીવ પદાર્થોના સ્વભાવ કેવા છે ? તેમનો સંયોગ-વિયોગ વિગેરે કેવી રીતે ક્યારે ક્યાં થાય છે ? અવસ્થાઓ પર્યાયો વગેરે કેવી

રીતે બદલાય છે? વિગેરે અનેક બાબતો પોતાના અનન્તજ્ઞાન-દર્શન યોગે જેવું જાણ્યું અને જોયું છે તેવું આપણને વીતરાગભાવથી બતાવ્યું છે. તેનું કંઇક સંક્ષિપ્ત સ્વરૂપ અહીં પ્રસંગોપાત વિચારીએ—

અનન્ત અલોક—(Jain Cosmological thoughts)

ચૌદ રાજલોક પ્રમાણ લોકક્ષેત્રની બહાર ચારે તરફ અનન્ત અલોક છે. લોક એટલે વસતિ ક્ષેત્ર. લોકક્ષેત્ર, જીવ-અજીવ પદાર્થોનું આશ્રય ક્ષેત્ર. એની ચારે બાજુ બહાર તરફ છે. જેમ એક વર્તુલ દોર્યું હોય. અને. વચ્ચે તેનું કેન્દ્ર માત્ર દેખાતું હોય. અને કેન્દ્રથી વર્તુલની પરિધી સુધી જતાં. અનનત કાળ લાગે તેનો અનન્ત અલોક છે. આ અલોકમાં માત્ર આકાશ જ છે. તે ૦ શુન્યાકાશ કહેવાય છે. બસ જીવો કે લોકો કે અજીવાદિ બીજા પદાર્થો ત્યાં કંઈ જ નથી. અલોકનો કોઈ છેડો નથી. પરિધ છે જ નહીં. અંત નથી માટે અનન્ત કહેવાય છે. ચારે કે દશે દિશામાં સર્વત્ર જેનો અન્ત નથી. છેડો નથી તે અનન્ત અલોક છે. ત્યાં બીજું કંઇ જ નથી. માત્ર આકાશ છે તેને અલોક શબ્દની સાથે જોડીને અલોકાકાશ કહેવાય છે.




તે અનન્ત અલોકની વચ્ચેનું જે કેન્દ્ર છે તેને થોડો મોટો enlarge કરીને જોઈએ તો પુરૂષાકારે દેખાય છે. જેને લોકપુરૂષ કહેવાય છે. પુરૂષના જેવી આકૃતિ દેખાય છે માટે લોકપુરૂષના નામથી ઓળખાય છે. ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે જેમ એક મનુષ્યે બન્ને પગ પહોળા કરીને સંતુલન જાળવવા બન્ને હાથ કમર ઉપર ગોઠવ્યા હોય અને સ્થિર ઉભો હોય તેવો લોક છે.એને લોકપ્રકાશ ગ્રંથમાં વૈશાખ-વિષ્કંભ આકાર કહેવાય છે. આટલો જે પુરૂષાકાર ક્ષેત્ર છે તેટલો જ લોક ક્ષેત્ર છે. અનન્ત અલોકની વચ્ચે તો આ માત્ર ૧૪ રાજલોક પરિમિત ક્ષેત્રમાં જ છે. બસ-જીવ-અજીવની સૃષ્ટિ આ લોકક્ષેત્રમાં અસ્તિત્વ ધરાવે છે. તેની બહાર અલોકમાં કંઇ જ નથી.

અલોકમાં શું છે? અને શું નથી? આ પણ કોણે કહ્યું? સર્વજ્ઞ વીતરાગી ભગવંતે જ કહ્યું છે. તેના વિના કોણ કહે? કારણ 'છે' એ કહેવા માટે પણ જોવું-જાણવું પડે અને નથી એ કહેવા માટે પણ જોવું તથા જાણવું પડે છે. જોયા-જાણ્યા વિના પણ કંઇ જ કહેવાતું નથી. નીચે ભોંયરામાંથી ૧ ગ્લાસ લાવવા માટે માએ દીકરાને કહ્યું. દીકરો ૧ મિનિટ દરવાજા બહાર જઈને તુરત આવીને મમ્મીને કહે છે-મમ્મી! ગ્લાસ તો નથી. મા વિચારમાં પડી ગઇ. કારણ કે તેને તો ખબર છે કે નવો સ્ટીલનો ગ્લાસ ત્યાં છે. છતાં આ કેમ ના પાડે છે? ફરી પૂછ્યું-તેં જોઈને ના પાડી છે કે જોયા વગર જ ના પાડી દીધી? બાળકે ઉત્તર આપતાં કહ્યું મમ્મી! નીચે ભોંયરામાં અંધારું છે, અંધારામાં જતાં મને બીક લાગે છે માટે મેં જોયા કર્યા વગર એમને એમ જ ના પાડી દીધી છે. એમ કેમ ચાલે? માએ દીકરાને ભોંયરામાં લઈ જઈ અને લાઈટ કરીને ગ્લાસ દેખાડયો અને લઇ આવી. જૂઓ જોયા કર્યા વગર ના ન પાડવી.

એવી જ રીતે વિચાર કરો કે.... અલોકમાં શું છે અને શું નથી? માત્ર આકાશ છે. બસ આ સિવાય જીવ જડ, વગેરે કાંઇ જ નથી આ કોણે કહ્યું? સર્વજ્ઞ અનન્ત જ્ઞાની પ્રભુએ પોતાના અનન્ત

જ્ઞાન-દર્શનથી જોયું અને જાણ્યું અને પછી વીતરાગ ભાવથી જેવું જોયું અને જાણ્યું તેવું જગત સમક્ષ રજૂ કર્યું છે. જણાવ્યું છે. તેમણે જોયું કે માત્ર આકાશ છે. અને તેમણે જ જ્ઞાનથી જાણ્યું- કે ત્યાં આકાશ સિવાય બીજું જીવ-જડ વગેરે કંઈ જ નથી. પણ તે જોવા કે જાણવા માટે ભગવાનને ત્યાં જવું નથી પડ્યું. જ્ઞાનથી જોયું અને જાણ્યું છે. દેહથી વ્યાપી નથી જ્ઞાનથી વ્યાપી છે.

ચૌદ રાજલોક—



જાણે કોઈ સ્ત્રી પાણી ભરવાં કૂવે-તળાવે ગઈ હોય અને પાણીનું માટલું માથે મૂકીને સંતુલન જાળવવા બે પગ પહોળા કરીને તથા બન્ને હાથ કમ્મર ઉપર રાખીને ઉભી હોય તેવો આ લોક હિન્દુગ્રંથોની સૃષ્ટિ માન્યતા પ્રમાણે સોનાનું ઇંડું અને તે ફૂટયું, અને તેના બે ભાગ કરીને પછી ઉપર-નીચેના લોકો બનાવ્યા તેવી વાત અહીંયા નથી કરવામાં આવી. આ લોક સ્વરૂપ સંસાર-જગત્ કે બ્રહ્માંડ આ જ સ્થિતિ આકૃતિમાં અનાદિથી અસ્તિત્વ ધરાવે છે. માટે એને આ જ સ્વરૂપે જ્ઞાનીઓએ કહેલ છે. તેના ત્રણ વિભાગ છે.

(૧) ઉર્ધ્વ લોક—સ્વર્ગ કે દેવલોક
(૨) તિર્છાલોક—મનુષ્ય ક્ષેત્ર કે તિર્યગ્ લોક
(૩) અધોલોક —નરક ક્ષેત્ર કે પાતાલ

આ રીતે ત્રણ નામો નીચેની ગાથામાં બન્ને રીતે જણાવે છે—

(१) जं किंचि नाम तित्थं-सग्गे-पायालि माणुसे लोए ।
(२) जावंति चेईआईं उड्ढ अ अहे अ तिरिय लोए अ ॥


લોકના ત્રણ ટુકડા નથી કે ત્રણ ભાગ નથી. પણ ત્રણ નામો છે. આ ત્રણ લોકનું સ્વરૂપ છે. ચૌદ રાજલોક-૧૪ રાજ પ્રમાણ છે.

રજ્જુ એટલે રસ્સી. રસ્સીથી જેમ વસ્તુની લંબાઈ-ઉંચાઇ માપવામાં આવે છે તેમ અનન્ત અલોકાકાશની વચ્ચે રહેલ લોકક્ષેત્રને ઉપરથી નીચે સુધી રસ્સીથી માપતાં ૧૪ રજ્જુ પ્રમાણ થાય છે. તેથી ૧૪ રાજ પરિમિત લોકક્ષેત્ર કહેવાય છે, ૧ રજ્જુ નો એક રાજ, એવા ૧૪ રાજ પ્રમાણ લોક-વસતિનું ક્ષેત્ર.

એક રાજથી બીજા રાજ સુધીનું માપ બતાવતા શાસ્ત્રોમાં એમ કહેવામાં આવ્યું છે કે... ૧, ૮૧, ૧૭, ૯૦૦ મણ વજનનો ૧ ભાર એવા એક હજાર મણ ભારવાળો તપાવેલો લોખંડનો ગોળો કોઈ સશક્ત દેવતા પૂરી શક્તિથી ફેંકે અને તે નીચે ગબડતો-ગબડતો

૬ માસ, ૬ દિવસ, ૬ પહોર ૬ ઘડી, અને ૬ સમય સુધી પડતો જ જાય... આટલા કાળમાં જેટલું ક્ષેત્ર કાપે તેને એક રાજલોક કહેવાય છે. એટલે અસંખ્ય યોજન લાંબા વિસ્તારવાળો ૧ રાજલોક કહેવાય છે. અને એવા ૧૪ રાજલોક છે. એટલે ૧૪ રાજલોકનું ક્ષેત્ર સમસ્ત સંસાર-કે આખું જગત્ છે. શ્રી ભગવતી સૂત્રમાં લોકને અસંખ્ય કોટા-કોટી યોજન પ્રમાણુ માપવાળું ક્ષેત્ર કહેવામાં આવ્યું છે. સમસ્ત લોકને ચોરસખંડ કરીને ખંડુઆના વિભાગમાં કરીને વહેંચવામાં આવ્યો છે.

**પંચાસ્તિકાય-ષડ્દ્રવ્યાત્મક લોક—**



દ્રવ્ય એટલે પદાર્થ વસ્તુ. દ્રવ્યની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકાર મહર્ષિ ઉમાસ્વાતિજી તત્ત્વાર્થ સૂત્રમાં લખે છે કે– "गुण पर्यायवद् द्रव्यम्" ગુણ અને પર્યાય વાળો જે હોય તે દ્રવ્ય કહેવાય છે. ગુણ દ્રવ્યમાં જ રહે છે. જેમ સૂર્યમાં પ્રકાશ રહે છે. સૂર્ય દ્રવ્ય છે તો પ્રકાશ તેનો ગુણ છે. ગુણ–ગુણી જૂદા–અલગ નથી રહેતા. સાથે જ રહે છે. ગુણોનું સમૂહાત્મક સ્વરૂપ તે દ્રવ્ય છે. એવા દ્રવ્યના પર્યાય. આકૃતિઓ અનેક બદલાતી જાય છે. એક દ્રવ્યની અનન્ત પર્યાયો થતા હોય છે. એ રીતે દ્રવ્ય–ગુણ અને પર્યાય આ ત્રણ અવસ્થા છે.

(૧) Substance (૨) Atributes, (૩) Modes. આ ત્રણેમાં– "उत्पाद्–व्यय–ध्रोव्य युक्तं सत्" ના નિયમાનુસારે ઉત્પન્ન થવું, નષ્ટ થવું અને નિત્ય રહેવાપણાની ત્રણ અવસ્થા રહેલી છે. મૂળભૂત દ્રવ્ય પોતાના દ્રવ્ય સ્વભાવથી સદાકાળ નિત્ય (ધ્રુવ) રહેનાર છે. જ્યારે પર્યાય અવસ્થા ઉત્પન્ન–નષ્ટશીલ છે. આકૃતિ બદલાયા કરે છે. બને છે અને બદલે છે. દા. ત., સોનું મૂળ દ્રવ્ય છે. સોનારૂપે નિત્ય રહેનાર છે. જ્યારે આભુષણ દાગિનારૂપે પરિવર્તનશીલ છે. પર્યાયો આકૃતિઓ બદલાતાં રહેશે. આજે બંગડી છે. અને કાલે પસંદ ન પડી તો તેમાંથી વીંટી બનાવી દીધી. એ પ્રમાણે બંગડી આકારે પર્યાય ઉત્પન્ન થઈ અને પછી તેનો વ્યય એટલે નાશ થયો અને વીંટી આકારે ઉત્પત્તિ થઇ. આ રીતે ઉત્પાદ–વ્યય–પર્યાયાકારે બદલાતા જ જાય છે. જ્યારે દ્રવ્ય સદાકાળ નિત્ય સ્વરૂપે રહે છે.

૬ દ્રવ્યો

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
|---|---|---|---|---|---|
| જીવ | ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશાસ્તિકાય | કાળ | પુદ્ગલ |

આ છ દ્રવ્યોને જીવ–અજીવ એમ બે વિભાગમાં વહેંચી શકાય છે.

મૂળભૂત ૨ દ્રવ્ય

જીવ. (ચેતન–આત્મા) — અજીવ. અચેતન

અજીવ. અચેતન: ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાળ, પુદ્ગલ

એક જીવ-ચેતન સ્વરૂપ દ્રવ્ય છે. ચેતનાશક્તિમાન પદાર્થને આત્મા કહેવામાં આવે છે. જીવ કહો, ચેતન કે આત્મા કહો માત્ર પર્યાયવાચી શબ્દો છે. પણ વાત એક જ છે. આ એક ચેતન આત્મા સિવાયના બધા અજીવ છે. અચેતન છે. જડ છે.

**પંચાસ્તિકાય સ્વરૂપ—**

પંચાસ્તિકાય

- જીવાસ્તિકાય
- ધર્માસ્તિકાય
- અધર્માસ્તિકાય
- આકાશાસ્તિકાય
- પુદ્ગલાસ્તિકાય

અસ્તિ + કાય=અસ્તિકાય. અસ્તિકાય શબ્દનો પ્રદેશ સમૂહાત્મક દ્રવ્ય એવો અર્થ થાય છે. જેમ એક કપડું છે પણ તે કપડું હકીકતમાં શું છે? તાંતણાંનો સમૂહ છે. એક તાંતણો ઊભો અને બીજો આડો એમ ગોઠવવામાં આવ્યા એટલે કપડું સંજ્ઞા બની ગઈ. એવી જ રીતે એક ધર્માસ્તિકાય, અથવા અધર્માસ્તિકાય જે પદાર્થો છે તે શું છે? આ શબ્દમાં પણ ધર્મ+અસ્તિકાય શબ્દ છે. એટલે ચૌદ રાજલોકમાં પ્રસરેલો એવો અજીવ દ્રવ્ય કે જે સ્વયં પ્રદેશ સમૂહાત્મક રૂપે અસ્તિત્વ ધરાવે છે. અરૂપી–અદૃશ્ય છે. પરન્તુ બધા જીવ અને પુદ્ગલોની ગતિમાં સહાયક દ્રવ્ય છે. જેમ માછલી પાણીની સહાયતાથી ગતિ કરી શકે છે તેમ ચૌદ રાજલોક રૂપ અનન્ત બ્રહ્માણ્ડમાં કોઈની પણ ગતિ ધર્માસ્તિકાયની સહાયથી થાય છે. Principal of Motion કહેવાય છે. આ પદાર્થ ન હોય તો જગતમાં કોઈ પણ ગતિ જ ન કરી શકે. એ પ્રદેશ સમૂહાત્મક ચૌદરાજલોક વ્યાપી એક અખંડ દ્રવ્ય છે. લોકમાં છે અલોકમાં નથી. Medidum of Motion છે.



**અધર્માસ્તિકાય—**




ઠીક ધર્માસ્તિકાયથી વિપરીત પદાર્થ તે અધર્માસ્તિકાય છે. પ્રદેશ સમૂહાત્મક એક અરૂપી દ્રવ્ય જે ચૌદ રાજ લોકવ્યાપી અને એક અખંડ દ્રવ્ય છે. જે જીવ અને પુદ્‌ગલ પદાર્થોની સ્થિતિમાં સહાયક બને છે. જો ગતિ કરનારા પદાર્થો સદા ગતિ જ કરતા રહે અને રોકાય જ નહીં તો સ્થિતિ કેવી થાય ? જેમ એક ગાડી જો ગતિ જ કરતી જાય. ચાલતી જ જાય અને કયાંય અટકે જ નહીં તો પરિણામ શું આવે ? માટે સમસ્ત લોકવ્યાપી આ દ્રવ્ય પદાર્થોને સ્થિર થવામાં અટકાવવામાં ઉપયોગી સહાયક બને છે. અરૂપી–અદૃશ્ય છે. Medium of Rest છે. આ બન્ને પદાર્થો સ્વયં ચાલતા નથી કે અટકતા નથી. પણ ચાલનારાને ચાલવામાં તથા સ્થિર થવામાં માત્ર સહાયક માધ્યમ છે. જેમ માછલી સ્વયં ચાલનાર છે છતાં પણ તે પાણીની સહાય વિના નથી ચાલી શકતી. તેને પાણીની સહાય લેવી જ પડે છે. તેમ ગતિશીલ પદાર્થોને ગતિ સ્થિતિમાં આ બન્ને પદાર્થોની સહાય લેવી જ પડે છે. ગતિ–સ્થિતિ સહાયકતા એ આ બન્ને પદાર્થોનો સ્વભાવ–કે ગુણ જ છે.

**(૩) આકાશાસ્તિકાય—**

"अवगाहो आगास" અવગાહન્ જગ્યા જે આપે





તે આકાશ કહેવાય છે. એટલા માટે સ્પષ્ટ કહેવાય છે કે—A Space is a space witch gives us place. આકાશ એને કહેવાય છે કે જે આપણને જગ્યા આપે છે. જો આકાશ ન હોય તો આપણને કયાંય પ્રવેશ જ ન મળે. એક મકાનમાં પ્રવેશ કર્યો પરન્તુ ત્યાં જગ્યા હતી તો પ્રવેશ કર્યો એવી જ રીતે સમસ્ત લોક–અલોક રૂપ અનન્ત બ્રહ્માણ્ડમાં અનન્ત આકાશ છે. આકાશને અલોકની અપેક્ષાએ અનન્ત કહ્યો છે. કારણ કે ત્યાં કયારેય અન્ત જ નથી આવતો. જયારે લોકાકાશ સીમિત–મર્યાદિત ચૌદ રાજ-

લોક પૂરતો સીમિત છે. માટે એને લોકાકાશ કહીએ અને લોક બાહ્ય આકાશને અલોકાકાશ કહીએ છીએ. જે કંઈ પણ જીવ કે જડ પદાર્થો બધા છે તે આ લોકાકાશમાં જ છે. અને બાહ્ય અલોકાકાશમાં માત્ર આકાશ સિવાય કંઇ જ નથી. માટે તેને શૂન્યાકાશ ૦ એક શૂન્યની જેમ ખાલી જગ્યા કહી શકાય છે. ત્યાં ધર્માસ્તિકાય કે અધર્માસ્તિકાય જેવા પદાર્થો જ નથી માટે કોઈ પણ જીવ-કે જડ ગતિ આદિ કરીને ત્યાં જઇ શકતા જ નથી. બાકી લોકાકાશ અને અલોકાકાશ બન્ને એક સરખા જ દ્રવ્યો છે. કારણકે બન્ને મળીને અનન્ત આકાશ એક અખંડ દ્રવ્ય છે. પ્રદેશ સમૂહાત્મક અસ્તિકાયવાન્ દ્રવ્ય છે. એનો સ્વભાવ જ છે કે જગ્યા આપવી. અવ્યાબાધ ગુણયુક્ત અદૃશ્ય-અરૂપી પદાર્થ છે. બહાર ઉપર જોતાં જે વાદળી પદાર્થ છવાયેલો દેખાય છે તે કંઇ આવરણ કે પરદો નથી. અન્ત વગરનો અનન્ત છે. A Medium of space. જગ્યા આપનારૂં માધ્યમ તે આકાશ કહેવાય છે.

વિચાર કરો ! કે આ આકાશ શું બનાવવામાં આવ્યું છે ? કોઈ ઇશ્વર દ્વારા બનાવાયું હોય એવું સંભવ લાગે છે? પરન્તુ સાફ કહે છે કે ઇશ્વર જ્યારે ઉત્પન્ન થયા ત્યારે પણ આકાશનું અસ્તિત્વ તો હતું જ પછી બનાવવું શું પડ્યું ? ઇશ્વર ઉત્પન્ન થનારા છે માટે અનિત્ય વિનાશી છે જ્યારે આકાશ વગેરે આ ત્રણે પદાર્થો ઉત્પન્ન થવાના સ્વભાવવાળા નથી. કોઇ એમને ઉત્પન્ન કરતું નથી. સદાકાળ સ્થાયી અમૂર્ત પદાર્થો નિત્ય અવિનાશી પદાર્થો છે. પછી સૃષ્ટિ કે પ્રલયનો પ્રશ્ન જ ક્યાં ઉત્પન્ન થાય છે ? જે અનિત્ય છે તે જ બને છે. ઉત્પન્ન થાય છે. જે ત્રિકાળ નિત્ય છે. તે અનુત્પન્ન છે. નિત્ય અવિનાશી છે.

**(૪) પુદ્ગલાસ્તિકાય**




સમસ્ત બ્રહ્માડમાં પ્રસરેલા અનન્ત પુદ્ગલો પણ પોતાનું અગત્યનું સ્થાન ધરાવે છે. જડ પદાર્થો જે છે તેને પુદ્ગલ સંજ્ઞા આપી છે. પૂરણ-ગલન સ્વભાવવાળા પદાર્થ પુદ્ગલ છે. આ જગતમાં માત્ર બે જ પદાર્થો છે. એક તો ચેતન-આત્મા અને તે સિવાય બીજા પદાર્થ

જે અસ્તિત્વ ધરાવે છે તે છે અજીવ. અજીવના ભેદોમાં પુદ્ગલ છે. જેટલીય બાહ્ય ભૌતિક પૌદ્ગલિક વસ્તુઓ દેખાય છે તે બધી પુદ્ગલની બનેલી છે.

જૈન દર્શનકારે એક પુદ્ગલ વસ્તુની જ શોધ મોટામાં મોટી કરી આપી છે. અને એમાંની જ સંખ્યા વધારીને એક એક પદાર્થોને છૂટા પાડીને વિજ્ઞાન તેને અલગથી Matter કહે છે. તે Eleements ની સંખ્યા ૧૧૩ ની ઉપર બનાવી છે. વર્ષોથી જેમ જેમ શોધાતા ગયા તેમ તેમ પદાર્થોની સંખ્યા વિજ્ઞાન વધારતું જ ગયું. પણ જૈન દર્શનને હવે કોઈ શોધ કરવાની રહેતી જ નથી. કારણ કે અનન્ત કેવલજ્ઞાની સર્વજ્ઞ ભગવંતોએ બધી શોધો કરીને જગત્ સમક્ષ મુકી દીધી છે. હવે નવું કંઈ જ કરવાનું રહેતું નથી.

"वण्ण–गंध–रसा फासा–पुग्गलाण तु लक्खण।"

વર્ણ-ગંધ-રસ અને સ્પર્શાત્મક જે છે તે પુદ્ગલ છે. જે પદાર્થને રૂપ-રસ-ગંધ અને સ્પર્શાદિ છે તે બધા પુદ્ગલો છે. રૂપ-રંગ વાળા જ રૂપી પદાર્થો કહેવાય છે. તેને રંગ હોવાથી આંખે દેખાય છે. પરન્તુ આત્મા, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય વગેરેને રૂપ-રંગ કાંઈ જ નથી. માટે તે અરૂપી અદૃશ્ય, અમૂર્ત છે. પછી ક્યાંથી દેખાય? સંભવ નથી.

શું ન દેખાય તો ન માનવા? નહીં આ અંગે નિયમ શું છે? વસ્તુને કેવી રીતે અને કયા કારણથી માનવાની છે? વસ્તુ છે માટે માનવાની છે કે વસ્તુ દેખાય છે માટે માનવાની છે? વસ્તુ હોય ત્યારે મનાય કે પછી વસ્તુ દેખાય ત્યારે માનવા લાયક છે? વસ્તુ દેખાય ત્યારે માનવી એનો નિયમ બનાવી શકતા નથી. પરમાણું કે હવા, કે ધ્વનિ શબ્દો વગેરે ઘણાં પદાર્થો હોવા છતાં નથી દેખાતા માટે ન માનવા? ના છે, અસ્તિત્વ ધરાવે છે, સત્ સ્વરૂપે અસ્તિત્વ છે માટે માનવાના છે. આ નિયમ ઉપર ચાલવું વ્યાજબી છે. દેખાવું એ વસ્તુનો

ગુણધર્મ નથી. વસ્તુ પોતાના ગુણોથી અસ્તિત્વ ધરાવે છે. અને વ્યવહારમાં ગમ્ય-ગ્રાહ્ય બને છે. ધર્માસ્તિકાય આદિ પદાર્થો ને તેમના ગુણાધારે મનાય છે.

**ચલણ સહાવો ધમ્મો, થિર સંઠાણો અહમ્મો ય ॥૯॥**
**અવગાહો આગાસં, પુગ્ગલ જીવાણ.........॥**


ગતિ સહાયક સ્વભાવવાળો ધર્માસ્તિકાય, સ્થિતિ સહાયક ગુણવાળો અધર્માસ્તિકાય અને પુદ્ગલ તથા જીવોને અવકાશ આપનાર આકાશાસ્તિકાય પદાર્થ છે. આ રીતે બધા ગુણોથી સભર સ્વતંત્ર દ્રવ્યો અસ્તિત્વ ધરાવે છે. તે તેમના ગુણોના આધારે જ ગ્રાહ્ય બને છે. દૃષ્ટિ ગોચર નથી થતા દષ્ટિ આદિથી ગ્રાહ્ય નથી. ઇન્દ્રિયોથી ગ્રાહ્ય પદાર્થો તો પુદ્ગલના બનેલા પૌદ્ગલિક છે. કારણ કે પુદ્ગલના રૂપ-રસ-ગંધ સ્પર્શાદિ ગુણો છે. લાલ-લીલા-પીળા-કાળા સુગંધિત, દુર્ગંધીત, ઠંડા, ગરમ, હલ્કા-ભારી, શબ્દ ધ્વનિ વગેરે ગુણો ધરાવતા પુદ્ગલ પદાર્થો જ ઇન્દ્રિય ગ્રાહ્ય છે. કારણ ઇન્દ્રિયો તેમને ગ્રહણ કરવા યોગ્ય છે

| ૫ ઇન્દ્રિયો | શરીરના અંગ | વિષયો | સંખ્યા |
|---|---|---|---|
| (૧) સ્પર્શેન્દ્રિય | – ચામડી – | સ્પર્શ | ૮ |
| (૨) રસનેન્દ્રિય | – જીભ – | રસ | ૫ |
| (૩) ઘ્રાણેન્દ્રિય | – નાક – | ગંધ | ૨ |
| (૪) ચક્ષુ ઇન્દ્રિય | – આંખ – | રૂપ (વર્ણ)– | ૫ |
| (૫) (શ્રવણેન્દ્રિય) કર્ણેન્દ્રિય. | – કાન – | ધ્વનિ – | ૩ |
| | | | ૨૩ |

આ રીતે પાંચ ઇન્દ્રિયો ૨૩ વિષયોને ગ્રહણ કરે છે. જે પદાર્થો ઇન્દ્રિયો વડે ગ્રહણ કરાય છે તે પુદ્ગલના બનેલા છે. પૌદ્ગલિક છે. અને જે ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ નથી કરાતા તે અપૌદ્ગલિક છે. પુદ્ગલ

થી જૂદા છે. તે ધર્માસ્તિકાયાદિ છે. તેમને રૂપ-રંગ-રસ-સ્પર્શાદિ ગુણો નથી અરૂપી, છે. રૂપ-રંગ વગરના છે માટે આત્મા આદિ પદાર્થો આંખે કયાંથી દેખાય ? પાંચમાંથી કોઈ પણ ઇન્દ્રિયથી ગ્રાહ્ય કેવી રીતે બને ? તેને યોગ્ય ગુણો જ નથી.

વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિ




ગુણ-ગુણીને આશ્રયે-આધારે રહે છે. ગુણી વિના ગુણ સ્વતંત્ર રહેતા નથી. વર્ણ ગંધ-રૂપ-રસ-સ્પર્શાદિ ગુણો બતાવવા માટે તેમના આશ્રયિ પદાર્થોને આ ચિત્રમાં દર્શાવ્યા છે. તેમની સંખ્યા તથા નામાદિ નો નિર્દેશ પણ સ્પષ્ટ કર્યો છે. તે જોવાથી ખ્યાલ આવી જશે,


પુદ્ગલ પદાર્થો

**સદ્દન્ધયાર ઉજ્જોઅ, પભા છાયાઽતવે હિ ય ।**
**વણ્ણ ગંધ રસા ફાસા, પુગ્ગલાણં તુ લક્ખણં ॥**




આ સાથેના ચિત્રો પુદ્ગલ પદાર્થોના છે, તે જોવાથી પુદ્ગલ જન્ય પૌદગલિક પદાર્થોનો સ્પષ્ટ ખ્યાલ આવી જશે. જે શબ્દ આપણે બોલીએ છીએ તે બધા પુદ્ગલ છે. ધ્વનિ રૂપે પ્રસરે છે. અને કર્ણે-ન્દ્રયથી ગ્રાહ્ય બને છે. રેડિયો-ટેલીફોન આદિ યન્ત્રોના માધ્યમથી ગ્રહણ કરાય છે.

ઉદ્યોત — સૂર્યનો પ્રકાશ છે. પ્રકાશ એ સ્વતંત્ર દ્રવ્ય છે. અંધકારનો અભાવ નથી. પ્રકાશ પણ પૌદ્ગલિક છે, એનું જ માધ્યમ ટેલિવિઝન માટે લેવાયું છે. એ યન્ત્ર પ્રકાશ કિરણોને ગ્રહણ કરીને ચિત્રો રજુ કરે છે.




છાયા—પણ પુદ્ગલ છે. Photo ચિત્રો ને છાયાચિત્ર કહેવાય છે.

અંધકાર —અંધારૂં સ્વતંત્ર પુદ્ગલ દ્રવ્ય છે. એનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ છે. શ્યામ વર્ણ છે.


આતપ—સૂર્યકાન્ત મણિ, સૂર્ય આદિનો ઉષ્ણ પ્રકાશ. તડકો તેને આતપ કહેવાય છે.

પ્રભા Reflection તરીકે જે પ્રકાશ પડે છે. સામે ભીંત ઉપર તડકો પડયા પછી સામે તેનો પ્રકાશ પડે છે તે પ્રભા કહેવાય છે. આ બધા પુદ્ગલ પદાર્થો છે. વિજ્ઞાન જડ વિજ્ઞાન તરીકે ઓળખાય છે. માટે તેને માત્ર ભૌતિક પદાર્થોને જ સ્વીકાર્યા છે. એટલે તેની જ શોધ કરે છે. પુદ્ગલ પદાર્થો જ યન્ત્ર કે સાધન ગ્રાહ્ય બને છે. અને તે જ ઈન્દ્રિય ગ્રાહ્ય બને છે.

અજીવ પદાર્થના ૧૪ ભેદો

| ધર્માસ્તિકાય | અધર્માસ્યિકાય | આકાશાસ્તિકાય | કાળ | પુદ્ગલાસ્તિકાય |
|---|---|---|---|---|
| ૩ | ૩ | ૩ | ૧ | ૪=૧૪ |
| સ્કંધ દેશ પ્રદેશ | સ્કંધ દેશ પ્રદેશ | સ્કંધ દેશ પ્રદેશ | ૧ | સ્કંધ દેશ પ્રદેશ પરમાણુ |


धम्माधम्मागासा, तिय तिय भेया तहेव अध्धा य ।
खंधा देस पएसा, परमाणु अजीव चउदसहा ॥




ચિત્રમાં દર્શાવ્યા પ્રમાણે એક અખંડ દ્રવ્ય સ્વતંત્ર સ્કંધ કહેવાય છે. તેનો નાનો એક ભાગ તે દેશ કહેવાય છે. અને સર્વથી નાનો એક અવિભાજ્ય અંશ જ્યાં સુધી સ્કંધની સાથે જોડાયેલો ત્યાં સુધી તે પ્રદેશ કહેવાશે. અને તેજ પ્રદેશ સ્કંધથી છૂટો પડી ગયા પછી પરમાણું કહેવાય છે. આ જ વાત બીજા દૃષ્ટાન્તથી પણ સમજી શકાશે. ઉદાહરણાર્થે એક આખો અખંડ લાડવો તે સ્કંધ કહેવાય. અને તેનો અંશ ભાગ તે દેશ કહેવાશે, અને તેનો એક અવિભાજ્ય ભાગ જો સ્કંધ સાથે જ સંકળાયેલો હોય તે પ્રદેશ કહેવાશે અને અન્તે તે સ્કંધથી છૂટો પડેલો પ્રદેશ અવિભાજ્ય પુદ્ગલનો અંશ તે પરમાણું કહેવાય છે. અણું અને પરમ અણું બન્ને એક જ અર્થમાં પ્રયોજાયેલા શબ્દો છે. વર્તમાન વિજ્ઞાન એક અણુની સાથે ઇલેટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન અને નવા સંદર્ભમાં પોજિઝટ્રોન પણ માને છે. અને પરમાણું વિભાજિત થઇ શકે છે. એવી માન્યતા છે. માટે સ્થુલવિજ્ઞાનની ઘણી માન્યતાઓ સંદિગ્ધ છે.

ધર્માસ્તિકાય વગેરેના પરમાણુઓ નથી હોતા. કારણ કે તે એક અખંડ વસ્તુ છે. તે વિભાજિત થતી નથી. માટે તેનો પ્રદેશ છૂટો પડતો નથી. માટે તે ત્રણેના ૩–૩ ભેદો સિદ્ધ થાય છે. જ્યારે પુદ્ગલ સ્કંધમાંથી પ્રદેશ છૂટો પડે છે. એટલે તે પરમાણુ કહેવાય છે.

પુદ્ગલની અષ્ટ મહાવર્ગણાઓ-




પુદ્ગલાસ્તિકાય એક જાતિ છે. પરમાણુથી અચિત મહાસ્કંધ સુધી પુદ્ગલની જ જાતીઓ છે. આ બધી પુદ્ગલ વર્ગણાઓ સ્વભાવત: છે. વર્ગણા એટલે પુદ્ગલ પરમાણુઓનો પિંડ જથ્થો સમૂહ...ચૌદ રાજલોકના બ્રહ્માણ્ડમાં ઠાંસીઠાંસીને ભરેલો છે. આમ તો ૧૯ વર્ગણાઓ છે. પરન્તુ મૂળભૂત ૮ છે. માટે અષ્ટ મહાવર્ગણા કહેવાય છે. આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે-(૧) ઔદારિક (૨) વૈક્રિય (૩) આહારક (૪) તૈજસ, (૫) શ્વાસોચ્છવાસ, (૬) ભાષા, (૭) મન, અને (૮) કાર્મણ નામથી ઓળખાતી આ આઠ મહાવર્ગણાઓ છે. જીવ આ વર્ગણાઓને ગ્રહણ કરીને પોતાની રીતે પરિણમાવે છે. તેમાંથી શરીરાદિ બનાવે છે. ઔદારિક વર્ગણા ગ્રહણ કરીને જીવ શરીર બનાવે છે. દેવતાઓ નારકીઓ વગેરે વૈક્રિય વર્ગણા ગ્રહણ કરીને શરીર બનાવે છે. આહારક લબ્ધિધારી મુનિ આહારક વર્ગણા ગ્રહણ કરીને આહારક શરીર બનાવે છે. તૈજસ વર્ગણાથી તૈજસ શરીર બને છે. શ્વાસ લેવા યોગ્ય શ્વાસોચ્છવાસ વર્ગણા છે. બોલવા માટે ભાષા વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ ખેંચીને બોલાય છે. અને વિચાર કરવા માટે જીવ મનો

વર્ગણાના પુદ્દગલપરમાણુઓનો જથ્થો ખેંચીને તેનો પિંડ બનાવી વિચાર કરે છે તે મન કહેવાય છે. અને અન્તે જીવ વાતાવરણમાંથી કાર્મણ વર્ગણાના પુદ્દગલ પરમાણુઓને રાગ-દ્વેષાદિભાવથી ખેંચે છે. આકર્ષે છે અને તે પરમાણુઓનો પિંડ તે કર્મ કહેવાય છે. કર્મ પણ જડ છે. મન પણ જડ છે. ચેતન આત્મા ચેતના શક્તિમાન જીવ છે. આ જીવ જ સ્વયં કર્તા છે. કર્તૃ શક્તિ જીવમાં છે. માટે આઠે વર્ગણાઓને લેવી ખેંચવી, પરિણમાવવી એ જીવનું કામ છે. ચેતન જીવ વિના આ કોઇ કરી ન શકે.

પુદ્દગલ પદાર્થો છે. અને તેને લઈને જીવ શરીર આદિ બનાવે છે. એમાં ઇશ્વરને વચ્ચે લાવવાની ક્યાં આવશ્યકતા પડી? જીવ માતાના ગર્ભમાં જાય છે. માતા-પિતાના રજ-વીર્યના પુદ્દગલો ગ્રહણ કરીને ગર્ભમાં રહે છે. માતાના આહારમાંથી ઔદારિક પુદ્દગલની વર્ગણાને સતત ગ્રહણ કરતો કરતો ૬ પર્યાપ્તિઓ વગેરે બનાવે છે. જીવસ્વયં બનાવે છે માટે સાડા નવ માસનો સમય લાગે છે. જો ઇશ્વર આ દેહની રચના કરતા હોત તો સાડા નવ માસ શેના લાગે? ઈશ્વર તો જાદુગરની જેમ ચપટી વગાડતાં જ બધું બનાવી દે છે તો પછી પ્રશ્ન જ ક્યાં રહ્યો? અને જો ઈશ્વર એક શરીર બનાવવા બેસે અને એક કામમાં સાડા નવમાસ લઈ લે તો તેના માથે હજારો કામો છે, અનન્તા કાર્યો છે. અનન્તા પદાર્થો બનાવવાના છે તો પછી એ બધા પદાર્થો બનાવતાં કેટલો કાળ લાગે? કેટલા વર્ષો? કે યુગો લાગે? અત્યાર સુધી કામો તો રોજ ચાલ્યા જ કરે છે તો પછી શું સમજવું ઇશ્વર ને રોજ કામ રહે છે કે નિરાંતે શાંતિથી ઊંઘે છે? અને જો આ રીતે રોજ જ બનાવવાની જવાબદારી રહેતી હોય તો ઈશ્વર સદાકાળ બનાવતો જ રહે? રોજ કેટલા ગર્ભો રહે છે? રોજ કેટલા જીવો ધરતી ઉપર જન્મે છે વગેરે સંખ્યા જોતાં લાખોની થાય...તો ઇશ્વરને એક એક જીવની પાછળ કેટલા રૂપ કરવા પડે? અને કેટલા રૂપે કેટલા હાથે કામ કરવું પડે? રોજ કેટલા ગર્ભો રાખવા, શરીર બનાવવા, અને ગર્ભો પાડવા વગેરે.તેમજ જન્મેલાને મોટો કરવો અને અન્તે મૃત્યુ નિપજાવીને ફરીથી બીજી ગતિમાં, બીજા જન્મમાં પેલા જીવને મોકલવો, લઇ જવો...અને એવી જ રીતે અનન્તા જીવોને મૃત્યુ પછી

બીજી ગતિ-જન્મમાં લઈ જવો ત્યાં પાછો બીજો જન્મ અપાવવો ત્યાં ગર્ભમાં રાખવો કે ઇંડાંમાં મૂકવો કે પછી પોતજ-અંડજ વગેરેના જન્મોમાં મૂકવો વગેરેની રામાયણ શરૂ કરવાની. અને ફરી પાછા ગર્ભમાં કે ઇંડામાં એ જીવના અંગોપાંગો યુક્ત આખું શરીર બનાવવું અને પછી જન્મ-જીવન અને મૃત્યુની બધી જ પ્રક્રિયા કરવી આ બધું કરતા જ રહેવું પડે. ઇશ્વરના માથે જ આ બધી જવાબદારી રહે. કારણ કે તે જ કર્તા છે.

ઇશ્વરને આ કામ તો સતત નિરંતર અવિરતપણે કરતા જ રહેવું પડે. જે જીવોને ઇશ્વરે બનાવ્યા તે જીવોની સેવા કહો કે નોકરી...કહો કરવાનું તો બધું ઇશ્વરને જ કારણ કે... ઇશ્વર જ કર્તા છે. જીવ તો કંઇ છે જ નહી જીવની ઇચ્છા તો ચાલતી જ નથી. એક માત્ર ઈશ્વરની જ ઇચ્છા ચાલે છે. માટે બીજા કોઈ જીવને કંઇ જ કરવાનું ન રહે એક માત્ર ઈશ્વરને જ કરવાનું રહે.

બીજી બાજુ જીવો કેટલા? અનન્તા... જન્મે-મરે છે કેટલા? અનન્તા...એટલે પછી કાંતો એક જ ઈશ્વરને અનન્તા રૂપ ધારણ કરવા પડે....અને કાં પછી અનન્તા સ્વતંત્ર ઇશ્વરોની વ્યવસ્થા કરવી પડે. કારણ કે એક એક જીવની પાછળ એક એક ઈશ્વરને મૂકે પછી તે એક ઈશ્વર સ્વયં સ્વતંત્ર ઈશ્વર છે કે પછી એક જ ઇશ્વરના અનન્તા રૂપોની જ પ્રતિકૃતિ છે? ગમે તે હોય પણ હોવા જોઈએ એ વાત સ્પષ્ટ થઈ જ ગઈ. અને તે પણ એક એક જીવની પાછળ એક એક ઇશ્વર અનન્તકાળ સુધી ફાળવી જ રાખવા પડે. કારણ કે એક જીવ કેટલીવાર જન્મશે અને કેટલીવાર મરશે? એનો કોઈ હિસાબ જ નથી. જ્યાં સુધી જીવ મોક્ષે નહીં જાય અથવા જ્યાં સુધી જીવ સ્વયં શિવ નહીં થાય ત્યાં સુધી તો એ જીવ ૮૪ લાખ જીવ યોનિયોમાં જન્મ-મરણ ધારણ કરતો જ રહેશે... એક જ જન્મમાં તો અનન્ત કાળ રહેવાનો નથી. બીજી ગતિ-જાતિમાં જવું જ પડશે. અને તેમાં પણ પાછી પોતાની ઇચ્છા તો કામ જ નહી આવે. એક માત્ર ઈશ્વરેચ્છા જ કામ આવશે. કારણ કે જીવ તો માત્ર કઠપૂતળી-રબરનું પૂતળું છે. તેમાં તો કંઈ જ નથી. પ્રતિબિંબ માત્ર છે. એકમાત્ર ઇશ્વર જ બ્રહ્મ સ્વરૂપ છે. તો જેનું આ પ્રતિબિંબ છે. તેમાં ક્રિયા તો ઇશ્વર

વડે જ થવાની છે. વ્યક્તિ જેમ નાચે-કૂદે-ચાલે ફરે તેમ અરીસામાં પ્રતિબિંબ પડે છે તે જ પ્રમાણે ઈશ્વરમાં જે જે ક્રિયા વગેરે થશે તેનું જ પ્રતિબિંબ જીવમાં પડશે એવું ઈશ્વરવાદીઓનું માનવું છે. તો પછી દરેકે દરેક પુતળારૂપ જીવોની પાછળ કેટલા ઈશ્વરોને અથવા કેટલારૂપે ઇશ્વરને સતત હાજર રહેવું પડશે? ઈશ્વર સતત જીવો પાછળ જ જો રોકાયેલો રહેશે તો પછી સૃષ્ટિની બીજી વ્યવસ્થા કેવી રીતે સંભાળશે? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આદિના, હજારો કામો કરવાની જવાબદારી ઈશ્વરના માથે જ રહેવાની છે.

તો પછી પ્રશ્ન થાય છે આ બધું ઇશ્વર શા માટે કરે છે? નિરર્થક દ્રાવિડ પ્રાણાયામ કરવાનો અર્થ શું? જેમ કરોળીયો પોતે જ જાળ બાંધે છે અને પોતે જ તેમાં ફસાય છે તે જ પ્રમાણે ઈશ્વરના માટે પણ એવું જ થઇ ગયું ઇશ્વર પોતે જ સૃષ્ટિ બનાવે છે અને પોતે જ આ સૃષ્ટિમાં, સૃષ્ટિની વ્યવસ્થામાં, સૃષ્ટિના કાર્યોમાં પાછો પોતે જ સપડાઈ જાય છે. સંડોવાઈ જાય છે. તો શું ઇશ્વરની ઈચ્છા દુઃખદાયિ નથી. આવું મિથ્યાભૂત જગત્ ઈશ્વર શા માટે બનાવે છે?

આ બધા હજાર વિચારો કરીને ઇશ્વરના સ્વરૂપને વિકૃત કરવું એનાં કરતાં તો સીધો અને સરલ માર્ગ એક જ છે કે જીવને જ પોતાના શરીર-સંસારાદિનો કર્તા માની લો. જન્મવું મરવું એક ગતિથી બીજી ગતિમાં આવવું જન્મો ધારણ કરવા વગેરે અનન્તા કાળ સુધી પણ જીવ જે કંઇ પણ કરે તે બધું જીવ પોતે જ કરે છે. જીવ પોતે પોતાના શુભા-શુભ કર્મ પ્રમાણે કરે છે. પોતાને જ કરવાનું છે અને ફળ પણ પોતાને જ ભોગવવાનું છે પછી ઇશ્વરને વચ્ચે લાવવાનો પ્રશ્ન જ કયાં રહ્યો? આ જૈન દર્શનનું કહેવું છે. માટે આ સત્ય હકીકત સ્વીકારવાથી નિરર્થક ઇશ્વરના માથે થતું દોષારોપણ બચી જશે.

**કર્મના કારણે જીવ સૃષ્ટિ—**

જૈન દર્શન સમસ્ત લોક-બ્રહ્માણ્ડની સમસ્ત સૃષ્ટિને કર્મસંયોગે માને છે, સમસ્ત લોકમાં મૂળભૂત બે જ દ્રવ્યો અસ્તિત્વ ધરાવે છે.

મૂળ દ્રવ્યો ૨

- જીવ
- અજીવ
  - ધર્માસ્તિકાય,
  - અધર્માસ્તિકાય,
  - આકાશાસ્તિકાય,
  - કાળ,
  - પુદ્ગલાસ્તિકાય,

આ પ્રમાણે સમસ્ત દ્રવ્યોનું વિભાજન એક માત્ર જડ અને ચેતનના બે ભાગમાં થાય છે. અને પછી તે બન્ને જડ અને ચેતન પદાર્થોના સંયોગ-વિયોગ થતા જ રહે છે. જીવ જ્યારે જડ પદાર્થનો સ્વેચ્છાથી સ્વપ્રવૃત્તિથી સંયોગ કરશે ત્યારે પોતે જ પોતાની મેળે પોતાની રીતે જોઈતું બધું બનાવશે. અને એ પ્રક્રિયામાં જડ પુદ્ગલ પદાર્થના પરમાણુઓ અથવા સ્કંધો આદિ લઈને બનાવશે. અને મૃત્યુ પામીને જશે ત્યારે તે જ બનાવેલા પદાર્થોનો વિયોગ થશે. તે પદાર્થો અહીં જ પડયા રહેશે. બીજા જીવો તેનો ઉપયોગ કરશે. તે પણ જડ પૌદ્ગલિક રૂપે રહેશે. અને આ રીતે અનન્તા જીવો છે. પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુથી લઈને છેક મનુષ્ય દેવતા સુધી સર્વમાં જીવો માની લઈએ પછી પ્રશ્ન જ ક્યાં રહ્યો ?

જેમ મનુસ્મૃતિમાં લખ્યું છે તેમ ઇશ્વરને જીવોની આ સૃષ્ટિ બનાવવાની...અને દરેક યોનિના જીવો ઈશ્વરને બનાવવાની આવશ્યક્તા જ નથી. જૈન દર્શન કહે છે કે જીવો સ્વયં પોતાના ઉપાર્જન કરેલા કર્મો પ્રમાણે ગતિ, જાતિ, યોનિ વગેરે પોતાની મેળે જ ધારણ કરે છે. એમાં ઈશ્વર કારણ નથી. જીવ સ્વયં કારણ છે. એ રીતે સમસ્ત જીવોની સૃષ્ટિ આ પ્રમાણે છે. (જીવ વિચારમાં બતાવ્યા પ્રમાણે જીવોનું કોષ્ટક—

- સંસારી જીવો
  - ત્રસ
    - વિકલેન્દ્રિય
      - બેઇન્દ્રિય
      - તેઇન્દ્રિય
      - ચઉરિન્દ્રિય
    - સકલેન્દ્રિય
      - પંચેન્દ્રિય
        - તિર્યંચ
          - જલચર
          - સ્થલચર
          - ખેચર
        - નારક
        - મનુષ્ય
        - દેવતા
  - સ્થાવર
    - પૃથ્વીકાય
    - અપ્કાય
    - અગ્નિકાય
    - વાયુકાય
    - વનસ્પતિકાય

આ પ્રમાણે સંક્ષેપથી સંસારીજીવોનું વિભાજન કરવામાં આવ્યું છે. આ રીતે જીવો એક-પછી બીજી યોનિયોમાં ઉત્પન્ન થતા જાય છે. જન્મ-મરણો થતાં જ જાય છે. જીવો સ્વયં પોતાના કરેલા શુભ-અશુભ કર્મો પ્રમાણે એક-પછી બીજી ગતિમાં જતા જ રહે છે. ચારે ગતિમાં અને પાંચે જાતિમાં જીવો સતત પરિભ્રમણ કરતાં જ રહે છે. આનું જ નામ સંસાર છે. આ જીવ સૃષ્ટિ છે. જીવે પોતે બનાવેલા પોતાના શરીરો પ્રમાણે તેમના પર્યાયોથી તે ઓળખાય છે. પછી ઇશ્વરને વચ્ચે લાવવાની જરૂર જ ક્યાં રહી ? પછી ઇશ્વરને શું બનાવવાનું રહ્યું ? જીવ સ્વયં પોતે જ બધું બનાવી લે છે તો પછી ઇશ્વરના ફાળે શું આવ્યું ?

અને જીવ જ જો કર્તા છે તો પછી જીવને જ ઇશ્વર માનવો પડશે ? ઇશ્વરને નિષ્પ્રયોજન-નિરર્થક સ્વીકારવો પડશે. કારણ કે એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધી સર્વત્ર જીવો છે. સૂક્ષ્મથી લઇને સ્થૂલ સુધી સર્વત્ર જીવો છે. પૃથ્વી-પાણીથી જીવસૃષ્ટિ આગળ વધે છે તો છેક મનુષ્યો અને સ્વર્ગના દેવતાઓ સુધી છે. પછી તો જીવની સ્વનિર્મિત સૃષ્ટિ જ મોટી વિશાળ સૃષ્ટિ થઈ ગઈ. ઇશ્વરના ફાળે બનાવવાનું શું બચ્યું ? અને ઇશ્વરને જો કંઇ જ બનાવવાનું રહ્યું નહીં તો પછી ઇશ્વરના નામે સૃષ્ટિને તરતી મૂકવી એટલે પત્થરના માથે માણસને તરતો મૂકવા જેવી વાત થશે ? ઇશ્વર તો પછી કંઈજ કામના નથી રહ્યા. હા. બરોબર છે. સમસ્ત જગતમાં-સંસારમાં જે કંઈ છે તે જીવની સૃષ્ટિ છે. જીવે સ્વકર્મયોગે પુદ્ગલ અજીવ પદાર્થ સાથે સંયોગ-વિયોગ કરીને પોતાની સૃષ્ટિ રચે છે. પોતાનો સંસાર બનાવ્યો છે. એ રીતે દરેકે દરેક જીવને વ્યક્તિગત સ્વતન્ત્ર ગણીએ અને પછી સમસ્ત જીવોનો પિણ્ડીભાવ ગણીએ એટલે સમસ્ત બ્રહ્માણ્ડ-એમાં આવી ગયું. બસ આ જ સત્ય છે. વાસ્તવિકતા છે. માટે ઇશ્વરની બનાવેલી આ સૃષ્ટિ માનવાની જરૂર જ નથી રહેતી.

**સૃષ્ટિની શાશ્વત વ્યવસ્થા—**

પ્રાચીન સાંખ્ય, પૂર્વમીમાંસકો, જૈમિનિ સંપ્રદાય, ભટ્ટ પ્રભાકર બૌદ્ધો અને જૈન દર્શનવાદીઓ આ સૃષ્ટિને અનાદિસિદ્ધ માને છે. જ્યારે નવ્ય વેદાન્ત, ન્યાય-વૈશેષિક, પ્રાતંજલ, નવીનસાંખ્ય, કુરાન

વાદી મુસ્લીમો, ઉપનિષદ્-પુરાણવાદીઓ અને બાઇબલવાદી ખ્રિસ્તીઓ, પારસીઓ વગેરે સૃષ્ટિને જગતકર્તા ઈશ્વરના હાથની બનાવેલી માને છે. આ પ્રમાણે જગતમાં સૃષ્ટિ વિષે સ્વતંત્રપણે બે મુક્ત વિચારસરણિ પ્રવર્તે છે.

જૈન દૃષ્ટિએ અનાદિ-અનન્ત શાશ્વત આ જડ-ચેતનની સમસ્ત સૃષ્ટિમાં ચૌદ રાજલોકમાં બધા જીવો પોતપોતાના નિયત સ્થાને જ ઉત્પન્ન થાય છે. કર્મ સંયોગે જીવાત્મા તે તે ગતિમાં જાય છે, ત્યાં જન્મ ધારણ કરે છે. ગતિ યોગ્ય વૈક્રિય, ઔદારિક આદિ શરીરો બનાવી લે છે. દેહ રચના સ્વયં જીવ પોતે જ કરે છે. ભલે પછી તે માતાના ગર્ભમાં જાય કે-સ્વર્ગ-નરકમાં જાય અથવા તિર્યંચ ગતિમાં પશુ-પક્ષી બને સર્વત્ર દેહ યોગ્ય ઔદારિક-વૈક્રિય આદિ કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ ગ્રહણ કરે છે. અને તેને શરીરરૂપે પરિણમાવે છે. અને પછી તે શરીરમાં આયુષ્ય કર્માનુસાર નિશ્ચિત-નિયતકાળ સુધી જીવે છે. રહે છે. સ્વર્ગીય દેવતાઓ માટે દેવલોક-સ્વર્ગ છે. તે ઉર્ધ્વલોકનું ક્ષેત્ર જ તેમના માટે યોગ્ય છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, અને વૈમાનિક આ ચાર જાતિઓ દેવતાઓની છે. ભવનપતિના પરમાધામીઓ ૩ નરક પૃથ્વીઓમાં રહે છે. વ્યંતરો તિર્ચ્છાલોકમાં પણ રહે છે. વૈમાનિકના કલ્પોપપન્ન દેવતાઓ ૧૨ દેવલોકમાં ઉત્પન્ન થાય છે, અને કલ્પાતીત દેવતાઓ તેની ઉપર ૯ ગ્રૈવેયક અને ૫ અનુત્તર એમ ૧૪ રૂપે ઉત્પન્ન થાય છે. અને સર્વોપરી-ચૌદરાજલોકના ઉપરના છેડે ૪૫ લાખ યોજનની સિદ્ધશીલા આવેલી છે. ત્યાં ૧૫ ભેદે સિદ્ધ થયેલા સિદ્ધ પરમાત્માઓનો વાસ રહે છે.

તિર્ચ્છાલોકમાં મનુષ્યો અને તિર્યંચ પશુ-પક્ષીઓ વસે છે. તિર્ચ્છાલોકમાં અસંખ્ય-દ્વીપ-સમુદ્રો છે. તેમાંથી અઢી દ્વીપ સમુદ્રોમાં મનુષ્યોની વસતિ છે. પછી ક્રમશઃ આવેલા એક દ્વીપ એક સમુદ્ર એમ અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં જલચર-સ્થલચર અને ખેચર સ્વરૂપ તિર્યંચ ગતિના પશુ-પક્ષીઓની વસતિ છે. અઢી દ્વીપાન્તર્ગત જંબુદ્વીપ, લવણસમુદ્ર, ઘાતકીખંડ, કાલોદધિસમુદ્ર અને અન્તે પુષ્કરાર્ધદ્વીપ એમ ૩ દ્વીપ અને ૨ સમુદ્રો આવેલા છે. તેમાં ત્રીજા પુષ્કરાર્ધદ્વીપના અર્ધ ભાગમાં એટલે ૧૬માંથી ૮ યોજન પરિમિત માનુષોત્તર પર્વતની પૂર્વના ક્ષેત્રમાંજ મનુષ્ય વસતિ હોવાથી બે અને અર્ધો એમ અઢી દ્વીપ ક્ષેત્ર જ મનુષ્યો માટે ગણાય છે. આ અઢી દ્વીપ ૪૫ લાખ યોજન પરિમિત ક્ષેત્ર છે. જેમાં વર્તમાન સમસ્ત

દુનિયા સમાઈ જાય છે. આ અઢી દ્વીપમાં ૫ ભરતક્ષેત્રો, ૫ ઐરવત ક્ષેત્રો, ૫ મહાવિદેહ ક્ષેત્રો એમ કુલ ૧૫ કર્મભૂમિઓ, પછી ૩૦ અકર્મ ભૂમિઓ, અને ૫૬ અંતર્દ્વીપો એમ ૧૦૧ કુલ મનુષ્યોને ઉપજવાના ક્ષેત્રો છે.

નીચેના સાત રાજલોક નારકી જીવોને વસવા યોગ્ય નરક પૃથ્વીઓ છે. સાતે નરક પૃથ્વીઓમાં નારકી જીવો ઉત્પન્ન થાય છે. અને મરે છે. સ્વ-સ્વ કર્માનુસાર જીવ ચારે ગતિમાં જાય છે.

**સ્વકર્માનુસાર ગતિ-આગતિ—**

"ઈશ્વરપ્રેરિતો ગચ્છેત્" ની વાત જૈન દર્શન નથી સ્વીકારતું. સ્વયં જે જીવ જેવા શુભ-અશુભ કર્મ ઉપાર્જન કરે છે. તે અદૃષ્ટ રૂપે નિર્માણ થાય છે. અને તે તે જીવ પોત-પોતાના કરેલા કર્માનુસારે તે તે ગતિ પામે છે. જે પુણ્ય પ્રવૃત્તિમાંથી જીવ શુભ પુણ્યકર્મ બાંધ્યા હોય તેના વિપાકે સુખ પણ સ્વયં મેળવે છે, અને જે પાપ પ્રવૃત્તિના આધારે અશુભ પાપ કર્મ બાંધ્યા હોય તેના વિપાકોદયે દુઃખ પણ સ્વયં જીવ મેળવે છે, એમાં ફળદાતા તરીકે ઈશ્વરને બીજા દર્શનીઓની જેમ જૈન દર્શન વચ્ચે નથી સંડોવતો. જરૂર જ નથી, જીવ અને કર્માદિ બધા સંસારમાં કાળ તત્ત્વ સાથે સંકળાયેલા છે. માટે ઉપાર્જન કરેલા કર્મો ઠીક એના સમયે ઉદયમાં આવે છે અને જીવ સુખ-દુઃખનું ફળ પામે છે. પછી ઈશ્વરના હાથ દુઃખ આપવાથી રંગવા શા માટે ?

આ પ્રમાણે જૈન ધર્માનુસારે આખી સૃષ્ટિ લોકા લોકાકાશ પ્રમાણે છે- તેમાં ૧૪ રાજલોક પરિમિત લોકક્ષેત્ર છે. તેમાં જીવ-અજીવ બંને મૂળભૂત દ્રવ્યો સત્તા ધરાવે છે. કર્મ પ્રવૃત્ત જીવ અજીવ સાથે સંયોગમાં આવે છે અને શુભાશુભની સૃષ્ટિ ચાલે છે. કાળાન્તરે વિયોગ પણ પામે છે. સર્વથા વિયોગે મોક્ષે જાય છે. જીવનિર્મિત સંસાર જીવના કર્માનુસારે જ ચાલે છે. કોઈ ઈશ્વર કર્તાની આવશ્યકતા જૈનો નથી સ્વીકારતા. કર્મવાદની વ્યવસ્થા જૈનોના ઘરમાં ઘણી સચોટ છે. માટે જૈનોએ ઈશ્વર નિર્મિત આ સંસાર નથી સ્વીકાર્યો, જરૂર પણ નથી. જીવ-અજીવના સંયોગ વિયોગનો આ સંસાર છે. તે અનાદિ-અનન્ત શાશ્વત છે. ઉત્પત્તિ પણ નથી અને મહાપ્રલય પણ નથી. આ પ્રમાણે અહીંયા બધા પક્ષોની સ્પષ્ટ માન્યતા રજુ કરી છે. તેમાંથી સત્ય સ્વીકારવું સમ્યગ્ દૃષ્ટિ બનવું એજ અભિલાષા........ (ઈશ્વરના સ્વરૂપની સમીક્ષા આગળ કરીશું.)



卐 શ્રી શ‌ંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

પ. પૂ. મુનિરાજ શ્રી

# અરૂણવિજયજી મહારાજ

આદિ મુનિ મંડળની
પવિત્ર નિશ્રામાં

વિ. સં. ૨૦૪૪માં

પ. પૂ. સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્
વિજય ભક્તિસૂરીશ્વરજી મ.સા

## શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે. મૂ. પૂ. સંઘ

અમદાવાદ.

— ના ઉપક્રમે શ્રી સંઘ દ્વારા આયોજિત —

## 卐 ચતુર્માસિક રવિવારીય ધાર્મિક શિક્ષણ શિબિર 卐

ની અંતર્ગત ચાલતી

નવકાર વિષયક રવિવારીય સચિત્ર જાહેર વ્યાખ્યાનમાળા

## શ્રી નમસ્કાર મહામંત્રનું અનુપ્રેક્ષાત્મક વિજ્ઞાન

— ની પ્રસ્તુત પ્રકાશિત પુસ્તિકા —

પ. પૂ. આચાર્યદેવ સ્વ. શ્રીમદ વિજય ભક્તિસૂરીશ્વરજી
મ. સા. (સમીવાલા) ના પટ્ટપ્રદ્યોતક પ્રશાન્તમૂર્તિ પ.પૂ. આચાર્ય
શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાવર્તિ વિદુષી
સાધ્વી‌ચાર્યદેવ સ્વ. શ્રીમદ ‌ ‌સા. ની શિષ્યા પૂ. સાધ્વીજી
વિદુ‌ીવાલા) ના પટ્ટપ્રદ્યોતક પ્રશાન્ત‌ાધ્વીજી સુયશપ્રજ્ઞાશ્રીજીના
સદુપ‌્રેમસૂરીશ્વરજી મ. સા. ની
શ્રીમા‌દેવ સ્વ. શ્રીમદ ‌સા. ની શિષ્યા પૂ.‌ઝરવાલા (મહા.)
‌ના પટ્ટપ્રદ્યોતક પ્રશાન્ત‌ાધ્વીજી સુયશા
[illegible] ‌માં આવી છે.

PRINTED BY DILA AHD. PH. 380067 BOM. PH. 313897